સુવિચાર

દરેક વ્યકિતને જીવનમાં એકવાર તો અનુભવ થાય જ છે... કે લાગણી ખોટી નહોતી પણ ખોટી જગ્યાએ હતી...

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૩-૭-૨૦૨૪, શનિવાર
વર્ષ: ૧૩, અંક: ૧૦૮

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

# અબતક

સાંધ્ય દૈનિક

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


દેશી મઠડી જીણી
ચણાદાળ
બાલાજી
જથ્થાબંધ
મેળવવા
દયાલ દાલ અપ્પુ
98242 00970
રાજકોટ




ગ્રામીણ વિસ્તારમાં ૬ હજાર કોર્ટના લક્ષ્યાંક સામે ૪૮૧ જ સ્થપાય



આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાતા ખળભળાટ



અમેરિકાથી મોકલેલા ત્રણ ભાડુઆતી આતંકીઓનું એન્કાઉન્ટર કરતી પોલીસ



ભારતના કરદાતા પ્રમાણિકતાને કેમ પ્રાધાન્ય નથી આપતા?

### વિકાસ રૂંધાયો?

# સંસદના બજેટ સત્રમાં મોદીના 'સંવિધાન હત્યા દિવસ' સામે રાહુલની 'સંવિધાન બચાવો'ની લડાઈ જામશે

## ૨૨ જુલાઈથી શરૂ થનાર સત્ર તોફાની બની જવાના એંધાણ

**અબતક, નવી દિલ્હી**

દેશના વિકાસની વાત હવે સાઈડલાઈન થતી જઈ રહી છે. તેને બદલે પક્ષના અસ્તિત્વ અને અસ્મિતાની લડાઈ જામી રહી છે. જેના કારણે વિકાસ રૂંધાઇ રહ્યો છે. આગામી ૨૨ જુલાઈથી શરૂ થનાર સંસદનું બજેટ સત્ર આ વાતની બરાબર રીતે પ્રતીતિ કરાવનાર છે. કારણકે મોદીએ સંવિધાન હત્યા દિવસનો મુદ્દો ઉઠાવ્યો છે. તો સામે રાહુલ પણ મણિપુરમાં સંવિધાન બચાવોનો મુદ્દો લઈને સરકારને ઘેરવાની તૈયારીમાં છે.

ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર દ્વારા ''કટોકટીની યાદ અપાવવા માટે'' ૨૫ જૂનને



## પક્ષોના અસ્તિત્વ અને અસ્મિતાની લડાઈમાં વિકાસનો ભોગ લેવાઈ રહ્યો હોય તેવો ઘાટ

'બંધારણ હત્યા દિવસ' તરીકે મનાવવાના નિર્ણયથી શાસક પક્ષ અને કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષો વચ્ચે ગરમાગરમીનો બીજો રાઉન્ડ શરૂ થયો છે આકસ્મિક રીતે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૨૨ જુલાઈથી શરૂ થતા આગામી બજેટ સત્રમાં મણિપુરનો મુદ્દો સંસદમાં ''સંપૂર્ણ શકિત'' સાથે ઉઠાવવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ આ ઘટના બની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કોંગ્રેસની ''બંધારણ બચાવો'' ઝુંબેશનો સામનો કરવા માટે

(અનુ. આઠમા પાને)

# માંસાહારને ગેરકાયદેસર જાહેર કરનાર વિશ્વનું પ્રથમ શહેર બનતું પાલીતાણા

## ૨૫૦ માંસની દુકાનો બંધ કરવાની માંગણી કર્યા બાદ લેવાયો આ ઐતિહાસિક નિર્ણય

**અબતક, નવીદિલ્હી**

ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલું પાલીતાણા વિશ્વનું પ્રથમ એવું શહેર જાહેર થયું છે જ્યાં માંસાહારી ખોરાક ગેરકાયદેસર છે. આ ઐતિહાસિક નિર્ણય જૈન ધર્મના પ્રસિદ્ધ તીર્થધામ પાલિતાણામાં માંસના માંસ, વેચાણ અને વપરાશ માટે પ્રાણીઓની હત્યા ગેરકાયદેસર અને કાયદા દ્વારા સજાપાત્ર બનાવે છે. શહેરમાં લગભગ ૨૫૦ માંસની દુકાનો બંધ કરવાની માંગણી કરતા લગભગ ૨૦૦ જૈન સાધુઓના પ્રદર્શન બાદ આ પગલું લેવામાં આવ્યું હતું.

રાજકોટથી માંસાહારી ખાદ્યપદાર્થોના વેચાણને નિયંત્રિત કરતા ઓર્ડરોની શ્રેણી શરૂ થઈ છે. આ આદેશોમાં જાહેર સ્થળોએ માંસાહારી ખોરાક તૈયાર કરવા અને પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વડોદરાએ ટૂંક સમયમાં આ ઉદાહરણને અનુસર્યું, ત્યારબાદ જૂનાગઢ અને અમદાવાદે સમાન નિયમો લાગુ કર્યા. માંસાહારી ખોરાકના વિરોધીઓએ દલીલ કરી હતી કે માંસનું પ્રદર્શન તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડે છે અને લોકો, ખાસ કરીને બાળકો પર નકારાત્મક અસર કરે છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ નિયમોને ટ્રાફિક જામ ઘટાડવા સાથે જોડ્યા હતા.

માંસાહારી ખોરાક સામે આ દબાણ ગુજરાત કે વિશ્વમાં નવું નથી. ગુજરાતમાં, મહાત્મા ગાંધી શાકાહારનું પ્રતીક છે, અને તેમના ઉદાહરણને અનુસરવું એ લાખો લોકો માટે પવિત્ર ફરજ માનવામાં આવે છે. મહાત્મા ગાંધી તેમના સમગ્ર જીવન દરમિયાન શાકાહારના હિમાયતી રહ્યા હતા, જોકે તેમણે તેમના શાળાના દિવસોમાં માંસનો પ્રયોગ કર્યો હતો. તેમના મોટા ભાઈના મિત્રએ તેમને મટન ખાવા માટે સમજાવ્યા. જો કે, ગાંધીએ તેમના માતા-પિતાના આદરને લીધે મોટાભાગે માંસાહારી ખોરાકનો ત્યાગ કર્યો હતો, જેઓ ધર્મનિષ્ઠ વૈષ્ણવો હતા - એક હિંદુ માન્યતા પ્રણાલીના અનુયાયીઓ જે કડક શાકાહારીનું સૂચન કરે છે.

પાલિતાણા અને અમદાવાદ જેવા શહેરોમાં

(અનુ. આઠમા પાને)



# અંતે હીરાસર એરપોર્ટ પરથી ઓક્ટોબરમાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવાનું એલાન

## ગ્રીન ફિલ્ડ એરપોર્ટ ઉપર ૨ મહિનામાં નવું ટર્મિનલ કાર્યરત કરી દેવાશે, ૪ જેટલા એરોબ્રિજની સુવિધા પણ મળશે: સત્તાવાર જાહેરાત

**અબતક, રાજકોટ**

હીરાસર એરપોર્ટનો મુદ્દો ગાજયા બાદ અંતે હવે ત્યાંથી ઓક્ટોબરમાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવાનું એલાન કરી દેવામાં આવ્યું છે. ગ્રીન ફિલ્ડ એરપોર્ટ ઉપર ૨ મહિનામાં નવું ટર્મિનલ કાર્યરત કરી દેવાશે અને ૪ જેટલા એરોબ્રિજની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

રાજકોટ ખાતે ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવા માટે ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૧૦માં મંજુરી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ખાતમુહૂર્ત કરેલ હતું અને આ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું જુલાઈ ૨૦૨૩ માં લોકાર્પણ કરવામાં આવેલ હતું. પણ ત્યારથી અત્યાર સુધી આ એરપોર્ટનો ડોમેસ્ટિક જ ઉપયોગ થઈ રહ્યો છે. એક પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવામાં આવી નથી. આ મુદ્દો ગાજયો હતો. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને કોંગ્રેસ દ્વારા આ મામલે અસરકારક રજૂઆતો પણ કરવામાં આવી હતી.

(અનુ. આઠમા પાને)



### કોંગ્રેસના વિરોધના પડઘા પડતા ફટાકડા ફોડીને ઉજવણી

કોંગ્રેસે રાજકોટ ઈન્ટરનેશન એરપોર્ટને વિદેશી ફ્લાઈટો કનેક્ટિવિટી મળવા બદલ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. કોંગ્રેસના આક્રમક વિરોધ બાદ આજે ઓક્ટોબરથી ફ્લાઈટ શરૂ થવાની જાહેરાત થતા સૌરાષ્ટ્રવાસીઓની આ જીત અંગે રાજકોટ કોંગ્રેસે આ નિર્ણયને આવકારવા બહુમાળી ચોક ખાતે ફટાકડા ફોડી આતશબાજી કરી ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસના અશોકસિંહ વાઘેલા,રોહિતસિંહ રાજપૂત,સુરેશ બથવાર,ડીપી મકવાણા,મયૂરસિંહ પરમાર,રણજીત મુંધવા,દિલીપ આસવાણિ,જીત સોની,યશ ભીંડોરા,રોનક રવૈયા,ગૌરવ પુજારા સહિતે આતશબાજી કરી નિર્ણયને આવકાર્યો હતો.

ન્યુ રીનોવેટેડ A/C.
લગનહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

જાહેર આભાર

રાજકોટ ફાયરબ્રિગેડ શાખા અને ચીફ ફાયર ઓફિસર, સાહેબ શ્રી અનિલભાઈ મારૂ

રાજકોટ ફાયરવર્કર્સ એસોસીએશન તરફથી તેને લગતી મુંઝવણ અને સમજ માટે જરૂરી માર્ગદર્શન અને આજના મુદ્દા અને તેને લગતી સંબંધી જરૂરીયાતો અને માંગણીઓ માટે ત્વરીત પગલા લેવા બદલ આપનો દિલથી આભાર માનીએ છીએ.

અમારા સંબંધી ઝડપી અનુસૂચિ અને અમારી વિનંતીએ અનુકૂળ ઉકેલ અમારા કામકાજને ખૂબ સહેલુ અને અવિરત રાખવામાં મહત્વપૂર્ણ સાબિત થયો છે. આ પ્રક્રિયાને સરળ અને કાર્યક્ષમ બનાવવામાં આપની નિષ્ઠા અને સહકાર બદલ આપના ઋણી છીએ.

આપના અમૂલ્ય સહકાર અને સહયોગ બદલ ફરી એકવાર આભાર. આપના પ્રતિષ્ઠિત વિભાગ સાથે અમારી સકારાત્મક સંબંધીતાને જાળવવાનો નિયમોને આધીન પ્રયાશ રહેશે.

લી. આદર સાથે
શ્રી અવિનાશભાઈ લાલવાની (પ્રમુખ)
શ્રી નિમિત્તભાઈ કેસરીયા (ઉપપ્રમુખ)
રાજકોટ ફાયરવર્કસ એસોસીએશન, રાજકોટ
Pintu

બેસ્ટ વોયેજ પ્રાઈવેટ લિમીટેડ અમદાવાદ
જન્માષ્ટમી હોલિડે કાર્નિવલ
રવિવાર ૧૪ મી જુલાઈ
સમય : સવારે ૧૦ થી સાંજે ૭ સુધી
સ્થળ : લેમન ટ્રી હોટેલ, રાજકોટ જીલ્લા પંચાયત ચોક પાસે, રેષકોર્સ રીંગ રોડ, રાજકોટ,
સ્થળ ઉપર બુકીંગ કરનારને સ્પે. ડિસ્કાઉન્ટ
સીંગાપોર, મલેશીયા, ક્રુઝ
08 NIGHTS / 09 DAYS - 06, 22 AUG, 10 SEP
09 NIGHTS / 10 DAYS - 20, 24 AUGUST
શ્રીલંકા 07 N / 08 D
23 JULY, 22 AUG, 09 SEP
બાલી 06 N / 07 D
16 JULY, 23,25,27 AUG, 10 SEPT
વિયેતનામ 08 N / 09 D
26 JULY, 22 AUG, 13 SEP
બાકુ 06 N / 07 D
17 JULY, 22 SEP
05 N / 06 D
23 AUG
304, Cosmo Complex, Mahila College Chowk, Rajkot.
M: 7574810366, 7567421608
HO-Ahmedabad, Branch - Nikol / Maninagar / Surat / Baroda / Rajkot / Jamnagar / Gandhinagar / Nalal / Anand




Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
RANI®
Premium Edible Oils
કંપની રીટેલ આઉટલેટ ● રાજકોટ સીટી :- ગોકુલ ધામ : 0281-2333499, 2360201
જવાહર રોડ : 0281-2222700/800 રૈયા રોડ : 97125 72000, 97125 73000
● શાપર : 97273 83000/84000/85000
● અમદાવાદ સીટી :- ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

આ સપ્તાહે, લાંબા સમયથી વણસી ગયેલા સંબંધોમાં સુમેળ થવાની સંભાવના. નવા વાહનની ખરીદી થવાંની સંભાવના. પ્રવાહી પદાર્થના ઉદ્યોગ ધંધાના જાતકો માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. શેર બજાર, સટ્ટા ના જાતકો માટે આ સપ્તાહ પણ અતિ પ્રતિકૂળ નિવડશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તથા હળવુ લાભકારી જણાશે. સરકારી કર્મચારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે સાથે બઢતીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે અર્ધ લાભકારી સપ્તાહ. મિત્ર, સ્નેહી તરફથી હળવો સહકાર. છાત્ર, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૧૯ જુલાઈ સામાન્ય રહેશે.

### વૃષભ — બ,વ,ઉ

ફુડ બેવરેજીસ, હોટેલ રેસ્ટોરાં, તથા હાઈવે ઢાબાના વ્યાપાર કે ઉત્પાદન સાથે સંકળાયેલ તમામ જાતકો માટે હળવું લાભકારી ત્થા વ્યસ્ત સપ્તાહ. કુટિર તથા નાનાં ઔધોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. અન્ય ઔધોગિક તથા જથ્થાબંધ તથા દેશ-વિદેશ વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતકો માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત તથા લાભદાયક રહેશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર માટે આ સપ્તાહ પણ લાભદાયી. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત તથા સામાન્ય જણાશે. ગૃહિણી તથા મહિલા કર્મી, નિવૃત્ત, છાત્ર માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૬ તથા ૧૭ જુલાઈ સામાન્ય જણાશે.

### મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમ્યાન અનેક પ્રકારના લાભની સાથોસાથ જાવકના પણ સંયોગો પણ એટલા જ બને છે, આથી, યથામતિ નિર્ણય લઈ વહીવટ વ્યવહાર કરવા. તેમજ નવા કામકાજ શરૂ કરવા. ઉચ્ચસ્થ ગુરુ વાળા તેમજ નીચસ્થ મંગળ વાળા જાતકો માટે આ સપ્તાહ મહદ અંશે લાભદાયી જણાશે, ઔધોગિક એકમના જાતકો તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. કલા--વ્યવસાયના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. કુટુંબ-પરિવારજનો તથા મિત્રો સાથે સુમેળ વધે તેવા સંયોગો. પ્રવાસની સંભાવના. ૧૫ જુલાઈ મધ્યમ જણાશે.

### કર્ક — ડ,હ

રાજકીય તેમજ જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ પ્રસિદ્ધ વ્યક્તિઓ માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. ગુરૂ-પ્રધાન સંત, મહંતો, માટે વિશેષ લાભદાયી સપ્તાહ. અન્યથા વાયરલ થવાના સંયોગો. તમામ કદના ઔધોગિક તથા વ્યાપાર વણિજના તમામ એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તથા વ્યસ્ત નીવડશે. સરકારી તથા અર્ધ સરકારી ક્ષેત્રના જાતકો માટે લાભદાયક સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી જણાશે. સગાંઓ દ્વારા સાથ સહકારના સંયોગો. યુવાવર્ગ, નિવૃત્ત, છાત્ર તથા ગૃહિણી, મહિલા કર્મી, પરિશ્રમી કે ઉધમીઓ માટે બહુ લાભકારી સપ્તાહ. એકંદરે કર્ક રાશિ માટે, આ સપ્તાહ લાભદાયી જણાશે.

### સિંહ — મ,ટ

કોમોડીટી, વાયદાબજારનાં જાતકો માટે લાભકારી સપ્તાહ. નાનાં મોટા તમામ ઉદ્યોગ- વ્યાપાર- વણિજ એકમના જાતકો માટે લાભકારી તથા પ્રગતિકારક સપ્તાહ. શૈક્ષણિક સંસ્થા તથા સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ લાભકારી રહેશે. આ સપ્તાહ દરમિયાન સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી એવમ બદલીના સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે વ્યસ્ત તથા સાનુકૂળ સપ્તાહ. કુટુંબીજનો સાથે થયેલ વિખવાદોનો સુખદ અંત. ધંધા વ્યવસાય હેતુ લાંબા પ્રવાસ થવાના સંયોગો. યુવાવર્ગ, મહિલા કર્મી, છાત્ર તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ રહેશે. આ રાશિ માટે આખું સપ્તાહ લાભદાયી જણાશે.

### કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહ દરમિયાન ભાગદોડ સાથે હળવાં લાભ મળવાંનાં સંયોગો. શેર બજાર તથા કોમોડીટીના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ગ્રેઈન મર્ચન્ટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતકો માટે વિશેષ લાભકર્તા. મોટા ઉદ્યોગ- વ્યાપાર અને વણિજ ક્ષેત્રનાં જાતકો માટે પણ આ સપ્તાહ આર્થિક રીતે લાભકારી જણાશે. અધૂરા કે ટલ્લે ચડેલાં સરકારી કામકાજ પૂરા થવાના સંયોગો. આ સપ્તાહે સરકારી, અર્ધ સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ. પરિવાર સાથે ધાર્મિક યાત્રાનાં અવસરો. વિદ્યાર્થી, મહિલા કર્મી, તથા ગૃહિણી વર્ગ માટે સારું સપ્તાહ. ૧૪ તથા ૧૫ જુલાઈ સરેરાશ રહેશે.

### તુલા — ર,ત

શેર, સટ્ટો, કોમોડીટીના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક રહેશે. હ્યુજ મેગા પ્રોજેક્ટ્સ મોટા ઔધોગિક કે વર્કશોપ પ્રકારના એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ વ્યસ્ત તથા લાભદાયક નીવડશે. આ સિવાય અન્ય, ઔધોગિક એકમના જાતકો તેમજ તમામ વ્યાપાર--વ્યવસાય એકમના જાતકો માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત, તેમજ સાનુકૂળ નીવડશે. છૂટક વ્યાપારી તથા મધ્યમ વર્ગના જાતક માટે આ સપ્તાહ લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે અર્ધ લાભદાયી સપ્તાહ. ૧૬ જુલાઈ મધ્યમ રહેશે.

### વૃશ્ચિક — ન,ય

લેખન એવમ સાહિત્ય, પ્રકાશન ક્ષેત્રે તથા અખબાર કે અન્ય પ્રસાર માધ્યમ સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા જાતકો- શિક્ષકો માટે આ સપ્તાહ લાભદાયક તથા હળવું ભાગદોડ વાળું જણાશે. નાનાં મોટા ઔધોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ આંશિક લાભદાયી નીવડશે. તમામ વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભદાયી. જથ્થાબંધ વ્યાપાર સાથે સંકળાયેલા જાતકો માટે અતિ વ્યસ્ત સપ્તાહ. સરકારી કર્મચારીઓ તેમજ ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. ગૃહિણી, મહિલા કર્મી, તથા નિવૃત્ત માટે લાભકારી સપ્તાહ. ૧૯ જુલાઈ મધ્યમ રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહે વિશેષ તો મોટી ફાર્માસીઝ તેમજ કેમિકલ્સ એકમના જાતકો માટે બહુ લાભદાયક નીવડવાના સંયોગો. કોઈ પણ પ્રકારના એંજીનીયરીંગ એકમનાં જાતકો/ એન્જીનીયર્સ માટે આ સપ્તાહ લાભકારી તેમજ વ્યસ્ત જણાશે. ટ્રાવેલ્સ, હોટેલ બુકિંગ્સ સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારી જણાશે. અન્ય ઔધોગિક તેમજ વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વ્યવસાયિક કલાના જાતકો માટે લાભદાયક સપ્તાહ રહેશે. સરકારી, અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે હળવો સમય. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે લાભદાયક સપ્તાહ ૧૯ જુલાઈ સાધારણ જણાશે.

### મકર — ખ,જ

સર્વિસ બિઝનેશના જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી. રોશની, રંગ, તેમજ રસાયણના જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ ચડાવ ઉતાર વાળું નીવડશે. જવલનશીલ પદાર્થ ના વ્યાપાર વણિજ સંબંધિત એકમોનાં જાતકો માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. નાનાં ઔધોગિક એકમ તથા પેકિંગ મટીરીયલ્સના ઉત્પાદકો માટે લાભકારી સપ્તાહ. અન્ય ઔધોગિક એકમના જાતકો, વ્યાપારી એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી કર્મચારી માટે બદલી બઢતીના સંયોગો. ખાનગી કર્મીઓ માટે લાભદાયી સપ્તાહ. મેડીકલ વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે સારું સપ્તાહ. ૧૪,૧૫ જુલાઈ મધ્યમ રહેશે.(પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

### કુંભ — ગ,શ,ષ

ફાસ્ટ ફૂડ, પેકીંગ- પ્રોસેસ્ડ ફૂડના ઔધોગિક/ વ્યાપારી એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે પ્રતિકૂળ સપ્તાહ. નાનાં મોટા ઔધોગિક એકમના જાતકો માટે આ સપ્તાહે અણધાર્યા લાભ મળવાંનાં સંયોગો. મધ્યમ કદના વ્યાપાર વણિજ ધરાવતાં જાતકો માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સર્વિસ બિઝનેશના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ અર્ધ સરકારી કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે અર્ધ પ્રતિકૂળ સપ્તાહ. પરિવાર તરફથી સાથ સહકારના સંયોગો. મહિલા કર્મી,, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ સારું રહેશે. ૧૭ જુલાઈ સાવ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

ધંધા વ્યવસાયમાં આ સપ્તાહ દરમિયાન કેટલાક અણધાર્યા લાભ થવાના સંયોગો. ફેશન તથા કોસ્મેટિક્સ રીલેટેડ ઔધોગિક વ્યાપારી એકમના જાતકો માટે હળવું લાભદાયક સપ્તાહ. જણાશે. અન્ય, ઔધોગિક એકમના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. વ્યાપાર-વણિજ, સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું મધ્યમ તથા વ્યસ્ત પણ રહેશે. રિયાલ્ટી ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે હળવાં લાભ વાળું સપ્તાહ. પરિવારમાં હળવાં મનદુઃખ જણાશે. ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સાનુકૂળ સપ્તાહ. ૧૫,૧૬ જુલાઈ લાભકર્તા નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

આજે ઈન્ટરનેશનલ રોક ડે

# ખડકો માનવ જાતના વિકાસ, અસ્તિત્વ અને સંસ્કૃતિ માટે મહત્વના

## ખડક કે પથ્થર એ એકથી વધુ ખનીજો કે મિનરલોઈડસનો કુદરતી રીતે બનતો નકકર સમૂહ : ખડકોનાં વૈજ્ઞાનિક અભ્યાસને 'પેટ્રોલોજી' કહે છે : ખડકોનું સમગ્ર ઈતિહાસમાં વિશેષ મહત્વ રહ્યુ છે, પથ્થર યુગથી તેનો શસ્ત્રો અને સાધન તરીકે ઉપયોગ કરાયો છે

**ખડકો કોઈને બહું મહત્વના ન લાગે, પણ માનવજાતના અસ્તિત્વ માટે તે જરૂરી : ત્રણ પ્રકારનાં ખડકોમાં અગ્નિકૃત, જળકૃત અને રૂપાંતરીત ખડકનો સમાવેશ થાય છે, તેણે પૃથ્વીના સૌથી પડકારરૂપ યુગમાં માનવજાતને મદદ કરી છે : આજના યુગમાં પણ પથ્થર પાયાનો પથ્થર બની ગયો છે**

આદીકાળથી માનવ જીવન સાથે ઘણી વસ્તુઓ જોડાયેલી છે, જેમાં પાણી-વૃક્ષો અને પહાડોનું વિશેષ મહત્વ છે. ગુફાવાસીના કાળથી આ ત્રણેય વસ્તુંઓ સથવારે માનવ વિકાસ કરતો આવ્યો છે. આદી માનવની સંસ્કૃત્તિનો ઉછેર આવી જગ્યાએ જ થયેલો છે, જયાં પાણી, વૃક્ષો, પક્ષીઓ અને પહાડો હોય છે. એ કાળમાં પથ્થરમાં વિવિધ હથિયારો બનાવીને ગુફાવાસી શિકાર કરીને પોતાનું પેટ ભરતો હતો. અગ્નિ પેટાવવા પણ તે બે પથ્થરોનું ઘર્ષણ કરીને અગ્નિ ઉત્પન કરતો હતો. ખડકો કોઈને બહુ મહત્વના ન લાગે, પણ માનવ જાતના વિકાસ, અસ્તિત્વ અને સંસ્કૃત્તિ માટે મહત્વના હતા. સ્વ.બચાવ માટે પણ આદી માનવ પથ્થરનો ઉપયોગ કરતો હતો. આજે ઈન્ટરનેશનલ રોક ડે ની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે ત્યારે, ભાવિ પેઢીને આ બાબતે જ્ઞાન આપવું દરેકની ફરજ બની જાય છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ખડક કે નાના-મોટા પથ્થરો જીવન વિકાસ માટે આવશ્યક પદાર્થ છે. આ અંગેના અભ્યાસને ભૂસ્તર શાસ્ત્ર કહેવાય છે. આપણી પૃથ્વી પર ત્રણ પ્રકારનાં ખડકો જોવા મળે છે, જેમાં અગ્નિકૃત, જળકૃત અને રૂપાંતરિત ખડકનો સમાવેશ થાય છે. ગુફાવાસીથી શરૂ કરીને આજના યુગ સુધી તેનો માનવ ઉપયોગ કરતો આવ્યો છે. આજે દરિયાકાંઠેથી મળતા વિવિધ પથ્થરો સુશોભન તરીકે પણ ઉપયોગ કરે છે, તેજ રીતે પ્રાચિનયુગમાં પણ કલરફૂલ પથ્થરોની માળા બનાવીંને આદી માનવ પહેરતો હતો.


મોટાભાગના ખડકોની રચના કુદરતી રીતે થયેલ છે. ખડક અને એક અથવા વધુ ખનીજોનો કુદરતી રીતે બનતો નક્કર સમુહ છે. માનવ જીવનનાં અસ્તિત્વ અને સંસ્કૃતિ સાથે પ્રારંભ કાળથી જોડાયેલા આ તત્વનો ઓળખવો જરૂરી છે. પર્યાવરણ મુજબ તેના રંગ-આકાર અને કદ જુદા-જુદા હોય શકે છે.

ખનીજોનો વિશાળ રફ સમુહ પથ્થર કે ખડકો છે. પૃથ્વીનો બાહ્ય પડ ખડકોનો બનેલો છે, જે આપણને પર્વતો જેવા દેખાય છે. સમગ્ર ઈતિહાસ પર નજર કરીએ તો તેનો વ્યાપક પ્રમાણે ઉપયોગ થયો છે. સાધન તરીકે કે વિવિધ હેતુંઓ માટે ઉપયોગ કરાય છે. જેમ કે માર્બલ, ગ્રેનાઈટનો ઉપયોગ ફ્લોરીંગ માટે અને નાના ખડકોનો ઉપયોગ ઈમારત બાંધવામાં, રસ્તા બનાવવામાં થાય છે. પૃથ્વી પર તે કુદરતી રીતે બન્યા હોવાથી તોડીને પછી તેમાંથી અંતિમ ઉત્પાદન મેળવવા પ્રક્રિયા થાય છે. આપણે હિરા, મોતી, રત્નો, માણેક ખરીદીએ છીએ. કારણ કે તેમાં હીલીંગ ગુણધર્મો હોવાથી તે વ્યક્તિને શાંતિ, આનંદ અને ખુશી આપે છે.

પુરાતત્વ ખાતું ખોદકામ કરીને વર્ષો પહેલાની સંસ્કૃતિનો અભ્યાસ કરે છે. અમુલ્ય ખજાનો બહાર કાઢવા, ખાણ કામ અને ઉત્ખનન પણ કરવામાં આવે છે. આદિ માનવ



કે ગુફાવાસીથી શરૂ કરીને આજના યુગમાં પણ પથ્થર પાયાનો પથ્થર બની ગયો છે. પથ્થરમાંથી શિલ્પકાર મૂર્તિનું સર્જન કરે છે. અમૂક પથ્થરો તો એટલા બધા આકર્ષક હોવાથી તેની લાખેણી કિંમત અંકાઈ છે. કોલસો પણ એક જાતનો પથ્થર જ છે. પાણીના સતત ઘર્ષણ કે બહાવને કારણે વિવિધ આકારો જોવા મળે છે. જળકૃત ખડકોમાં શેલ, રેતીનો પથ્થર, ચાક અને ચુનાનો પથ્થર ગણાય છે. અમુક પિગળવા ખડકમાંથી અગ્નિકૃત ખડકો રચાય છે. જ્વાળામુખીમાંથી પૃથ્વીની સપાટી પર મેગ્મા ફાટી નીકળે છે. જેને લાવા પણ કહેવાય છે. તે સુકાતા ખડકોનું રૂપ ધારણ કરે છે. માનવની ઉત્ક્રાંતિ માટે ખડકો મૂળભૂત રહ્યા છે. શિકારના પ્રારંભિક સાધનો અને શસ્ત્રો હતા. તેમાંથી ખડક રોસેટાસ્ટોન ૧૭૯૯ માં શોધાયેલ. આ પથ્થરે ભાષા શાસ્ત્રીઓને ભાષા સમજવા સક્ષમ બનાવ્યા હતા. અત્યાર સુધીમાં સૌથી મોટી શુધ્ધ સોનાની ગાંઠ ૧૮૬૯ માં ઓસ્ટ્રેલિયામાં મળી હતી. જેનું વજન ૧૫૬ બીએસ હતું. કોલસો હકિકતમાં એક જળકૃત ખડક છે, જે વનસ્પતિના પદાર્થો સંકુચિત સ્તરમાંથી રચાય છે.



ખડકો જ આપણો ગ્રહ બનાવે છે. યુગો-યુગોથી આપણે તેનો ઉપયોગ કરીને વિકાસ કરતાં આવ્યા છીએ. માનવ જાતને યોગ્ય રીતે આગળ વધારવામાં ખડકોનું મહત્વ વિશેષ છે, એટલે જ આપણે પથ્થર યુગ બોલીએ છીએ. ખડકો આપણા પર્યાવરણના રક્ષણ માટે મહત્વની ભૂમિકા અદા કરે છે, તે જમીનનું ધોવાણ પણ અટકાવે છે. ખડકોમાંથી મળી આવતા ખનીજો અને ધાતુઓ માનવ સંસ્કૃતિ માટે મહત્વના છે. માનવી જીવીત રહેવા કશુ જાણતો ન હતો ત્યારે પણ માનવતા માટે ખડકો હતા. તે એક અદ્રશ્ય વિશ્વનો ઈતિહાસ ધરાવે છે. ખડકોએ માનવતાને પૃથ્વીના સૌથી પડકારરૂપ યુગમાં મદદ કરી જયારે માનવ પાસે કશું ન હતું.

ખડકો મહાસાગરો વચ્ચેના અંતરને પૂરવામાં મદદ કરે છે. જો ખડકો ન હોત તો આપણે હજુ કાચો ખોરાક જ ખાતા હોત. તે માનવતાની શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. દોષ રહિત ખડક કરતાં ખામી વાળો હીરો વધુ સારો હોય. ખડકોના માનવ જાત માટેના મહત્વ માટે ૧૯૩૧ થી સમગ્ર વિશ્વમાં તેનો દિવસ ઉજવાય છે. અવકાશમાંથી પણ એસ્ટરોઈડ ધરતી પર પડે છે, નાના અવકાશ ખડકો જે ઉલ્કા તરીકે ઓળખાય છે. ધરતીના પેટાળમાં પણ વિશાળ ખડકોમાં ફેરફાર થાય ત્યારે ભૂકંપ જેવી સમસ્યા આવતા ઘણીવાર નવા ખડકો પણ ધરતી પર આવી જાય છે.

## સૂડોકુ –૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૩ | | | ૧ | |
| | ૫ | | | | | | | |
| ૧ | ૨ | | ૭ | | | | | ૮ |
| | ૯ | | | ૨ | | | | |
| ૮ | ૩ | | | | | ૬ | | |
| | | ૨ | | | ૯ | | ૩ | |
| ૨ | | | | ૮ | ૩ | | | ૯ |
| | ૪ | | ૯ | ૭ | | | | |
| | | | | ૧ | ૬ | ૭ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ–૫૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૩ |




## તા.૧૪–૭–૨૦૨૪ રવિવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ શાલીવાહન શકિ: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | અષાઢ શુદ આઠમ |
| નક્ષત્ર | ચિત્રા |
| યોગ | શિવ કરણ: બાલવ |
| સુર્યોદય | ૬.૧૩ સુર્યાસ્ત: ૭.૩૩ |
| ચંદ્ર રાશી | કન્યા સવારે ૮.૪૩ થી તુલા |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ/ર.ત. |
| દિશાશૂળ | પશ્ચિમ દિશાતરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૬ થી ૧.૧૯ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL


**તારીખ ૧૩-૦૭-૨૦૨૪ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (પોલમ પોલ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ બિરયાની)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિકુમાર પટેલ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (આર યુ ઓકે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ડેન્ટલ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (એક સોનેરી સવાર)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડ અપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કસુંબલ ડાયરો

**તારીખ ૧૪-૦૭-૨૦૨૪ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશન સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હિરણ ને કાંઠે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.મમતા તન્ના)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (હેર ફોલ સ્ટોર)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સાહેબજી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડ અપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૭-૨૦૨૪ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## આજનું રાશિફળ

**તા.૧૩.૭.૨૦૨૪ શનિવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ સાતમ, હસ્ત નક્ષત્ર, શિવ યોગ, વિષ્ટિકરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી–૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યાએ નાણાં રોકી શકો .

**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય,ધંધા રોજગાર માં સારૂ રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

### શહેર ભાજપમાં શિત યુધ્ધ જેવી સ્થિતિ

# મુકેશ દોશી કોર્પોરેટરોની કામગીરીથી જ્યારે નગરસેવકો પ્રમુખની નવી પ્રણાલીથી નારાજ!!

## શહેર ભાજપ કાર્યાલય ફરિયાદ નિવારણ કેન્દ્ર બની ગયુંઃ લાઈટ, પાણી, ગટર અને રોડ-રસ્તાની સામાન્ય ફરિયાદો મામલે નગરજનો કાર્યાલય આવવા માંડ્યા

### કોર્પોરેશનની ચૂંટણી સુધી પ્રમુખ પદે રહેશે તો મુકેશભાઈ ‘‘નો રીપિટ’’ની અમલવારી કરવાના મૂડમાં

### અધિકારીઓને કોર્પોરેટરોએ લેખિતમાં જ રજૂઆત કરવી તેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના આગ્રહથી પોતાના કાંડા કપાય ગયા હોવાની લાગણી અનુભવતા નગરસેવક

**અબતક, રાજકોટ**

વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપના અડીખમ ગઢ ગણાતા રાજકોટ શહેરમાં કમળમાં કકળાટ ચાલી રહ્યો છે. સંગઠનના સર્વે સર્વ એવા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી ભાજપમાં કોર્પોરેટરોની કામગીરીથી ભારોભાર નારાજ છે તો સામા પક્ષે જન પ્રતિનિધિઓ પણ પ્રમુખની નવી પ્રણાલીથી નારાજ હોવાનું ચર્ચા રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી શીતલ પાર્ક સ્થિત શહેર ભાજપ કાર્યાલય જાણે ફરિયાદ નિવારણ કેન્દ્ર બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. લાઈટ, પાણી, ગટર અને રોડ-રસ્તાની સામાન્ય ફરિયાદો લઈ નગરજનો કાર્યાલય આવવા માંડ્યા છે.જેને કારણે પ્રમુખ સહિતના સંગઠનના હોદ્દેદારોની કામગીરી વધી જવા પામી છે.બીજી તરફ અધિકારીઓ અને કર્મચારીઓને લેખિતમાં રજૂઆત કરવી તેવા શહેર ભાજપ પ્રમુખના આગ્રહથી નગરસેવકો પોતાના કાંડા કપાય ગયા હોય તેવી લાગણીનો અનુભવ કરી રહ્યા છે.સામ સામે બંને પક્ષે ભારે નારાજગી જોવા મળી રહી છે.



રાજકોટમાં નાના મવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટના બાદ સત્તાધારી પક્ષ ભાજપની આબરૂનું દેશભરમાં ભારે ધોવાણ થયું છે. કોર્પોરેશનની ચૂંટણીની આડે હવે દોઢ વર્ષ જેવો સમય બાકી રહ્યો છે ત્યારે ફરી સત્તા હાંસલ કરવા માટે અત્યારથી જ શહેરીજનોમાં કમળની ખરડાયેલી છબી સુધરે તેવા પ્રયાસો શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી દ્વારા કરવામાં આવી રહ્યા છે.અગ્નિકાંડ બાદ મુકેશભાઈએ ભાજપના તમામ નગરસેવકોને એક પત્ર લખ્યો છે જેમાં એવી વિનંતી કરવામાં આવી છે કે ચૂંટાયેલા જન પ્રતિનિધિત તરીકે નગરસેવકોએ પોતાના વોર્ડને લખતા વિવિધ પ્રશ્નોની રજૂઆત કોર્પોરેશનના કર્મચારીઓ અને અધિકારીઓને શક્ય હોય ત્યાં સુધી લેખિતમાં જ કરવી જેના કારણે રેકોર્ડ સચવાય રહે. આ સિસ્ટમ ખરેખર ખૂબ જ સારી છે પરંતુ કેટલાક નગરસેવકોને એવી લાગણી અનુભવી રહ્યા છે કે શહેર ભાજપ પ્રમુખની આ નવી પ્રણાલીથી તેઓના કાંડા કપાય ગયા છે. ચૂંટાયેલા પ્રતિનિધિ હોવા છતાં તેઓ પાસે સત્તાના નામે શૂન્યથી વધુ કશું જ નથી. કર્મચારી કે અધિકારીઓને વોર્ડને લગતી સામાન્ય ફરિયાદ કરવામાં આવે તો હવે સરકારી કર્મચારીઓ પણ લેખિતમાં આગ્રહ રાખી રહ્યા છે. જેના કારણે કોર્પોરેટરનું માન-સન્માન વોર્ડમાં જળવાતું ન હોવાનો સીનારીયો ઉભો થયો છે. મૌખિક ફરિયાદોને અધિકારીઓ ગણકારતા નથી જેના કારણે જનતામાં એવો મેસેજ જઈ રહ્યો છે કે નગરસેવકોનું કશું ઉપજતું નથી.સંગઠનના હોદ્દેદારો જ સર્વે સર્વા છે. બીજી તરફ કેટલાક કોર્પોરેટરોએ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની આ નવી પ્રણાલી સામે એક તદ્દન નવી પ્રણાલી શરૂ કરી છે.જેમાં કોઈ વ્યક્તિ ફરિયાદ કરે તો તેને આ ફરિયાદ માટે શીતલ પાર્ક સ્થિત શહેર ભાજપ કાર્યાલય ખાતે રૂબરૂ જવાની ફરજ પાડવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી શહેર ભાજપ કાર્યાલય ફરિયાદ નિવારણ કેન્દ્ર બની ગયું છે. રોડ -રસ્તા પર સામાન્ય ખાડા,

(અનુ. આઠમા પાને)

# ભેળસેળિયાઓ બેફામઃ એક વર્ષમાં ૩૬ હજાર કિલો અખાદ્ય ખોરાકનો નાશ

## આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા ૩૩૨ ખાદ્ય સામગ્રીના નમુનો પૈકી માત્ર ૨૬ સેમ્પલ ફેઈલ, ૧ સેમ્પલ અનસેફ જાહેર

**અબતક, રાજકોટ**

બહારનું ખાવાનું ચસ્કો ધરાવતા સ્વાદપ્રેમીઓ લોકોએ ચેતી જવાની જરૂરિયાત છે કારણ કે શહેરમાં વેચાતી ખાદ્ય સામગ્રી જન આરોગ્ય માટે શુદ્ધ કે સાત્વિક નથી. કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફુડ વિભાગ દ્વારા ચેકિંગ દરમિયાન છેલ્લા એક વર્ષમાં આશરે ૩૬,૦૦૦ કિલો જેટલી વાસી અને ખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો છે. ખાદ્ય સામગ્રીના ૨૬ સેમ્પલ પરીક્ષણમાં નાપાસ જાહેર થયા છે. જ્યારે એક નમૂનો અન સેફ જાહેર કરવામાં આવ્યો છે. આંતરડાના કેન્સરને નોતરે તેવી ચીજ વસ્તુઓનો ઉપયોગ ખાદ્ય સામગ્રી બનાવવા માટે કરવામાં આવતો હોવાનો પણ પર્દાફાશ થયો છે. આટલું જ નહીં જે વસ્તુ માણસના પેટમાં જવાની છે તેના ઉત્પાદન માટે પણ વેપારીઓ દ્વારા એકપણ પ્રકારના નિયમનું પાલન કરવામાં આવતું ન હોવાનું પણ તપાસમાં ખુલ્યું છે. શહેરીજનોને ખાવા-પીવાની શુદ્ધ ચીજ વસ્તુ મળી

(અનુ. આઠમા પાને)



### શહેરીજનોમાં પણ જાગૃતતાનો અભાવઃ ફુડને લગતી માત્ર ૨૮૭ ફરિયાદો

રંગીલા રાજકોટવાસીઓ ખાવા પીવાના ખૂબ જ શોખીન છે પરંતુ ગમે તેવી વાસી કે અખાદ્ય ખોરાક ચીજ વસ્તુ ખવડાવી દેવામાં આવે છતાં વેપારીઓ સામે તેઓ ફરિયાદ કરવાનું મુનાસિબ સમજતા ન હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં ફુડ વિભાગમાં માત્ર ૨૮૭ ફરિયાદો આવી છે. જેમાં શહેરીજનોએ ખાણીપીણીને લગતી ફરિયાદો નોંધાવી છે.રોજ એક ફરિયાદ પણ આવતી નથી. આરોગ્ય શાખાની ટીમો બધી જગ્યાએ પહોંચી શકે નહીં. જો શહેરીજનો થોડી જાગૃતતા દાખવી અને અખાદ્ય ખોરાક અંગેની ફરિયાદ કરે તો ચોક્કસ ભેળસેળિયા તત્વ પર લગામ લગાવી શકાય.

### શ્રદ્ધાળુઓના ઉપવાસ અભડાય તેવા પણ કારસ્તાન કરે છે વેપારી

રાજકોટમાં આસ્થાભેર ઉપવાસ કે એકટાણા રાખતા લોકોના આસ્થા અભડાય તેવા પ્રયાસો પણ વેપારીઓ દ્વારા કરવામાં આવે છે. ફરાળી પેટીસ બનાવવા માટે તપકીરના લોટનો ઉપયોગ કરવાના બદલે મકાઈના ટાર્ચનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું અવાર નવાર ખોલ્યું છે. છતાં વેપારીઓ સુધારવાનું નામ લેતા નથી આખો દિવસ ભૂખ્યા રહી ઉપવાસ કરતા ભાવીકોએ પણ એક દિવસ માટે જીભને આરામ આપી સ્વાદનો ચસ્કો લેવાના બદલે ફળનો ઉપયોગ કરવો જોઈએ. રેકડી વાળા કરતા રેસ્ટોરન્ટ વાળા વધુ કારીગર રેગડી લઈને ઊભા રહેતા ખાણીપીણીની ધંધાર્થીઓ કરતા મોટી હોટલ કે રેસ્ટોરન્ટ ધરાવતા વેપારીઓ ન આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખેડા ઘરે કે રેગડી વાળા પાસે પૂરતી સ્ટોરેજ કેપેસિટી ન હોવાના કારણે તે રોજ જેટલી જોઈએ એટલી જ ખાદ્ય છે તેનો ઉત્પાદન કરે છે અને તેનું વેચાણ કરતા હોય છે જ્યારે મોટી મોટી હોટલ કે રેસ્ટોરન્ટ વાળા એક સાથે ખૂબ જ મોટા પ્રમાણમાં ખાદ્ય સામગ્રી બનાવી લે છે જો વેચાણ ન થાય તો તેને પોતાની પેઢીમાં મૂકવામાં આવેલા ફ્રીઝમાં સંગ્રહ કરી લે છે હોટલવાળા ઊંચ કોલેટીની ચીજ વસ્તુઓ વાપરતા હોય છે તેમાં શંકા નથી પરંતુ તેઓ વાર્ષિક પીરસે છે તે પણ એક મોટો સવાર છે જ્યારે રેકડી ધારકો ખાદ્ય સામગ્રી બનાવવા માટે જે ચીજ વસ્તુઓનો ઉપયોગ કરે છે તેની ગુણવત્તા હલકી કક્ષાની હોય છે ટૂંકમાં બહાર ખાવ આરોગ્ય માટે રતિવાર પણ હિતાવહ નથી.

## એજ્યુડીકેશનના ૨૨ કેસમાં રૂ.૧૯.૨૫ લાખનો દંડ વસુલાયોઃ ફૂડ લાઇસન્સ અને હેઈજેનિક કન્ડીશન અંગે ૧૩૦૯ વેપારીઓને નોટિસ

# જીવનનો નહિ પરંતુ દુઃખનો અંત લાવવા લોકો આત્મહત્યા કરે છે!

## રાજ્યમાં સતત વધતા આપઘાત બાબતે મનોવિજ્ઞાન ભવનમાં અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણ અને અધ્યાપક ડો. ધારા દોશીએ આપ્યા મનોવૈજ્ઞાનિક કારણોનો અહેવાલ

**અબતક, રાજકોટ**

મનોવિજ્ઞાનના જ્ઞાન આધારમાં આ એક ખૂબ જ શક્તિશાળી સૂત્ર છે. જેઓ આત્મહત્યા કરે છે તેમને મરવાની ઈચ્છા હોતી નથી, તેઓ સંજોગોને સ્વીકારી શકતા નથી અને તેમનાથી દૂર જવાની માનસિકતા સાથે આત્મહત્યા જેવું પગલું ભરતા હોય છે. વિદ્યાર્થીઓએ આત્યંતિક પગલું ભરવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. આ કારણોને મૂળભૂત રીતે પારિવારિક, સામજિક, આર્થિક અને શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય છે અને તેમાં પણ ઘણા સંજોગો છે, જેના કારણે સમગ્ર સમાજ માટે આવી દુઃખદ અને આઘાતજનક ઘટનાઓ બને છે. આ ઘટનાઓ આપણા બધાને ખૂબ જ ઉત્તેજિત કરે છે અને દુઃખ પહોંચાડે છે અને તે એ પણ સૂચવે છે કે હાલની વ્યવસ્થામાં ક્યાંક ને ક્યાંક સુધારાની જરૂર છે, પરંતુ તેની સાથે પરિવાર અને સમાજ તેમજ માતા-પિતા / વાલીઓએ પણ તેમના બાળકો પ્રત્યેની અપેક્ષિત જવાબદારી નિભાવવા માટે ઝડપથી બદલાતા સમય અનુસાર જરૂરી સમજ કેળવવાની જરૂર છે. શૈક્ષણિક વાતાવરણમાં શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થીનું ત્રિ-પરિમાણીય ચિત્ર પણ સ્પષ્ટ નથી અને એક પેટર્નને અનુસરવાને કારણે તે પણ ઝાંખુ થઈ ગયું છે. આધુનિક સમયમાં જીવન અને માનવીય મૂલ્યોની ઝડપથી બદલાતી ફિલસૂફીને કારણે સમાજમાં નૈતિકતા, સંસ્કારો અને સંસ્કૃતિનું પણ ધોવાણ થયું છે. તેની ખરાબ અસરો આપણને પ્રત્યક્ષ કે આડકતરી રીતે દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. માણસ તરીકે આપણામાં ધીરજ, સંવેદનશીલતા, સહનશીલતા, હિંમત જેવા ગુણો પણ ઘટી રહ્યા છે. બાળકોનું મન ખૂબ જ કોમળ અને શુદ્ધ હોય છે અને તેઓ આ બધા કારણોસર પેદા થતા દબાણને સહન કરી શકતા નથી અને લાગણીમાં આવીને આવા પગલા ભરે છે કે જેનાથી તેમના પરિવારને જીવનભર ન ભરાઈ શકાય એવો ઘા અને દુઃખ થાય છે. કુટુંબ એ સમાજનું પાયાનું એકમ છે’ બાળકોમાં સામાજિક જવાબદારી કેળવવી એ કુટુંબની સ્વાભાવિક ફરજ છે. આજીવિકાની ક્ષમતાનો વિકાસ એ શિક્ષણનો એકમાત્ર હેતુ હોઈ શકતો નથી. શિક્ષણ પ્રણાલીનું હૃદય વિદ્યાર્થીઓને માનવીય ગુણોથી સંપન્ન કરવાનું છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ચોકાવનારા આંકડા દર્શાવે છે કે ઘણા રાજ્યોમાં હજારો વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. અભ્યાસ બાદ એ નોંધવું જરૂરી છે કે પુરૂષો કરતા મહિલાઓ દ્વારા આત્મહત્યાના વધુ પ્રયાસો કરવામાં આવે છે, પરંતુ પુરૂષોનો મૃત્યુદર વધુ છે. આત્મહત્યા કરતા વિદ્યાર્થીઓમાં મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ છે. ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા તેમના શહેરી સમકક્ષો કરતા વધુ આત્મહત્યા કરે છે. પ્રેમ પ્રકરણના કારણે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે. પરિવારના સભ્યો સમાજના બદલાવને સ્વીકારવામાં અને બાળકોના જૂના રિવાજો અને પરંપરાઓ વિરુદ્ધ જઈને અસ્વસ્થતા અનુભવી રહ્યા છે, પરંતુ વ્યક્તિએ સમય પ્રમાણે પોતાનો સ્વભાવ, પરંપરાઓ, નીતિઓ અને વિચાર બદલતા રહેવું જોઈએ. આ દુનિયા બદલાઈ રહી છે, સતત નવી-નવી બાબતો જોવા મળી રહી છે ત્યારે પરિવારના સભ્યોએ પણ વિચારમાં બદલાવ કરવો જોઈએ અને તેમના બાળકોના જીવનને હકારાત્મક ઊંચાઈ પર લઈ જવા માટે ઉચ્ચ કાર્ય કરવાની પ્રેરણા આપવી જોઈએ. તો જ બાળકો ઉચ્ચ પરિણામો પ્રાપ્ત કરી શકશે. માતા-પિતા અને બાળકો વચ્ચે વાતચીતનો અભાવ પણ હતાશા અને આત્મહત્યાનું મુખ્ય કારણ છે. માતા-પિતા માટે તેમના બાળકો સાથે નિયમિત વાતચીત કરવી જરૂરી છે. કોઈપણ બાળક જે હતાશ થઈ રહ્યું છે કે આત્મહત્યા કરવા જઈ રહ્યું છે, તેને કોઈ સારો મિત્ર મળે, તો તે આત્મહત્યા કરતા પોતાને રોકી શકે છે. નાનપણથી જ પરિવારમાં બાળકોની ગેરવાજબી માંગણીઓ સ્વીકારવી જોઈએ નહીં. બાળકોને ના સાંભળવાની ટેવ પાડવી જોઈએ. વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું વધતું પ્રમાણ એ વર્તમાન સમયની ચિંતાનો બહુ મોટો પ્રશ્ન છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્વાની સંખ્યામાં જે ધીમે-ધીમે વધારો થયો છે તે ચોક્કસપણે સમાજ અને સરકાર માટે ચિંતાજનક છે. વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના વધતા જતા વલણ માટે કોઈ એક કારણ જવાબદાર નથી. કેટલાક કારણો જુદા-જુદા કિસ્સાઓમાં સમાન હોઈ શકે છે. તેથી, આત્મહત્યા માટે જે વિવિધ કારણો જ જવાબદાર છે તેના વિશે જાણીને તેના ઉકેલ માટે પ્રયત્નો કરી શકાય છે. સામાન્ય રીતે, આત્મહત્યા માટે ઘણા અંગત કારણો જવાબદાર છે પણ આ જવાબદાર વિવિધ કારણોને અંગત, કોટુંબિક, શૈક્ષણિક, સામાજિક, સરકારી / નીતિ અને આર્થિક કારણો હેઠળ રાખી શકાય છે.

### શૈક્ષણિક કારણો

(૧) અયોગ્ય મેનેજમેન્ટ
(૨) વિદ્યાર્થીઓ સામે ઓછા શિક્ષકો
(૩) આદર્શ શિક્ષાનો અભાવ
(૪) માત્ર પરીક્ષા પર ભાર
(૫) માત્ર કોર્સ પૂર્ણ કરવા ભણવું
(૬) ફી સિવાયનું અન્ય આર્થિક ભારણ
(૭) ગમતા કે અણગમતા બંને વિષયો ભણવા માટે પ્રેશર
(૮) નબળી આર્થિક સ્થિતિ હોવા છતાં મોંઘી શાળામાં ભણાવવાની ઘેલછા

### સામાજિક કરણો

(૧) આધુનિકતાના નામે આયોગ્ય વર્તન વિકાસ
(૨) સત્તા અને પૈસા પ્રત્યે વધુ લગાવ
(૩) સામાજિક ભેદભાવ
(૪) સામાજિક ચુસ્ત રૂઢિઓ
(૫,) અંધશ્રદ્ધા

### વ્યક્તિગત કારણો

(૧) ઈચ્છિત ધ્યેયની પૂર્તિ ન થવાને કારેણ નિષ્ફળતાની લાગણી થવી (૨) મનોબળ નબળું હોવાથી કોઈની વાતનો તત્કાલ સ્વીકાર
(૩) વધુ લાડપ્રેમને કારણે ’ના’ ન સાંભળવું અને અતિશય ગરીબીને કારણે નિમ્ન હોવાની લાગણી
(૪) જાતનું અયોગ્ય મૂલ્યાંકન
(૫) પૂરતા પ્રયત્ન વિના સફળતા મેળવવાની ઈચ્છા
(૬) નિષેધક વિચારધારા
(૭) ઈલેકિટ્રક સાધનોના વ્યસની
(૮) પ્રેમના સંબંધો

### કૌટુંબિક કારણો

(૧) માતા-પિતા બંનેનું નોકરિયાત હોવું
(૨) માતા-પિતા અને બાળક વચ્ચે વાતચીતનો અભાવ
(૩) બાળકોની યોગ્ય વાતનો પણ અસ્વીકાર
(૪) વિભકત કુટુંબમાં એકલાપણું અનુભવવું
(૫) માતા-પિતાના પ્રેશરને કારણે પસંદ કરેલ અભ્યાસક્રમ
(૬) પરિવારમાં સમાયોજનનો અભાવ
(૭) એક બાળકની બીજા બાળક સાથે તુલના
(૮) નાની ઉંમરમાં બાળકને શીખવવા માટે ઘરનું વાતાવરણ ન મળવું (૯) બાળકોને સમજાવવાની જગ્યાએ માર મારવો
(૧૦) સ્વપન પૂર્ણ કરવાનું માધ્યમ
(૧૧) બાળકની દરેક જીદ પૂર્ણ કરવી

### વિદ્યાર્થીઓમાં ડિપ્રેશન અને આત્મહત્યાના કારણો અને તેને રોકવા માટેના સૂચનો

(૧) શિક્ષણ અને માનવ સંસાધન વિકાસ રાજય સરકારની ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ
(૨) રાજ્યની શિક્ષણ નીતિ, રાષ્ટ્રીય અને વૈશ્વિક શિક્ષણ નીતિના પરિપ્રેક્ષયમાં ભારતીય શિક્ષણ નીતિ પર્યાવરણમાં સુધારવો કરવો. જેમ કે નવી શિક્ષણનીતિમાં ભારતીય શિક્ષણ પર મૂકવામાં આવેલ મહત્ત્વ ખૂબ આવકારદાયક છે.
(૩) શિક્ષણનો અભ્યાસક્રમ પ્રેકિટકલ અને તાલીમ લક્ષી હોવો જોઈએ, જેથી વિદ્યાર્થીને રોજગારની સમસ્યાઓ ઓછી કરી શકાય. (૪) દરેક વર્ગમાં તણાવમુક્ત પરીક્ષા વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. બાળકોના સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયાને લોકપ્રિય બનાવવી જોઈએ.
(૫) શાળા અને ઉચ્ચ શિક્ષણમાં, વિષયો, અભ્યાસક્રમોની પસંદગી પહેલા, દરેક વિદ્યાર્થી માટે કાઉન્સેલિંગ કરવામાં આવે તે જરૂરી છે. એપ્ટિટ્યુડ (અભિયોગ્યતા) ટેસ્ટ ફરજિયાત બનાવવી જોઈએ. પેરેન્ટ ટીચર એસોસીએશન (માતા-પિતા શિક્ષક સંગઠન) સંસ્થાઓમાં વધુ મજબૂત અને સક્રિય હોવું જોઈએ. શિક્ષક-વિદ્યાર્થીનો ગુણોત્તર વધારવો જોઈએ. (૬) શિક્ષક-વાલી યોજનાને અસરકારક બનાવી જોઈએ. (૭) અભ્યાસક્રમમાં સુધારો કરવો જોઈએ અને ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક વર્ગોમાંથી બિનજરૂરી અભ્યાસક્રમો દૂર કરવા જોઈએ અને શિક્ષણનું ભારણ ઘટાડવું જોઈએ. પ્રાથમિક વર્ગોમાં હોમવર્ક ન આપવું જોઈએ. દરેક શાળા / કોલેજ / કોચિંગ ઈ-સ્ટટીટટ્યુટમાં નિયમિતપણે પુરૂષો અને મહિલા સલાહકારોની નિમણુંક કરવી જોઈએ એન વિદ્યાર્થીઓ માટે ૨૪ ડ્ઢ૭ સપોર્ટ સિસ્ટમ /હેલ્પ લાઈન ઉપલબ્ધ રહે. (૮) અભ્યાસેતર પ્રવૃત્તિઓ વધારવી જોઈએ. ખાસ તેમના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ પર પણ મહત્ત્વ આપવું જોઈએ.



### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત

# ત્રણ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પારદર્શક ડ્રો પધ્ધતી દ્વારા બાળકોને અપાયો પ્રવેશ





## શાળા દિઠ ૧૩ દિકરીઓ અને ૧૨ દિકરાઓ એમ કુલ ૨૫ ભૂલકાઓનું નામ જાહેર કરાયું

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તક ત્રણ અંગ્રેજી માધ્યમની શાળાઓ કાર્યરત છે. તેમાં એસએનકે ગૃપના જે.એચ.પી. ફાઉન્ડેશનના સહયોગથી મધ્યમ ગરીબ વર્ગના બાળકોને ઉમદા, શ્રેષ્ઠ-કવોલીટી યુક્ત શિક્ષણ મળી રહ્યું છે. આ શાળામાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. ઉપરાંત પાઠ્ય પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાહિત્ય આપવામાં આવે છે.

ત્રણ શાળાઓ કવિશ્રી નર્મદ અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ૩/૯ ગાયત્રીનગર, બોલબાલા માર્ગ, રવિન્દ્રનાથ ટાગોર અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, સાધુ વાસવાણી માર્ગ તથા ડો. હોમી જહાંગીર ભાભા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, દુધ સાગર માર્ગ પર આવેલ છે. તેમાં નર્સરીના પ્રવેશ માટે જે બાળકોના માતા-પિતા મારફત ફોર્મ જમા કરવામા આવેલ છે, તે તમામ છાત્રોને દર વર્ષની માફક પારદર્શક ડ્રો પધ્ધતીથી પ્રવેશ આપવા માટે કાલે પ્રમુખ સ્વામી મહારાજ ઓડિટોરીયમ, મેઈન હોલ, રૈયા રોડ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામા આવેલ હતું. કાયક્રમમાં હાજર રહેલ નાની દિકરીઓના હસ્તે તમામ ચીઠ્ઠીઓ ખેંચાવામાં આવેલ હતી અને પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીનું નામ જાહેર કરવામાં આવેલ. આ પ્રવેશ પ્રક્રિયામાં શાળા દિઠ ૧૩ દિકરીઓ અને ૧૨ દિકરાઓ એમ કુલ ૨૫ (પચ્ચીસ) વિદ્યાર્થીઓને ડ્રો મારફત પ્રવેશ આપવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત ઉપરિસ્થત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવેલ અને ત્યાબાદ તમામ મહેમાનો મંચ ઉપર બિરાજમાન થયેલ. મહેમાનોનું શાબ્દીક સ્વાગત શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા મારફત કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ.

ઉપસ્થિત મહેમાનોને પ્રખ્યાત મહાનુભાવોના સુવિચાર સાથેના મોમેન્ટો આપી શિક્ષણ સમિતિના સભ્યો મારફત સન્માન કરવામાં આવેલ અને કાર્યક્રમને આગળ લઈ જવામાં આવેલ.

કાર્યક્રમ અદયક્ષ મેયર નયનાબેન પેઢડીયા મારફત

(અનુ. આઠમા પાને)

# ઉદ્યોગોના ફસાયેલા નાણાં પરત અપાવવા રાજકોટ ચેમ્બર ખાતે કેમ્પ યોજતા અધિક કલેકટર

### એમએસએમઇ ફેસિલિટેશન કાઉન્સિલમાં ૭ જિલ્લાના લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોના કેસોનું હિયરિંગઃ હજુ ૧૭ અને ૨૭ જુલાઈએ પણ યોજાશે ખાસ કેમ્પ





**અબતક, રાજકોટ**

એમએસએમઇ ફેસિલિટેશન કાઉન્સિલમાં કેસોનો ફટાફટ નિકાલ કરવા તંત્ર સજ્જ બન્યું છે. ઉદ્યોગોના ફસાયેલા નાણાં પરત અપાવવા અધિક કલેકટર દ્વારા આજે રાજકોટ ચેમ્બરના હોલ ખાતે કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉદ્યોગકારોના કેસોનું હિયરિંગ કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્રના એમએસએમઇ ફેસિલિટેશન કાઉન્સિલના કેસો અધિક કલેકટર ચેતન ગાંધીની અધ્યક્ષતામાં ચલાવવામાં આવી રહ્યા છે. કુલ ૭ જિલ્લાના લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોના ૧૮૦૦ જેટલા કેસ હોય તમામને ૬-૬ મુદત આપવાની હોવાથી વધુ સમય કેસો પેન્ડિંગ ન રહે તે માટે હવે અધિક કલેકટર દ્વારા કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યા છે. આજરોજ જે કેમ્પ યોજાયો હતો. જેમાં ફરિયાદ કરનાર ઉદ્યોગકારોને તથા સામાંપક્ષને સાંભળવામાં આવ્યા હતા. હવે તા.૧૭ અને ૨૭ જુલાઈએ પણ રાજકોટ ચેમ્બરના હોલમાં ખાસ કેમ્પ ગોઠવવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યના લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોને વધુ સરળતાથી અને ઝડપથી તેમની વિલંબીત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ થાય તે માટે, રાજ્ય સરકાર દ્વારા પાંચ રીજીયનમાં એટલે કે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં રીઝનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે. જેને સ્મોલ એન્ટરપ્રાઈઝ ફેશીલીએશન રિજયોનલ કાઉન્સિલ નામ આપવામાં આવ્યું છે.

(અનુ. આઠમા પાને)

### પવિત્ર શ્રાવણ માસે

# સોમનાથ મહાદેવની ઓનલાઇન બિલ્વ પૂજા કરવાનો 'શિવભકતો'ને મળશે લ્હાવો

### ભકતોને માત્ર રૂ.૨૫ના બિલ્વપૂજાના પ્રસાદમાં રૂદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ ભેટ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસના શિવ ભકતો માટે વર્ષના મોટા ઉત્સવ એવા શ્રાવણ માસ પ્રથમ જયોતિલીંગ મહાદેવની ઘરે બેઠા ઓનલાઇન બિલ્વ પૂજા કરવા માટે માત્ર રૂ. ૨૫માં નોંધાવી શકશે.

શિવ ભક્તો માટે વર્ષના સૌથી મોટા ઉત્સવ એવા શ્રાવણ રુપી ૩૦ દિવસિય શિવોત્સવ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવ પર પ્રતિદિન લાખો બિલ્વપત્રો અર્પણ કરવામાં આવનાર છે. કયુઆર તથા ટ્રસ્ટ ની વેબસાઈટ પરથી ભક્તો બિલ્વ પૂજા ઘરેબેઠા નોંધાવી શકશે, અને આ બિલ્વાર્ચન



સોમનાથ મહાદેવ ને પૂજારી દ્વારા કરવામાં આવશે. ત્યારે પ્રત્યેક ભક્ત પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ ને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કરી શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ફરી એકવાર પ્રારંભ કરી રહ્યુ છે. ''માત્ર રૂ. ૨૫ બિલ્વ પૂજા સેવા''.


અગાઉ સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી ૨૦૨૩, શ્રાવણ ૨૦૨૩, અને મહાશિવરાત્રી ૨૦૨૪ પર ભક્તો માટે આ વિશેષ બિલ્વપુજા સેવા'' શરૂ કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ભક્તો તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભક્તોનો વિક્રમ પ્રતિસાદ મળ્યો હતો. ત્રણે

(અનુ. આઠમા પાને)

# બાલાજી મંદિરે 'દાદા'ને રંગબેરંગી પુષ્પોનો અલૌકિક શણગાર

**અબતક, રાજકોટ**

રાજકોટની પાવન ધરામાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને આજના શનિવારના પવિત્ર દિવસે રંગબેરંગી પુષ્પોનો દિવ્ય અને અલૌકિક શણગાર કરાયો છે, આ અદ્ભુત , અલૌકિક અને દિવ્ય શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે , જેના દર્શન કરી ભક્તોએ ધન્યતાની અનુભુતી કરી છે સાથે સંગીતમય મારૂતિ યજ્ઞ પણ યોજાયો હતો જેનો બહોળી સંખ્યામાં ભક્તોએ અલભ્ય લાભ લીધો હતો , આજે સાંજે ૭.૧૫ કલાકે રાજોપચાર પદ્ધતિથી થતી દાદાની સંધ્યા આરતીમાં હજારો ભકતો દાદાના દર્શન અને આરતીનો દિવ્ય લાભ લેશે આપ પણ પરિવાર સાથે પધારી દાદાના દર્શન કરી ધન્યતાની અનુભતી કરો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિર દ્વારા જણાવાયું છે.



# વિરાણી હાઈસ્કુલમાં સ્વાસ્થ્યની જાગૃતતા સેમિનારમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ લીધો ભાગ



### સેમીનારમાં મનોવૈજ્ઞાનિક કાઉન્સેલર ડો.કર્તવી ભટ્ટ દ્વારા અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

વિરાણી હાઈસ્કૂલ રાજકોટ ખાતે અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ''મંદૂરસ્તી'' નામક માનસિક સ્વાસ્થ્ય જાગૃતતા માટેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં અંદાજીત ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

સેમીનારમા મનોવૈજ્ઞાનિક કાઉન્સેલર ડો. કર્તવી ભટ્ટ દ્વારા મંદૂરસ્તી શું છે, માનસિક સ્વાસ્થ્ય શું છે, શા માટે જરૂરી છે, અને કઈ રીતે માનસિક સ્વાસ્થ્ય જાળવી શકાય જેવી વિવિધ જરૂરી માહિતી આપવામાં આવી હતી. શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવવું


(અનુ. આઠમા પાને)

### ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ આયોજીત

# પ્રાથમિક શિષ્યવૃતિ પરીક્ષામાં મોદી સ્કુલના ૧૨ વિદ્યાર્થીઓ ઝળક્યાં

**અબતક, રાજકોટ**

શિક્ષણમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં આગવું સ્થાન ધરાવતી એવી મોદી સ્કુલ રાજય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજય દ્વારા પ્રાથમીક શિષ્યવૃતિ પરીક્ષાનું આયોજન ફેબ્રુઆરી માસમાં કરવામાં આવેલ જેમાં ધો. ૬ ના રાજકોટ શહેરમાંથી ૨૦ વિદ્યાર્થીઓ પસંદગી પામેલ છે. તેમાંથી ૧૨ વિદ્યાર્થીઓ એક માત્ર મોદી સ્કુલના છે. જે સમગ્ર ગુજરાતમાં એક જ ગ્રુપની સ્કુલમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ પસંદગી પામી સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં પી.વી. મોદી સ્કુલના વિદ્યાર્થીઓ ચાવડા માહીર, કિકાણી કાશ્વી, ગોહેલ ભાર્ગવ, મકવાણા જૈનીશ, રૈયાણી મીત, ડોબરીયા વંશ, અધેરા ટિયા, ખૂંટ હિ તથા



વી.જે. મોદી સ્કુલના વિદ્યાર્થીઓ કણજારીયા ધાવી, ભીમાણી કેયા તથા મોદી સ્કુલ અંબિકા ટાઉનશીપના વિદ્યાર્થી વઘાસિયા દર્શન તથા મોદી સ્કુલ ઈશ્વરીયા ના વિદ્યાર્થી હિરપરા વાસુ ઉતીર્ણ થયેલ છે. શાળાના પ્રિન્સીપાલઓ, સેકશન હેડઓ, સ્ટાફ ગણ તથા વિદ્યાર્થી મિત્રોએ ઉપરોકત તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. આર.પી. મોદી તથા મેનેજીંગ ડાયરેકટર ધવલભાઇ મોદીએ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવેલ. ભવિષ્યમાં પણ તેઓ ઉતરોતર સફળતાના સોપાનો સર કરી શાળા તથા પરિવારનું નામ રોશન કરેલ તેવી શુભકામનાઓ પાઠવવામાં આવેલ.

## તંત્રી લેખ

# નેપાળમાં ચીનની ચાપલુસી વાળી સરકાર આવી જશે ?

નેપાળમાં ફરી એકવાર સરકાર બદલાઈ છે. પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ પણ નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે. વર્તમાન વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડ સંસદમાં વિશ્વાસ મત હારી ગયા બાદ ઓલીએ આ દાવો રજૂ કર્યો છે. નવી સરકાર બનાવવાનો દાવો કર્યા બાદ ઓલીએ કહ્યું કે તેમની પાસે ૧૬૬ સાંસદોનું સમર્થન છે. આ સાંસદોમાં તેમની જ પાર્ટી યુએમએલના ૭૮ અને નેપાળી કોંગ્રેસના ૮૮ સાંસદો સામેલ છે. નેપાળમાં વર્તમાન રાજકીય અસ્થિરતા પહેલીવાર નથી. આ પહેલા પણ ઘણી વખત વર્તમાન સરકારના પતન કે ગબડ્યા બાદ બીજી પાર્ટી ફરી સત્તા પર આવી છે. વિદેશી બાબતોના નિષ્ણાતોનું માનવું છે કે ઓલીની સત્તામાં વાપસીથી ચીનને ફાયદો થઈ શકે છે. કેપી ઓલીના ચીન સાથેના સંબંધો શરૂઆતથી જ સારા રહ્યા છે. એવું માનવામાં આવે છે કે જો ઓલી સરકાર આ વખતે સત્તામાં પરત ફર્યા બાદ ભારત પ્રત્યે પોતાનું વલણ નહીં બદલે તો ચીનના વ્યૂહાત્મક પ્રભાવને કારણે તેની અસર ભારત-નેપાળ સંબંધો પર પડશે.

૨૦૦૮ માં રાજાશાહી નાબૂદ થયા પછી નેપાળમાં રાજકીય અસ્થિરતાનો સમયગાળો રહ્યો છે. આ જ કારણ છે કે છેલ્લા ૧૬ વર્ષના લોકતંત્રના આ ટૂંકા ગાળામાં નેપાળમાં ૧૩ વડાપ્રધાનોનો કાર્યકાળ જોવા મળ્યો છે. ૨૦૦૬થી પ્રચંડ પોતે ત્રીજી વખત નેપાળના પીએમ બન્યા છે. આ પહેલા પ્રચંડ ૨૦૦૮ થી ૨૦૦૯ અને ૨૦૧૬ થી ૨૦૧૭ સુધી નેપાળના પીએમ રહી ચૂક્યા છે. ડિસેમ્બર ૨૦૨૨માં ફરી એકવાર પીએમ બન્યા બાદ પ્રચંડે સંસદમાં પાંચ વખત વિશ્વાસ પ્રસ્તાવનો સામનો કર્યો છે. આ વખતે તેઓ ગૃહમાં બહુમત સાબિત કરી શક્યા નથી.

નેપાળ ભારતના પડોશી દેશોમાંનો એક છે. તાજેતરના સમયમાં નેપાળમાં જે રીતે ચીનની રુચિ વધી છે તે જોઈને નેપાળ હવે રાજદ્વારી સ્તરે ભારત માટે ખૂબ જ ખાસ બની ગયું છે. આવી સ્થિતિમાં, હવે જ્યારે નેપાળમાં ઓલી સરકારની વાપસીનો નિર્ણય લેવામાં આવ્યો છે, ત્યારે ભારત પર તેની કેટલી અસર પડશે તે જાણવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

જાણકારોનું માનવું છે કે જો ઓલી ફરી એકવાર નેપાળના વડાપ્રધાન બનશે તો નેપાળ અને ભારતના સંબંધોમાં બહુ બદલાવ નહીં આવે. તે જ સમયે, કેટલાક નિષ્ણાતો એવું પણ માને છે કે જો કેપી ઓલી ફરી એકવાર પીએમ બને છે, તો તે ભારત માટે એક મોટો પડકાર સાબિત થઈ શકે છે. જોકે, આ વખતે નેપાળમાં જે નવી સરકાર બનવા જઈ રહી છે તે ગઠબંધન સરકાર હશે, તેથી ઓલી સ્વતંત્ર રીતે કોઈ મોટો નિર્ણય લઈ શકશે નહીં. તેઓએ ગઠબંધન ધર્મનું પાલન કરવું પડશે.

## ગરવા ગીરનારની ગોદમાં...

# "ગ્રીન રક્ષાબંધન મહોત્સવ" અજોડ અને અભૂતપૂર્વ બનાવવા તડામાર તૈયારી

### ગિનીસ બુક ઓફ રેકોર્ડમાં ઈવેન્ટની લેવાશે નોંધ, રંગલોના ફાઉન્ડર રવિ વિરપરીયાની ટીમ કામે લાગી

**અબતક, રાજકોટ**

રાજકોટ હજ્જારો વર્ષોથી ગિરનાર પર્વત આધ્યાત્મિક અને ધાર્મિક સંસ્કૃતિનું કેન્દ્ર બની રહ્યો છે ત્યારે આગામી રક્ષાબંધને પ્રકૃતિ અને સંસ્કૃતિના ઈકો ફ્રેન્ડલી અનુબંધને આગળ વધારવા માટે 'ગ્રીન રક્ષાબંધન'ના નામે એક અનોખા અને અભૂતપૂર્વ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનની વિગતો આપતા રંગલો ક્રિએશન પ્રાઈવેટ લિમિટેડના ફાઉન્ડર અને ડાયરેકટર રવિભાઈ વિરપરિયાએ જણાવ્યું હતું કે તેમનું આયોજન દરેક અર્થમાં યુનિક અને અભૂતપૂર્વ બની રહે તે પ્રકારે તમામ તૈયારીઓને વેગ આપવામાં આવ્યો છે. ગ્રીન રક્ષાબંધન દ્વારા તેઓ પ્રકૃતિનું મહત્વ લોક હૃદયમાં સ્થાપિત થાય અને પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેનું છૂટી રહેલું જોડાણ ફરી સંધાય તે હેતુથી આ આયોજન કરી રહ્યા છે.

આગામી રક્ષાબંધનના પર્વ નિમિત્તે ૧૮ ઓગસ્ટ રવિવારના રોજ ગિરનારના દરેક પગથિયા પર ગ્રીન રક્ષાબંધનના નિયત કરેલા ડ્રેસકોડ સાથે બહેન પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરશે. આ રક્ષાપર્વમાં ફક્ત ૧૬ થી ૩૬ વર્ષના ભાઈ બહેનો જ ભાગ લઈ શકશે. આ ઈવેન્ટનું થીમ સોંગ ટૂંક સમયમા જ લોન્ચ કરવામાં આવશે. આ અનોખા પર્વને વધુ શાનદાર બનાવવા માટે તેમાં અનેક ઓનલાઈન સ્પર્ધાઓના આકર્ષણ ઉમેરવામાં આવ્યા છે. 'ગ્રીન રક્ષાબંધન'ની થીમ અંતર્ગત માનવ જીવનની જરૂરિયાત સમાન પ્રકૃતિની જાળવણી અર્થે સમગ્ર ગુજરાતમાં ૧૧ લાખ વૃક્ષોના વાવેતર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.


આ'ગ્રીન રક્ષાબંધન' ઈવેન્ટની યાદગીરીરૂપે ગુજરાતના ૧૧૧ ગામોમાં ૧૧૧ વૃક્ષોના 'રક્ષાવન' ઉછેરવામાં આવશે. જ્યારે આ ઈવેન્ટ દરમિયાન જ ૧૧૧ ગામોમાં ૧૦૦૦ લેખે કુલ એક લાખ ૧૧ હજાર ફળાઉ ઝાડના રોપાનું વિતરણ પણ કરવાનો આયોજન વિચારવામાં આવ્યું છે. રવિ વીરપરિયાએ વધુ વિગત આપતા જણાવ્યું હતું કે ગ્રીન રક્ષાબંધનએ દેશની પ્રથમ ફેસ્ટિવલ એડવેન્ચર ટુરિઝમ ઈવેન્ટ બની રહેશે અને આવનારા સમય માટે ભારતીય સંસ્કૃતિ અને તહેવારને વૈશ્વિક ઓળખ આપવાનું કામ કરશે. ભારતનાં સોફ્ટ પાવરની વૈશ્વિક લેવલે નોંધ લેવામાં આવશે અને તેમને વિશ્વની વિવિધ રેકોર્ડ બુકમાં સ્થાન મળતા સમગ્ર દુનિયાના લોકો આધ્યાત્મિક ભૂમિ ગિરનાર અને ભારતીય સંસ્કૃતિના મહાપર્વ એવા રક્ષાબંધનથી માહિતગાર થશે. આ ઈવેન્ટના વ્યાપક પ્રચાર અને પ્રસારને કારણે ગિરનારને આજુબાજુના પ્રવાસન સ્થળોનું આધ્યાત્મિક ટુરીઝમ તરીકે નેશનલ અને ઈન્ટરનેશનલ બ્રાન્ડિંગ થશે. જેનો ફાયદો આવનારા સમયમાં પ્રવાસન ક્ષેત્રને પણ મળશે.

વિશેષ કાર્યક્રમ અંતર્ગત ૧૧૧ સ્પેશિયલ સ્ટોરીની સંપાદિત પુસ્તકની ગિફ્ટ પણ આ ઈવેન્ટના માધ્યમથી ભાગ લેનાર ભાઈ-બહેનને આપવામાં આવશે. સમગ્ર ઈવેન્ટને સફળ બનાવવા માટે ગુજરાતની ૧૦૧ સ્કૂલ અને કોલેજને આ ઈવેન્ટમાં સહભાગીદાર બનાવવા માટેનું કામ શરૂ થઈ ચૂક્યું છે. ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ઈવેન્ટનું ગ્રીન કેમ્પેઈન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ઈવેન્ટની પૂર્વ સંધ્યાએ ભાઈ-બહેનની થીમ પર ગ્રાન્ડ નાઈટ કલ્ચરર ઈવેન્ટ યોજાશે. જેમાં નામાંકીત કલાકારો પોતાનું પરફોર્મન્સ આપશે.

સ્કૂલ, કોલેજ સિવાય પણ ભાગ લેવા માંગતાં ભાઈઓ અને બહેનોના રજીસ્ટ્રેશન પણ ટૂંક સમયમાં શરૂ થશે.'ગ્રીન રક્ષાબંધન' વિશે વધુ માહિતી, સ્પોન્સરશીપ, કોલોબ્રેશન કે વોલેન્ટિયર બનવા માટે ranglocreation@gmail.com અથવા 90818 11161 કે 88666 09807 પર સંપર્ક કરવો. અને greenrakshabandhan ના સોશ્યલ મીડિયા હેન્ડલ ફોલો કરવાથી ઈવેન્ટ વિશે રેગ્યુલર અપડેટ મળતી રહેશે. તેવું સંસ્થાન આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## સહકાર ભારતીના સ્થાપક

# વકીલ લક્ષ્મણરાવ ઈનામદારની પુણ્યતિથિ નિમિતે સોમવારે વૃક્ષારોપણ કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

વિના સંસ્કાર નહી સહકારના મંત્ર દ્રષ્ટા સહકાર ભારતીના પ્રેરણા પુંજ, સષીતુલ્ય, લક્ષ્મણરાવ ઈનામદારમાં વકીલ સાહેબની સોમવારે પુણ્યતિથિ નીમીતે સહકારી ક્ષેત્રના બંધુઓ સહકાર ભારતી દ્વારા સાંજે ૫ વાગ્યે આશુતોષ રેસીડેન્સી માધાપર ગામમાંથી આગળ જતાં ઈશ્વરીયા ફાટક પાસે યોજાનાર છે.


આ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. એન.ડી. શીલુ અધ્યક્ષ, હરગોપાલસિંહ જાડેજા ઉપાધ્યક્ષ, જયેશ સંઘાણી મહામંત્રી, દીપકભાઈ મકવાણા, નીતીનભાઈ મહેતા, વિજયભાઈ કોઠારી અરુણભાઈ નિર્મળ, નાથાભાઈ ટોળીયા સહીતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યાં છે.

# ઈએનટી સર્જન ડો.જુહી મણિયારની સેવા હવે બાલાજી હોસ્પિટલમાં મળશે

### બાલાજી હોસ્પીટલ ખાતે કાન, નાક અને ગળાનો વિભાગ શરૂ કરાયો

**અબતક રાજકોટ**

કાન,નાક અને ગળાના સર્જન ડો. જુહી મણિયાર દ્વારા બાલાજી હોસ્પિટલમાં ખાતે કાન, નાક અને ગળાનો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.



ડો.જુહી તેજુરા મણિયાર કે જે ઘણા વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ રાજકોટ સિવિલ હોસ્પિટલ, પંચનાથ હોસ્પિટલ, ઈઝઝી શિફાખાના હોસ્પિટલ, દશાશ્રીમાળી હોસ્પિટલ તથા અનેક સેવાકીયો મેડિકલ કેમ્પમાં સેવા આપી ચુક્યા છે.ઈએનટી સોસાયટી રાજકોટના તેઓ સેક્રેટરી તરીકે છેલ્લા બે વર્ષ રહી ચુક્યા છે.

શ્રી બાલાજી મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ડો.જુહી મણિયાર દ્વારા કાન, નાક અને ગળાના રોગોના સચોટ નિદાન અને ઉત્તમ સારવાર ઉપલબ્ધ થશે.કાનના રોગો જેવા કે ,બહેરાશ, રસી, પડદામાં કાણું, કાનનો સડો, હાડકી ચોંટી જવી, કાનમાં બોલતા તમરાં, કાનની બુટ સાંધવાની સારવાર, ચક્કર, કાનમાં ફસાયેલા પદાર્થ કે જીવજંતુને દૂરબીનથી કાઢવાની સુવિધા.નાકના રોગો જેવા કે,નાક બંધ થવું, વારંવાર થતી એલર્જી , નાકમાંથી લોહી વહેવું, નાકના ત્રાંસા પડદાનું ઓપેરશન, નાકના મસા, સાયનસના રોગો તથા દૂરબીન વડે સાયનસના ઓપેરશન, નાકના હાડકાના ફ્રેક્ચર, નાકમાં ફસાયેલ પદાર્થ કે જીવજંતુને દૂરબીનથી કાઢવાની સુવિધા અને ગળાના રોગો જેવા કે,*થાઈરોઈડની ગાંઠ, લાળગ્રંથિના રોગો, સ્વર પેટી તથા અવાજને લગતા રોગો માટે દૂરબીનથી નિદાન અને સારવાર કરવામાં આવે છે.

# આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપની સેવા સફરનો પાંચમા વર્ષમાં મંગલપ્રવેશ



આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ તારીખ ૧૩/૦૭/૨૦૨૦ ના રોજ આ "સક્ષમ સમાજ ઘડતરથી સક્ષમ રાષ્ટ્ર નિર્માણ" ના હેતુ સાથે ગ્રુપની શરૂઆત થઈ છે, હાલમાં આ ગ્રુપમાં ૫૩,૦૦૦ જેટલા સભ્યો જોડાયેલ છે,આ ગ્રુપ બિન રાજકીય અને સંપૂર્ણ હકારાત્મક અભિગમ સાથે કાર્ય કરી રહ્યું છે અને આજ રોજ તારીખ ૧૩/૦૭/૨૦૨૪ ના રોજ આ ગ્રૂપને ચાર વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ ત્યારે સોશિયલ મીડિયામાં આ ગ્રુપને ચોતરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે..

છેલ્લા ચાર વર્ષથી ચાલતા આ ગ્રુપ સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક, પર્યાવરણ આધારિત, વ્યસનમુક્તિ જેવા ઘણાં વિષયો સંબંધિત જાગૃતિ અને ગ્રાઉન્ડ પરના કાર્યક્રમો કરે છે.

# બજરંગ ગ્રુપ દ્વારા રવિવારે નિઃશુલ્ક વેવિશાળ કેન્દ્ર સમાજ માટે આશિર્વાદરૂપ

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ રાજકોટ સીટીના નેજા હેઠળ લોહાણા સમાજના યુવક અને યુવતિઓના વૈવિશાળના જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે સંવાદ સંભર વાતાવરણમાં મોભીના માહીતી માર્ગદર્શનમાં દર રવિવારે નિઃશુલ્ક લોહાણા સમાજ વૈવિશાળ કેન્દ્ર સાંજે ૫ થી ૭ સુધી પંચમુખી હનુમાનજીના મંદિરની બાજુમાં ગરેડીયા કુવા રોડ, રાજકોટ ખાતે કાર્યરત છે.

લોહાણા સમાજના આ વૈવિશાળ કેન્દ્રમાં સી.એ, ડોકટર, એન્જીનીયર, સ્નાતકોને પ્રાધાન્ય આપવામાં આવશે તેમજ વિશેષ માહીતી માટે કિશોરભાઈ કારીયા મો. નં. ૯૪૨૮૨ ૫૪૦૦૮, હસુભાઈ ગણાત્રા મો. નં. ૯૮૨૪૧ ૫૪૧૧૧, ઉપર સંપર્ક કરવા વિનંતીલોહાણા સમાજ વેવિશાળ કેન્દ્રને પંકજભાઈ ચગ, પંકજભાઈ કારીઆ, સુનીલભાઈ મજેઠીયા, મનુભાઈ ખંધેડીયા, ચંદ્રેશભાઈ ગણાત્રા, સહીતના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# બંગાળી લેખક બાદલ સરકારનું નાટક"પગલા ઘોડા" ગુજરાતીમાં નિહાળવાનો અનેરો અવસર

### અબતકની શુભેચ્છા મુલાકાતમાં 'પગલા ઘોડા' નાટક કલાકારએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

ભારત એટલે વિવિધતામાં એકતાનો દેશ. ભાષાઓમાં, પહેરવેશમાં, વ્યવહારમાં અને સાંસ્કૃતિક વૈવિધ્યથી ભરપૂર આપણો દેશ પોતાની એક અલગ જ વિચારસરણી અને પદ્ધતિ સાથે સદાય વિશ્વમાં પ્રસિદ્ધ થતો રહ્યો છે. આપણા દેશની અંદર જે વિવિધતા છે એટલી જ એકાત્મતા પણ છે. કલાએ આ એકાત્મતાને મજબૂત રીતે જોડતું પાસ છે. રાજકોટમાં વિવિધ વિષયો સાથે અલગ-અલગ નાટકો છેલ્લા ઘણા સમયથી ભજવાઈ રહ્યા છે અને એ દૌરને આગળ ધપાવી આગામી ૨૧ જુલાઈના ભજવાશે.



'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં ચેતસ ઓઝાએ જણાવ્યું હતું કે સસ્પેન્સ નાટકો જોવા ઈચ્છતા પ્રેક્ષકો અને ક્લાસિક થિએટરના રસિકજનો માટે આ નાટક વિશેષ પ્રીતિપાત્ર ગણી શકાય. આ નાટકનું આયોજન અને નિર્માણ વી.ડ્રામેટીક્સ તેમજ ટેલેન્ટ એન્ટરટેઈનમેન્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જાણીતા નાટ્ય કલાકાર હસન મલેક દ્વારા આ સદાબહાર બંગાળી નાટકને ગુજરાતીમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. કલાકારોની વાત કરીએ તો દિયા મહેતા, અમિત વાઘેલા, વૃંદા નથવાણી, હુસેન પોપટિયા, સાક્ષી લાલસેતા, ભાવિતા જેઠવા, હર્ષવર્ધન કડેલ, શુભમ ભટ્ટ, ઓમ ભટ્ટ, અભિષેક દીક્ષિત અને હાર્દિક આસોડિયા મંચ પર અભિનયના ઓજસ પાથરશે. સંગીત સંચાલન ગીતાંશ સ્વાદિયા તો પબ્લિસિટી તેમજ પ્રકાશ સંચાલન ચેતસ ઓઝા સંભાળી રહ્યા છે. સમગ્ર નાટકમાં અભિનેતા અને દિગ્દર્શકની બેવડી ભૂમિકા ભજવી રહ્યા છે. આશાસ્પદ યુવાન કૃષાન દોશી જેમણે દેશભરમાં વિવિધ સ્થળોએ નાટકો ભજવ્યા છે અને પોતાના અનુભવ થકી રાજકોટના લોકોને કશુંક અનોખું અને અલગ આપવા તેઓ ઉત્સુક છે. આ નાટક હેમુ ગઢવી નાટ્ય ગૃહના મિની ઓડિટોરિયમ ખાતે આગમી ૨૧ જુલાઈ રવિવાર રાત્રે ૯:૩૦ ભજવવાનું છે અને ટિકિટ બુકિંગ માટે ૭૭૭૭૯ ૦૯૬૪૮ તથા ૮૧૫૩૦ ૭૦૯૪૯ નંબર પર સંપર્ક કરી શકાશે.'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં ચેતસ ઓઝા, કૃષિક દવે, વૃંદા નથવાણી, હુસેન પોપટિયા, સાક્ષી લાલસેતા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# દશનામ ગોસ્વામી ક્રિએટીવ દ્વારા કાલે પરિચય મિલન કાર્યક્રમ

### દેશભરમાંથી સમાજના ૫૦૦ થી વધુ યુવક-યુવતીઓ ભાગ લેશે, કાર્યક્રમની વિગત આપવા આયોજકોએ અબતકની લીધી મુલાકાત

**અબતક, રાજકોટ**

પાછળા ૨૪ વર્ષોથી દશનામ ગોસ્વામી સમાજના સમગ્ર ભારત વર્ષનો હાઈલી એજયુકેટેડ તથા ગ્રેજયુએટ યુવાનો અને યુવતિઓ માટે પોતાને સમકક્ષ શિક્ષા પ્રાપ્ત કરેલ યોગ્ય જીવનસાથી પસંદ કરવાના મહાયજ્ઞ સમાન પ્રયાસ સ્વરુપ પાછલા ૨૪ વર્ષોથી નેશનલ લેવલ પર દશનામ ગોસ્વામી ક્રિએટીવ ગ્રુપ રાજકોટ દ્વારા આયોજન પામતો કાર્યક્રમ 'કહીં ન કહીં કોઈ હૈ' પરિવાર પરિચય મીલન-૨૦૨૪ આવતીકાલે રવિવારના બપોરના ૧.૩૦ કલાકથી હેમુ ગઢવી ઓડીટોરીયમ ખાતે યોજાશે. જેમાં અનેકો હાઈલી એજ્યુકેશન યુવાનો-યુવતિઓ પોતાના જીવનસાથીની પસંદગ કરશે. સમારોહના અધ્યક્ષ સ્થાને ઉદ્યોગપતિ પ્રેમગીરી દેવગીરીના પ્રમુખ સ્થાને અમદાવાદના સફળ ઉદ્યોગપતિ હરેશ ભારથી ઉપાધ્યક્ષ પદે કેળવણી કારી મનસુખપુરીજી, ભાવનગર અને ધર્મેન્દ્રગિરી અમરેલી તથા કૃષ્ણગીરી લીંબડી વ્યકિત વિશેષ પદે ઉપસ્થિત રહેશે. પોતાની ઉત્તમ સમાજ સેવાને બિરદાવતા પરમ શિવભકત અને ધર્મયોગી પ્રતાપગીરી, ગોંડલનું દશનામ શિરોમણી સમાજ ૨૦૨૪ થી સન્માન થશે.



તસવીરઃ શૈલેષ વાડોલીયા

કાર્યક્રમની વિગત આપવા ફાઉન્ડેશન પ્રેસિડેન્ટ નિલેશહરી અને. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ગીરીશપુરી, અમુલગીરી મહેશપુરી, દેવાંગગીરી, રાજનગીરી, કલ્પેશ ત્રિવેદી, સાગર ગીરી તથા કલ્પનાબેન શિલ્પાબેન, ગીતાબેન, સરોજબેન પલ્લવીબેન તેજલબેન શ્રધ્ધાબેન ઉર્વશીબેન દિપ્તીબેન પ્રજ્ઞાબેનઃ રશિશાબેન એ 'અબતક' મીડીયા હાઉસની મુલાકાત લીધી હતી.

'અબતક' સાથેની વાતચીતમાં નીલેશપુરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, અમે છેલ્લા ૨૪ વર્ષથી ઉચ્ચ શિક્ષીત યુવક-યુવતિઓ માટે પરિવાર પરિચય મીલન મેળો યોજવામાં આવે છે. આવતીકાલે હેમુ ગઢવી હોલ ખાતે પરિચય મેળાનું આયોજન કરવામા આવ્યું છે.

આ મેળામાં દેશભરમાંથી ૫૦૦ થી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહેશે. અગાઉથી જ રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

# જીલ્લા ભાજપ અગ્રણી અરવિંદ મારડીયાનો જન્મદિવસ



રાજકોટ શહેર/જીલ્લા ભાજપાના પાયાના કસાયેલા, તરવરીયા ભાજપના અગ્રણી અરવિંદભાઈ મારડિયાનો આજેજન્મ દિવસ છે. આજે તેઓ ૬૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે.

અરવિંદભાઈ મારડિયાએ રાજકોટ ભાજપાના કાર્યકરોના સંગઠનને ખુબ જ સક્ષમ બનાવેલ હતું. તેઓ રાજકોટ વોર્ડ નં-૧૦માં બુથવાલી તેમજ પ્રચારક તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના કાર્યકાળમાં ધારાસભા- લોકસભા- તાલુકા પંચાયત-જીલ્લા પંચાયત વગેરે મુખ્ય ચુંટણીઓ તેમજ પેટા ચૂંટણીઓમાં ઉમદા કામગીરી કરીને મતદારોમાં મતદાન માટેની ખુબ જ જાગૃતિ લાવ્યા હતા.

અરવિંદભાઈ મારડીયાએ નરેન્દ્રભાઈ મોદીજી પ્રથમ વખત રાજકોટની ચૂંટણીમાં ચૂંટાયેલ તે વખતમાં તેઓની ઓફીસમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું કાર્યાલય ખોલવામાં આવેલ. આ સમયમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવાસો કરી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના વિકાસ કાર્યોની અને યુવાનોને મળતી સહાયો અંગે યુવાનોને જાગૃતિ કરી તેઓને સ્વનિર્ભર બનાવવાના સફળ પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ અનેક સામાજીક સેવાકીય તેમજ ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાઈને સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે.આજે તેમના જન્મ દિવસ નિમિતે ભાજપાના હોદેદારો, ધારાસભ્યો, સંસદસભ્યો તેમજ રાજકીય-સામાજિક-ધાર્મિક સંસ્થાના આગેવાનો તેમના મો.૯૮૨૫૦ ૭૨૭૭૩ ઉપર શુભેચ્છાવર્ષા આપી રહ્યા છે.

# માધવ મંડળીનો ૨૬માં વર્ષમાં મંગલ પ્રવેશ:સોમવારે વિવિધ કાર્યક્રમોની વણઝાર

### માધવ શરાફી મંડળી 'ડોકટરોની મંડળી' તરીકે પ્રખ્યાત હતી હવે શ્રેષ્ઠ ભેટ આપતી મંડળી તરીકે ખ્યાતિ પામી

**અબતક, રાજકોટ**

માધવ મંડળીનો ૨૬મો સ્થાપના દિવસની એટલે રજત જયંતી મહોત્સવ ૧૫ જુલાઈ સોમવારે રાત્રે ૮:૦૦ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે યોજાવા જઈ રહ્યો છે.



બોસ તારી બીક છે. બાકી બધું ઠીક છે. ગુજરાતી કોમેડી નાટક માધવ મુદિતા પુસ્તિકાનું લોકાર્પણ માધવ શરાફી સહકારી મંડળી લી. ની વેબ સાઈટનું લોન્ચીંગ તથા માધવના ડીરેકટર ડો. કમલસિંહ ડોડીયા, ઉપકુલપતી, સૌરાષ્ટ્ર યુનિ., નું અધકેરું સન્માન માધવ શરાફી સહકારી મંડળી તેની પારદર્શિતા અને અનુશાસન બધ્ધ વહીવટ માટે સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન પ્રાપ્ત કયુ છે .સભાસદોના સર્વાંગી વિકાસના ધ્યેયને વરેલ માધવના સભાસદો, કમેચારીઓ, ડીરેકટસે તથા શાખાઓના વ્યવસ્થાપક મંડળ એક પરિવારની ભાવનાથી ઝળહળતા ૨૫ વર્ષ પુરા કરી ૨૬ માં વર્ષેમાં પ્રવેશે છે .માધવના ૨૬માં સ્થાપના દિન નિમીત્તે ચતુર્વિદ કાર્યક્રમોનું આયોજન ડો. એન. ડી. શીલુના માર્ગદર્શન હેઠળ ગુજરાત કોમેડી નાટ્ય બોસ તારી બીક છે. બાકી બધું ઠીક છે ., ''માધવ મુદિતા' પુસ્તિકાનું લોકાપણ, માધવની વેબસાઈટનું લોન્ચીગ, ડો.કમલસિંહ ડોડીયા, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં ઉપ.કુલપતી પદે નિયુકિત થતા સન્માન પ્રવેશપાસ કાર્યાલય પરથી લઈ બરાબર આઠના ટકોરે હેમુ ગઢવી હોલમાં આપનું સ્થાન ગ્રહણ કરવા તથા હાસ્યસભર કોમેડી નાટક બોસ તારી બીક છે. બાકી બધુ ઠીક છે. સાથો સાથ ''માધવ મુદિતા''' ના નામથી સભાસદોના સુખે સુખી થતી માધવની આ અભૂતપૂર્વે પૂસ્તિકામાં ૨૬ સનાતન સૂકિતઓ અને શ્લોકોનું આલેખન ગીરીશ ચોહાણની સુંદર ચિત્રો પ્રદર્શની સાથે મુદિતા નાનામોટા સૌ માટે સંગ્રહ કરવા લાયક પુસ્તિકા બની રહેશે.

માધવની ઓનલાઈન સેવાઓ તથા ઈતિહાસને ઉજાગર કરતી માહિતી આપતી આપતી નિખીલ ઉપાધ્યાય દ્વારા તૈયાર થયેલ વેબસાઈટનું લોકાર્પણ આમંત્રીત મહેમાનો, મિડીયા જગત તથા સભાસદોની સાક્ષીએ કરવામાં આવશે.માધવ શરાફી સહકારી મંડળી લી. આજ સુધી ''ડોક્ટરોની મંડળી'' તરીકે ખ્યાત હતી હવે ''શ્રેષ્ઠ ભેટ આપતી મંડળી'' તરીકે પ્રખ્યાત છે.માધવની પ્રવૃત્તિ વિશે વાત કરીએ તો માધવના જરુરીયાત વાળા સભાસદો માટે સરળ અને ઝડપી ધિરાણ, થાપણદારો માટે આકર્ષક વ્યાજ દર, કોઈ પણ જાતના પ્રોસેસીંગ ચાજ વગર માત્ર ૧૦% ના વ્યાજ દરથી રૂ. ૫ લાખ સુધીનું સોના ધિરાણ (ગોલ્ડ લોન), દર વર્ષે ગૃહ ઉપયોગી વિકલ્પો સાથેની વાર્ષિક સભાસદ ભેટ, સભાસદોના અચલ વિશ્વાસનું કેનદ બની રહયુ છે .આ ઉપરાંત કોરોના વેકસીનેશન કેમ્પ નું આયોજન પણ માધવ દ્વારા કરવામાં આવેલ, શ્રીરામ જન્મભૂમી મંદિર નિર્માણ કાર્યમાં પણ સહભાગી થવામાં માધવ અગ્રેસર રહયુ છે. વૃધ્ધાશ્રમ તથા વિરાણી બહેરા મુંગા શાળાના નવ નિર્માણ જેવા સત્કાર્યોમાં માધવ'' હાજર જ હોય છે. સભાસદોના સંતાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિના મુલ્યે વર્ગો તથા કર્મચારી ગણ માટેની પ્રશીક્ષણ શિબીરનું આયોજન પણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે. રાજકોટમાં બનેલી પ્રથમ 'સ્કીન બેંક'માં પણ માધવનું અનુદાન રહયુછે.આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. એન. ડી. શીલુ(એમ.ડી), ડો. પ્રકાશ મોઢા ચેરમેન), ડો. કેતન બાવીશી (વાઈસ ચેરમેન), ડો. અશ્વીન સાવલીયા, ડો. કમલ ડોડીયા, ડો. તત્સ જોષી, ગીરીશભાઈ ગોરીયા, તેજશભાઈ પંડયા, ભાસ્કરભાઈ રાજયગુરુ, જયંતીભાઈ રાજકોટીયા, મહેશભાઈ શીલુ, ડો. મિતાબેન ઓઝા, કલ્પનાબેન શુકલ સહિતના ડીરેકટર મિત્રો સતત પ્રવૃત્તિશીલ છે.ચંદ્રેશભાઈ કાપડીયા (જનરલ મેનેજર), આશુતોષભાઈ શીલુ (સી.ઈ.ઓ.), જયવિરસિંહ ઝાલા, વિજય પુરોહીત, વિરેન્દ્ર ચોહાણ, વિવેકભાઈ શીલુ સહિતના કર્મચારી ગણ અથાગ મહેતન કરી રહયા છે.

# કોર્પોરેશનની બાંધકામ અને કાયદા સમિતિના ચેરમેન બદલાશે

## તબિયત નાદુરસ્ત હોવાના કારણે બાંધકામ સમિતિનું ચેરમેનપદ છોડવાની ભાવેશ દેથરીયાની તૈયારી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ૧૫ ખાસ સમિતિઓ પૈકી બાંધકામ અને કાયદા સમિતિઓના નવા ચેરમેનની નિયુક્તિ કરવા માટે આગામી જનરલ બોર્ડની બેઠકમાં અરજન્ટ બિઝનેસ દરખાસ્ત મુકવામાં આવે તેવી સંભાવના છે.આવાસ યોજનામાં ક્વાર્ટર ફાળવણીમાં પતિદેવની સંડોવણી ખૂલતા ભાજપે દેવુબેન જાદવને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.તેઓ પાસેથી કાયદો અને નિયમોની સમિતિના ચેરમેનનું પદ પણ આંચકી લેવાયું છે. જ્યારે બાંધકામ સમિતિના ચેરમેન ભાવેશભાઈ દેથરીયાની તબિયત નાદુરસ્ત હોવાના કારણે તેઓએ પણ ચેરમેનપદ છોડવાની લાગણી વ્યક્ત કરી છે

આ અંગે કોર્પોરેશનમાં સૂત્ર પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ વોર્ડ નં. ૬ના ભાજપના નગરસેવિકા દેવુબેન જાદવના પતિદેવ મનસુખ જાદવે આવાસ યોજના કવાર્ટર ફાળવણીમાં આચરેલા મહા કૌભાંડ બાદ તેઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. દેવુબેન જાદવ પાસેથી કાયદો અને નિયમોની સમિતિનું ચેરમેન પદ પણ આંચકી લેવામાં આવ્યું છે.આ સમિતિનું ચેરમેનપદ છેલ્લા ઘણા સમયથી ખાલી પડ્યો હોય કોર્પોરેશનમાં આગામી ૧૮મી જુલાઈના રોજ મળનારી જનરલ બોર્ડની બેઠકમાં અરજન્ટ બિઝનેસ મૂકી કાયદો અને સમિતિના ચેરમેનની નિયુક્તિ કરવામાં આવશે. વોર્ડ નં.૪ના નગરસેવિકા કંકુબેન ઉધરેજાને કાયદા સમિતિના નવા ચેરમેન બનાવવામાં આવે એવું હાલ લાગી રહ્યું છે. બીજી તરફ વોર્ડ નાં. ૬ ના કોર્પોરેટર અને બાંધકામ સમિતિના ચેરમેન ભાવેશભાઈ દેથળીયાની તબિયત છેલ્લા ઘણા સમયથી નાદુરસ્ત છે.ગળાના કેન્સરનું ઓપરેશન કરાવ્યા બાદ તેઓ હાલ બોલી પણ શકતા નથી. તેઓએ તબિયતના કારણે ચેરમેનપદ છોડવાની તૈયારી દર્શાવી હોય જનરલ બોર્ડમાં બાંધકામ સમિતિના નવા ચેરમેનની નિમણૂક માટે પણ નિર્ણય લેવાય શકે છે. આ પદ માટે વોર્ડ નં.૬ ના કોર્પોરેટર પરેશ પીપળીયા(પીપી) નું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. જનરલ બોર્ડની આગામી બેઠકમાં કાયદો અને નિયમોની સમિતિને ચેરમેન બદલાશે તે વાત ફાઈનલ છે. જ્યારે બાંધકામ કમિટીના ચેરમેન બદલવા અંગે આગામી દિવસોમાં પક્ષ દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

# નેશનલ યુથ પ્રોજેક્ટ દ્વારા પુષ્ય નક્ષત્રના દિવસે સુવર્ણ પ્રાશન કેમ્પ

**અબતક, રાજકોટ**

નેશનલ યુથ પ્રોજેકટ રાજકોટ શાખા દ્વારા સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન ગાંધીવાદી, યુવાનોના પ્રેરણામૂર્તિ નેશનલ યુથ પ્રોજેકટના સ્થાપક સ્વાતંત્ર સેનાની સ્વ.ડો.એસ.એન.સુબ્બારાવની સ્મૃતિમાં રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ પુષ્ય નક્ષત્રના દિવસે સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન ટોકનદરે (રૂા.૧૦/-) કરવામાં આવેલ છે. આગામી કેમ્પ તા.૩/૮/૨૪ ના સવારે ૧૧-૩૦ થી બપોરે ૧૨-૩૦ સુધી અને સાંજના ૬-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં આર.એન.ડી આયુર્વેદિક સ્ટોર્સ, ગાયત્રીનગર મેઈન રોડ, જીવરાજ હોસ્પિટલની બાજુમાં, પેરેગોન પ્લાસ્ટિકની સામે, કેશર ડેરીની બાજુમાં, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવે છે. ડો.રાવલ એક માસથી દસ વર્ષ સુધીના બાળકને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવશે. રસ ધરાવનારને લાભ લેવા જણાવાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે નેશનલ યુથ પ્રોજેકટના સરયુ એસ. તન્ના, દર્શિત આર. ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

સમગ્ર દેશમાં ''વાંચે ભારત અભિયાન'' ચલાવવા અને વિશ્વના તમામ દેશો પણ સારા પુસ્તકો મહતમ પ્રમાણમાં નિયમીત રીતે વંચાતા રહે તે માટે દરેક દેશ પોતાના દેશમાં અભિયાન ચલાવે અને આ બાબતે યુનાઈટેડ નેશન પણ વાંચે વિશ્વ અભિયાન ચલાવે તેવી લાગણી રાજેશ જે.ભાતેલીયાએ વ્યક્ત કરી છે.

# ડિઝિટલ સિગ્નેચરનાં પાપે ટી.પી.શાખાની કામગીરી લટકી

## ટાઉન પ્લાનીંગ શાખામાં ટીપીઓ સહિતનો સ્ટાફ નવો હોવાથી કામગીરી પર અસર

**અબતક ,રાજકોટ**

કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ વિભાગના બાંધકામોની મંજુરી માટે મુકાતી ફાઈલોમાં ડીઝીટલ સિગ્નેચર ફરજિયાત છે. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ ટીપીઓ અને ટાઉન પ્લાનીંગ વિભાગના તમામ સ્ટાફની નવી નિમણુંક થયા બાદ ડીઝીટલ સિગ્નેચરનું નામ ફાઈનલ ન થતાં હાલમાં કામગીરી મંદગતિએ ચાલી રહી છે. તેમજ બે-ત્રણ દિવસમાં ડિઝિટલ સિગ્નેચર ફાઈનલ થઈ જશે તેમ ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી જાણવા મળ્યું છે.

ગત તા.૨૫ મે બાદ બંધ થયેલી નાના મકાનો અને લો રાઈઝના પ્લાન પાસની ઓનલાઈન થતી કામગીરી લટકી પડી છે અને તે આગળ ધપવાનું નામ લેતી નથી. ટી.પી.ના કર્મચારીઓ બદલાઈ જતા ઓનલાઈન કામ માટે જરૂરી એવી ડિજીટલ સિગ્નેચર નહિ મળતા આ કામગીરી આગળ ધપી શકી નથી. રાજકોટમાં નાના અને લો રાઈઝ બિલ્ડિંગ પ્લાન પાસ કરવાની કામગીરી ઓન લાઈન કરવામાં આવે છે તેને ચેક કરીને ઓન લાઈન જ મંજૂરી આપી દેવામાં આવતી હોય છે. પ્લાન પાસની આ કામગીરી ત્રણ ચાર દિવસમાં અગાઉ બધી ક્વેરી સોલ્વ થઈ જાય તો કરી દેવામાં આવતી હતી . છેલ્લા એક મહિનાથી એક પણ પ્લાન પાસ થઈ શક્યો નથી કારણ કે ટી.પી.નો આખો સ્ટાફ બદલાયો છે અને નવા સ્ટાફ માટે ડિજીટલ સિગ્નેચર ખરીદવા માટે કામગીરી કરી હોવા છતા ફાળવણી થઈ નથી. ટી.પી.ના સૂત્રોએ કહયું હતું કે, બે ત્રણ દિવસમાં આ સિગ્નેચર આવી જતા અમે કામગીરી આગળ ધપાવી શકીશું.

# રાજનગર આવાસ યોજનાના ક્વાર્ટરધારકોનો પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવેશ કરો

## ચોમાસામાં ક્વાર્ટરો ખાલી કરાવાશે તો આત્મવિલોપન કરવાની ચિમકીઃ અસરગ્રસ્તો મ્યુનિ.કમિશનરના બંગલે ઉમટ્યા

**અબતક, રાજકોટ**

રાજનગર આવાસ યોજનાના ક્વાર્ટર ધારકોનો પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવેશ કરી ક્વાર્ટર્સ ધારકોની આવાસની ચુકવણી કરી રીપેરીંગ અને રીનોવેશન કરાવી આપવાની માંગણી સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું છે. રાજનગર આવાસ યોજનામાં રહેણાંક ધરાવતા લોકો ૨૫ વર્ષથી અહીં રહે છે. અમુક આવાસ ધારકોના દસ્તાવેજ ૨૦૧૫માં કરી આપેલ છે. જે દસ્તાવેજની અંદર ક્વાર્ટરના ફોટા પાડવામાં આવ્યા છે. તેમાં આ આવાસના ફોટાની અંદર જર્જરીત બિલ્ડીંગ તેમાં અંદરની છતમાં સળીયા દેખાય છે ત્યારે કેમ સર્વે કરી નોટીસ આપવાની ફરજ ન પડી.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

આવાસ યોજના ભયજનક સ્થિતિમાં મુકનાર છે કોણ છે? જો આવાસ યોજનાના ક્વાર્ટર ધારકોએ અનેક વખત મૌખિક રજૂઆત કરેલ હોવા છતાં કોઈ પ્રકારના રીપેરીંગ કે મરામત કરી આપવામાં આવેલ નથી. ક્વાર્ટર ધારકોની માંગણી છે કે તાત્કાલીક અસરથી તેઓને 'પ્રધાનમંત્રી યોજના'માં સમાવેશ કરી તમામ ક્વાર્ટર રીપેરીંગ કરાવવા અરજી કરાય છે. ચોમાસા દરમિયાન તમામ ક્વાર્ટર ધારકો સામે કોઈ અમાનવીય વ્યવહાર કરવામાં આવશે તો ના છુટકે પરિવારના રક્ષણ અને જમીન માટે શૈક્ષણિક જરૂરીયાત માટે, ધંધા-રોજગાર જરૂરીયાત માટે કોર્પોરેશન કચેરીમાં ધરણાં કરવાની તેમજ આમંણાત ઉપવાસ અને આત્મવિલોપન કરવાની જરૂરીયાત ઉભી થશે.

# નેમિનાથ સોસાયટીમાં જેલ કર્મચારીના મકાનમાં વધુ એક વખત તસ્કરોના પરોણા

## પરિવાર સાસણ ગયાને સ્માર્ટ તસ્કરો સીસી ટીવી કેમેરા ઉંધા કરી અડધા લાખનો કર્યો હાથ ફેરો

**ત્રણ માસ પૂર્વે પરિવાર ઉજજૈન ગયા ત્યારે રૂ. ૪.૯૮ લાખ તફડાવ્યા તા**

**અબતક, રાજકોટ**

શહેરમાં તસ્કરોનો તરખાટ યથાવત રહ્યો છે. જેમાં ઘરફોડી, વાહન, મોબાઈલ સહિતની ચોરીના બનાવો દિવસેને દિવસે વધી રહ્યા છે ત્યારે રૈયા રોડ નજીક નેમિનાથ સોસાયટીમાં રહેતા સેન્ટ્રલ જેલના કર્મચારી પરિવાર સાથે સાસણ ફરવા ગયાને તસ્કરોએ સીસી ટીવી ઉંધા કરી મકાનમાંથી અડધા લાખથી ચોરી કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બનાવની જાણ ગાંધીગ્રામ પોલીસ મથકના કાફલો દોડી જઈ સીસી ટીવી ચેક કરતા ત્રિપુટીના પગ દેખાય છે. તેમજ સેન્ટ્રલ જેલના કર્મચારીના બંગલામાં ત્રણ માસમાં બે વખત ચોરીના બનાવ બન્યો છે.પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના નાણાવટી ચોક પાસે નેમીનાથ સોસાયટીમાં રહેતા અને સેન્ટ્રલ જેલમાં ફરજ બજાવતા ચંદ્રકાંતભાઈ મગનલાલ પરમાર નામના કર્મચારીનો બંધ મકાનમાંથી સોના, ચાંદીના, ઘરેણા, રોકડા અને ઘડીયાળ મળી રૂ. ૪૯૦૦૦ ની મત્તા ચોરી અંગેની ગાંધીધામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

પોલીસ ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે જેલ કર્મચારી પરિવાર સાથે સાસણ ગત તા. ૬ જુલાઈના રોજ ગયા હતા ત્યારે અજાણ્યા શખ્સો બંધ મકાનના નવેરામાંથી અંદર જાળી બારીના સળીયા તોડી મકાનમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલા રૂ. ૪૯ હજારની મત્તા ચોરી કરી ગયાનું જણાવ્યું હતું.

આ બનાવની જાણ ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.એ. ગોહિલ સહિતના સ્ટાફ દોડી ગયો હતો. તસ્કરોએ સીસી ટીવી કેમેરા ઉંધા કરતા કેમેરામાં ત્રણ શખ્સના પગ દેખાય છે. પોલીસે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી ચોરીનો ભેદ ઉકેલવા ધમધમાટ આદર્યો છે.

આ ઉપરાંત જેલ કર્મચારી ગત ૧૬ એપ્રિલના રોજ ઉજજૈન પ્રવાસે ગયા હતા ત્યારે તસ્કરોએ રૂ. ૪.૯૮ લાખની ચોરીની ઘટના બની હતી. ત્યારે સુરત ખાતેથી તસ્કરોને ઝડપી લીધા હતા. તસ્કરોએ જેલ કર્મચારીઓના મકાનને વધુ એક વખત નિશાન બનાવ્યુંછે.

# ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ વિન્જમ પોર્ટે સૌ પ્રથમ કન્ટેનરશિપ હાંસલ કર્યું

## કેરળના મુખ્યમંત્રી પિનરાઇ વિજયનની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

અદાણી પોર્ટ્સ અને સ્પેશ્યલ ઈકોનમિક ઝોને વિઝીન્જમ પોર્ટ ખાતે તેના સૌ પ્રથમ 'મધર શિપ'ના આજે આગમનની ઘોષણા કરી છે. વૈશ્વિક ટ્રાન્સશિપમેન્ટમાં ભારતના પ્રવેશને ચિહ્નિત કરતી આ એક સીમાચિહ્નરૂપ ઘટના ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક નવા યુગમાં મંગલાચરણનો આરંભ કરવા સાથે વિઝિંજમને આંતરરાષ્ટ્રીય વેપારના માર્ગોમાં નિર્ણાયક ખેલાડી તરીકે સ્થાપિત કરે છે.

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનના હસ્તે આ સમારંભ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કેરળના બંદર મંત્રી વી.એન. વસાવાના અધ્યક્ષપદે યોજાયેલા આ સમારોહમાં કેન્દ્રના બંદર, શિપિંગ અને જળ માર્ગોના મંત્રી સર્બાનંદ સોનોવાલે મુખ્ય મહેમાનપદે હાજરી આપી હતી.અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓથી સજ્જ ભારતના પ્રથમ સ્વચાલિત બંદરની આ સાથે શરૂઆત પણ થઈ છે, જે આધુનિક કન્ટેનર હેન્ડલિંગ સાધનો અને વિશ્વ-કક્ષાના ઓટોમેશન અને આઈટી સિસ્ટમ્સ સાથે મોટા જહાજોનું સંચાલન કરવા માટે સમર્થ છે. ૮,૦૦૦-૯,૦૦૦ (વીસ-ફૂટ સમકક્ષ એકમો) ની ક્ષમતા સાથેનું સાન ફર્નાન્ડો મર્સ્ક દ્વારા સંચાલિત ૩૦૦-મીટર-લાંબા કન્ટેનર જહાજ તેમજ લગભગ ૨,૦૦૦ કન્ટેનરને ખાલી કરવા અને ૪૦૦ કન્ટેનરની અંદરની હિલચાલ માટે આ બંદર ઉપરની ઉપલબ્ધ સેવાઓથી લાભાન્વિત થશે.


અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણીએ વિઝિંજમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે અમારા બંદર પર સાન ફર્નાન્ડોનું આગમન એ ભારતની સામુદ્રિક તવારીખમાં એક નવી ગૌરવશાળી સિદ્ધિનું પ્રતીક છે ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ ટર્મિનલ અને સૌથી મોટા ડીપ વોટર પોર્ટે વ્યાપારી કામગીરીનો આરંભ કર્યો છે તેનાથી વિશ્વને અવગત કરવા આ એક સંદેશવાહક છે.એમ તેમણે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે વાત કરતાં ઉમેર્યું હતું. ભારતના મુન્દ્રા પોર્ટ સહિત અન્ય કોઈ પોર્ટ આપણી પોતાની અત્યાધુનિક આ ટેક્નોલોજીઓ ધરાવતું નથી. તેમણે કહ્યું હતું કે અમે અહીં પહેલેથી જ જે સુવિધા પ્રસ્થાપિત કરી છે તે દક્ષિણ એશિયાની સૌથી અદ્યતન કન્ટેનર હેન્ડલિંગ ટેક્નોલોજી છે. અને એકવાર અમે ઓટોમેશન અને વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ સંપૂર્ણ સજ્જ થશે ત્યારે વિઝિંજમ તકનીકી દ્રષ્ટીએ વિશ્વના સૌથી વધુ અત્યાધુનિક ટ્રાન્સશિપમેન્ટ બંદરો પૈકીના એક તરીકે તેની પોતાની શ્રેણીમાં ઉભરી આવશે.કેરળ સરકાર દ્વારા પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશિપ ધોરણે પ્રમોટ કરાયેલ વિઝિંજમ ઈન્ટરનેશનલ સીપોર્ટ એ એક મહત્વપૂર્ણ આર્થિક માળખાકીય પ્રોજેક્ટ છે. કેરળમાં ખાનગી ક્ષેત્રનું આ સૌથી મોટું રોકાણ છે.બિડ જીત્યા બાદ અદાણી પોર્ટ્સ એન્ડ લોજિસ્ટિકસે આ પ્રકલ્પ વિકસાવવા માટે અદાણી વિઝિંજમ પોર્ટ પ્રા. લિ.ના નામે સ્પેશિયલ પર્પઝ વ્હીકલની રચના કરી.

# ઝનાના હોસ્પિટલમાં એનેસ્થેસિયા ટ્રોલીના અભાવે બાળ દર્દીનો રઝળપાટ

## સિવિલના નવનિયુક્ત અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ બાળ સર્જરી વિભાગમાં ઈન્સ્ટ્રુમેન્ટ ઉપલબ્ધ કરાવ્યા

**અબતક,રાજકોટ**

શહેરની અદ્યતન સિવિલ હોસ્પિટલ સાથે સંલગ્ન ઝનાના હોસ્પિટલમાં મહિલા અને બાળ વિભાગ એમ બે વિભાગો આવેલા છે.જેમાં દરેક વ્યવથાની સાથે બાળકોની સર્જરી માટે ખાસ ઓપરેશન થિયેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.પરંતુ આશ્ચર્યજનક વાત એ છે,કે નવી ઝનાના હોસ્પિટલમાં બાળકોની સર્જરી કરવામાં આવતી નથી અને તે હજુ પણ જૂની ઝનાના હોસ્પિટલમાં થાય છે.જેનું મુખ્ય કારણ એ છે કે ઝનાના હોસ્પિટલના બાળકોના સર્જરી વિભાગમાં એનેસ્થેસિયા ટ્રોલી ન હોવાથી તેના વગર બાળકોની સર્જરી ન કરી શકાતી હોય જેથી દર્દી અને તેનો પરિવારને બાળકને સારવાર માટે એક હોસ્પિટલમાંથી બીજી હોસ્પિટલમાં લાવવા લઈ જવામાં ખુબ જ હેરાનગતિનો સામનો કરવો પડતો હતો.પરંતુ આ પરિસ્થિતિ સિવિલના ધીમી



ગતિના કાર્યકાળમાં થતી હતી,નવા સુપ્રીટેનમેન્ટ ડો.મોનાલી માકડીયાના પદ ઉપર બિરાજમાન થવાની સાથે જ સિવિલમાં પડતર પડેલા કામો પણ મેટ્રોની ઝડપે ઉકેલાતા હોવાનું સિવિલ તંત્રમાં નજરે જોવા મળી રહ્યું છે.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ,આ એનેસ્થેસિયા ટ્રોલીની માંગણી બાળ વિભાગના તબીબો છ માસથી કરી રહ્યા હોય,પરંતુ તે માંગણીને ધ્યાને ન લેવાતાં બાળ દર્દી અને તેના સ્વજનોને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો હતો.પરંતુ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેનન્ટનો ચાર્જ સંભાળ્યાને હજુ અઠવાડિયું પણ પૂર્ણ ન થયું હોય,જે દરમિયાન ડો.મોનાલી માકડિયાએ ત્રણેક વાર સિવિલ હોસ્પિટલ અને ઝનાનાં હોસ્પિટલમાં સરપ્રાઈઝ વિઝીટ લઈ ઘણા ખરા પ્રશ્નો ઉકેલ્યા છે. તેઓએ વિઝિટ દરમિયાન ઝનાનાં હોસ્પિટલના બાળકોના ઓપરેશન થીયેટરમાં મુલાકાત લીધી.ત્યારે તબીબે જણાવ્યા મુજબ બાળકોના ઓપરેશન થિયેટરમાં એનેસ્થેસિયા ટ્રોલી ન હોય જેથી બાળકોને સર્જરી માટે જૂની ઝનાના હોસ્પિટલમાં જવું પડે છે.બાળકોના વિભાગના તબીબોની આ માંગણીને ખૂબ ગંભીરતાપૂર્વક ધ્યાને લેતા એનેસ્થેસિયા ટ્રોલીની માંગ કરતા ટીમને મોકલી એનેસ્થેસિયા ટ્રોલીથી ઝનાના હોસ્પિટલને સજજ કરી છે.અને હાલ ઝનાના હોસ્પિટલના બાળકોના ઓપરેશન થિયેટરમાં ટ્રોલીનું ઈન્સ્ટોલેશનનું કામ પણ ચાલી રહ્યું છે.જેનાથી ઝનાના હોસ્પિટલમાં સારવાર લેનાર બાળ દર્દીને રાહત અનુભવાશે.

# રસોઈ બનાવતી વેળાએ દાઝી ગયેલી પત્નીને બચાવવા જતા પતિ દાઝ્યો

## દેશી ચૂલો સળગાવવા કેમિકલ નાખતા થયો ભડકો , દંપત્તિ સારવારમાં

**અબતક,રાજકોટ**

શહેરના મોટા મવા નદી કિનારે ઝૂપડામાં પતિ અને પરિવાર સાથે રહેતી પરિણીતા ચુલામાં રસોઈ બનાવતી હોય અને ભડકો કરવા માટે કેરોસીન કે બીજુ જવલનશીલ પ્રવાહી ન હોઈ જેથી જુનુ કલરનું ભરેલુ ડબલુ પડયું હોઈ તેમાંથી કલર રેડતાં મોટો ભડકો થતાં તેની લપેટમાં આવી ગઈ હતી.ચીસો સાંભળી નજીકમાંથી પતિ પણ દોડી આવ્યો હતો અને સળગતી પત્નિનીને આગ ઓલવવા માટે તેને તેડીને નજીકમાં નદીમાં ધૂબાકો મારી દીધો હતો.પતિ પણ હાથમાં દાઝી ગયો હતો. પરિણીતા ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.પોલીસમાંથી જાણવા મળ્યા મુજબ મોટા મવા ભીમનગર નજીક નદી કાંઠે ઝૂપડામાં રહેતી કોમલબેન રવિભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) સવારે અગિયારેક વાગ્યે ગંભીર રીતે દાઝી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલા, ભાવેશભાઈ મકવાણા, તોફિકભાઈ જુણાચ, ધર્મેન્દ્રભાઈ હુદડે તાલુકા પોલીસને જાણ કરી હતી.વધુમાં પ્રાપ્ત વિગત મુજબ,કોમલબેનના લગ્ન અઢી વર્ષ પહેલા થયા છે અને સંતાનમાં એક પુત્ર છે. પતિ રવિ ભંગારની ફેરી કરે છે.પરિવારજનોના કહેવા મુજબ કોમલબેન રસોઈ બનાવવા ચુલા પાસે બેઠી હતી ત્યારે ચુલામાં વધુ તાપ કરવા તેણે નજીકમાં પડેલા જુના કલરના ડબલામાંથી કલર રેડતાં મોટો ભડકો થતાં તે લપેટમાં આવી ગઈ હતી. દેકારો થતાં પતિ રવિ વાઘેલા દોડી આવ્યો હતો અને સળગતી પત્નિને તેડીને આગ ઓલવવા માટે નજીકમાં જ નદીમાં કૂદી ગયો હતો. પત્નિને બચાવવા જતાં પોતે પણ હાથના ભાગે દાઝી ગયો હતો. તેને પ્રાથમિક સારવાર અપાઈ હતી. જ્યારે કોમલબેનને દાખલ કરવામાં આવી હતી. તાલુકા પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# મંદિરોના સત્સંગ હોલમાં પણ બીયુ અને ફાયર એનઓસી ફરજિયાત

**અબતક ,રાજકો**

મોટા મંદિરો કે જે કાયદેસર જગ્યામાં હોય તેને પણ સીલ કરવાની અથવા નોટીસ આપવાની કાર્યવાહી થતાં હોબાળો મચી ગયો છે.સત્સંગ હોલ કે જ્યાં વધુલોકો એકઠા થતાં હોય તેવા મંદિરોને બીયુ અને ફાયર એનઓસીનો નિયમ લાગુ પડશે જે અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે.

મહાપાલિકાની હદમાં આવેલા ૨૦૦૦થી વધુ ધાર્મિક સ્થળોનો સર્વે કર્યો હતો. જે પૈકી અમુક ગેરકાયદેસર સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી.તેવી જ રીતે પ્રાઈવેટ જગ્યા ઉપર તેમજ માલિકીની જગ્યા ઉપર બનાવવામાં આવેલા મંદિરોને પણ નોટીસો આપી સીલ કરવાની કામગીરી શરૂ કરાતા તેનો ભારે વિરોધ થયો હતો. કોર્પોરેશને સ્પષ્ટતા કરી જણાવેલ છે કે, ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ બીયુ સર્ટી અને ફાયર એનઓસી મુદ્દે તમામ એકમોમાં ચેકીંગ કામોગીરી હાથ ધરાઈ છે. જેમાં મુખ્યત્વે વધુ લોકો એકઠા થતાં હોય તેવા સ્થળોએ ફાયરના સાધનો લગાવી ફાયરએનઓસી મેળવી ફરજિયાત છે. તેમજ બાંધકામ પરમીશન લેવાની રહે છે. આથી અમુક મંદિરો કે જ્યાં સત્સંગીઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હોય છે. તેમના માટે હોલ અથવા રૂમ રખાયો હોય ત્યાં આગની દુર્ઘટના સમયે ઈમરજન્સી કામગીરી માટે ફાયર સફ્ટીના સાધનો જરૂરી બને છે. આથી આ પ્રકારના સત્સંગ હોલમાં ફાયર એનઓસી અને ફાયરના સાધનો હોવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આથી તમામ મંદિરો જ્યાં સત્સંગો હોય ત્યાં બીયુ સર્ટી અને ફાયર એનઓસીનો નિયમ અમલમાં બનશે જે મુદ્દે મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં કાર્યવાહી હાથ ધરાશે

### મતદાતા અભિવાદન કાર્યક્રમ અંતર્ગત

# ભાજપના પેજ, બુથ, વોર્ડ સમિતિના સભ્યોનું અભિવાદન કરતા સાંસદ પરસોત્તમ રૂપાલા

## લોકસભા ચૂંટણીમાં ભાજપનો વિજય થતાં મુકેશ દોશીએ તમામ શ્રેણીના કાર્યકર્તાઓનો આભાર માન્યો

**અબતક, રાજકોટ**

પ્રદેશ ભાજપની યોજના અનુસાર તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની સામાન્ય ચૂંટણી બાદ લોકસભા સીટમાં આવતી દરેક વિધાનસભાવાઈઝ મતદાતા અભિવાદન કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાં ચૂંટણીમાં જીત બાદ પ્રબુધ્ધ નાગરિકો, ધાર્મિક સાધુ-સંતો તેમજ સામાજીક આગેવાનો સહિત વિધાનસભામાં આવતાં પેજ સમિતિ, બુથ સમિતિ, વોર્ડ સમિતિના સભ્યોનું મતદાતા અભિવાદન કાર્યક્રમ રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના અધ્યક્ષસ્થાને અને સાંસદ



પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં વિધાનસભા-૬૯ માં ભાટીયા બોર્ડીંગ, રેલ્વે સ્ટેશન સામે, જંકશન રોડ, રાજકોટ ખાતે મતદાતા અભિવાદન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયાએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. વિધાનસભા-૬૯માં આવતા તમામ શ્રેણીના કાર્યકર્તાઓના સંગઠનલક્ષી અભિગમથી ચુંટણી જીતાડવા બદલ સૌ કોઈનો આભાર માન્યો હતો.

આ તકે રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે ભાજપના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને સાર્થક કરવાં અને રાજકોટનો વિકાસ થાય તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સતત કામ કરી રહયા છે. આ તકે વિવિધ સમાજ, પ્રબુધ્ધ નાગરિકો તેમજ વિધાનસભામાં આવતાં આગેવાનો તમામ કાર્યકતાઓને અભિનંદન પાઠવ્યાહતા.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, મહામંત્રી ડો.માધવ દવે, પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, વિક્રમભાઈ પુજારા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકર, પૂષ્કરભાઈ પટેલ સહિતના બહોળી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહયા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### બજેટ સત્ર...

ભાજપની ''ઈમરજન્સી સ્ટ્રાઈક'' માટે તખ્તો ગોઠવ્યો હતો, જે લોકસભાની ચૂંટણીમાં વિપક્ષના નિવેદનની કેન્દ્રીય થીમ હતી. વિપક્ષી દળોએ દાવો કર્યો હતો કે વડા પ્રધાન મોદીના ''અબકી બાર, ૪૦૦ પાર''ના ચૂંટણી સૂત્રનો ઉદ્દેશ્ય બંધારણને બદલવા અને અનામતનો અંત લાવવાનો હતો. ચૂંટણીઓ પછી, ભાજપના ઘણા નેતાઓએ સ્વીકાર્યું કે ભગવા પક્ષની ચૂંટણીની સંભાવનાઓને કારણે સ્ટોરીલાઈનને નુકસાન થયું છે.

૧૮મી લોકસભાના પ્રથમ સત્રના પ્રથમ દિવસે ભારતીય બ્લોકના સાંસદોએ એકસાથે ગૃહ તરફ કૂચ કરી, ચૂંટણીઓ પછી બંધારણ અંગેની અથડામણ ચાલુ રહી. તેમના હાથમાં બંધારણની નકલો પકડીને, તેઓએ ''સંવિધાન દીર્ઘાયુષ્ય રાખો'', ''આપણે બંધારણ બચાવીશું'', ''આપણે લોકશાહી બચાવીશું'' જેવા નારા લગાવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા વિપક્ષના હુમલાનો જવાબ આપ્યો, જ્યારે બંધારણને ''નાબૂદ'' કરવામાં આવ્યું ત્યારે ઈમરજન્સીને લોકશાહી પર ''બ્લેક સ્પોટ'' ગણાવી. વડાપ્રધાને કહ્યું હતું કે નવી પેઢી એ દિવસને ક્યારેય ભૂલી શકશે નહીં જ્યારે લોકશાહીને દબાવીને ભારતના બંધારણને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું હતું અને દેશને જેલમાં ફેરવી દેવામાં આવ્યો હતો.

ત્યારબાદ, ભાજપ અને તેના સાથીઓએ ૧૯૭૫માં કટોકટી જાહેર કરનાર કોંગ્રેસ અને ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને નિશાન બનાવીને ઈમરજન્સી સામે જોરદાર અને સતત ઝુંબેશ શરૂ કરી. ત્યારબાદ લોકસભાએ ઈમરજન્સીની નિંદા કરતો ઠરાવ પસાર કર્યો હતો. સ્પીકર ઓમ બિરલાએ આ કૃત્યની નિંદા કરતો ઠરાવ વાંચ્યો અને કહ્યું કે ૨૫ જૂન, ૧૯૭૫ ભારતના ઈતિહાસમાં હંમેશા એક કાળો અધ્યાય તરીકે ઓળખાશે. બિરલાએ કહ્યું, ''આ ગૃહ ૧૯૭૫માં દેશમાં કટોકટી લાદવાના નિર્ણયની સખત નિંદા કરે છે. તે જ સમયે, અમે તે તમામ લોકોના નિશ્ચયની પ્રશંસા કરીએ છીએ જેમણે કટોકટીનો સખત વિરોધ કર્યો, અભૂતપૂર્વ રીતે લડ્યા અને ભારતના લોકતંત્રની સુરક્ષાની જવાબદારી લીધી.'' ''ઈમરજન્સીએ લોકોના જીવનને બરબાદ કર્યું હતું તેના પર ભાર મૂકતા, બિરલાએ કહ્યું, ''અમે ભારતના કર્તવ્યનિષ્ઠ અને દેશભક્ત નાગરિકોની યાદમાં બે મિનિટનું મૌન પાળીએ છીએ જેમણે ઈમરજન્સીના તે અંધકારમય સમયગાળા દરમિયાન તાનાશાહી કોંગ્રેસ સરકાર સામે લડ્યા હતા.'' ૨૫ જૂનને ''બંધારણ મર્ડર ડે'' તરીકે મનાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય મણિપુર પર વિપક્ષના હુમલા અને નિટ વિવાદ જેવા અન્ય મુદ્દાઓનો સામનો કરવા માટે ''ઈમરજન્સી'' નેરેટિવનો ઉપયોગ કરવાના ભાજપના સંકલ્પને મજબૂત કરે છે.

જો સરકારના ઈમરજન્સી હુમલાનો ઈરાદો કોંગ્રેસને વિપક્ષની છાવણીમાં અલગ પાડવાનો હોત તો કદાચ તે કામ ન કરી શક્યો હોત. કટોકટી દરમિયાન ભારતમાં અનેક પક્ષોને અતિરેકનો ભોગ બનવું પડ્યું હતું. જો કે, તેમના માટે આ ઈતિહાસનું એક પાનું છે જેના માટે જનતાએ કોંગ્રેસ અને તેના નેતા ઈન્દિરા ગાંધીને સજા આપી હતી. વિરોધ પક્ષોએ ભાજપ સરકાર પર છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં અઘોષિત કટોકટી લાદવાનો આરોપ લગાવ્યો છે.

### પાલીતાણા...

નીતિઓ દ્વારા ગુજરાતમાં શાકાહાર તરફનું પરિવર્તન ઊંડા સાંસ્કૃતિક અને ધાર્મિક મૂળને પ્રતિબિંબિત કરે છે. તેમ છતાં, રાજ્યની વિકસતી ગતિશીલતા કેટરિંગ પ્રેક્ટિસ, પરંપરાને સંતુલિત કરવા અને વપરાશ પેટર્નમાં ફેરફાર સાથે જટિલ સંબંધ દર્શાવે છે. જેમ જેમ ગુજરાત પ્રદેશમાં નેવિગેટ કરે છે તેમ, મહાત્મા ગાંધી અને સમકાલીન ધોરણો જેવી ઐતિહાસિક વ્યક્તિઓનો પ્રભાવ તેના રાંધણ લેન્ડસ્કેપને આકાર આપવાનું ચાલુ રાખે છે, જેમાં પાલીતાણા માંસાહારી ખોરાક પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ શહેર બન્યું છે.

માંસાહારી ખાદ્યપદાર્થોના વેચાણને નિયંત્રિત કરતી ઓર્ડરની શ્રેણી રાજકોટથી શરૂ થઈ છે. આ આદેશોમાં જાહેર સ્થળોએ માંસાહારી ખોરાક બનાવવા અને પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વડોદરાએ ટૂંક સમયમાં તેનું અનુસરણ કર્યું, જૂનાગઢ અને અમદાવાદે પણ સમાન નિયમોનો અમલ કર્યો. માંસાહારી ખોરાકના વિરોધીઓએ દલીલ કરી હતી કે માંસનું પ્રદર્શન તેમની સંવેદનાઓને ઠેસ પહોંચાડે છે અને લોકો પર, ખાસ કરીને બાળકો પર નકારાત્મક અસર કરે છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ નિયમોને ટ્રાફિકની ભીડ ઘટાડવા સાથે જોડ્યા હતા.

### હિરાસર...

જેને પગલે જાહેરાત કરવામાં આવી છે કે હાલ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે નવું ટર્મીનલ આશરે ૨ મહિનામાં કાર્યરત થઈ જશે અને ૪ જેટલા એરોબ્રીજની સુવિધા પણ મળશે. આ એરપોર્ટના એપ્રેનની અંદર ૧૪ જેટલી ફ્લાઈટો પાર્કિંગ થઈ શકે તેમ છે. આગામી ઓકટોબર માસથી રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈન્ટરનેશનલ ફ્લાઈટો શરૂ થઈ જશે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય સૌરાષ્ટ્રવાસીઓના હિતને ધ્યાને લઈ તેમજ વેપાર ઉદ્યોગકારોને ધમધમતા કરવા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવા માટે રાજકોટ-દુબઈ, રાજકોટ-સીંગાપુર-મલેશીયા જેવી ઈન્ટરનેશનલ ફલાઈટો તાત્કાલીકના ધોરણે શરૂ કરવા તેમજ આવી ઈન્ટરનેશનલ ફલાઈટો માટે કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા પણ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડ્યનમંત્રી કિન્નજારપ્પુ રામમોહન નાઈડુજી, કેન્દ્રના રાજયકક્ષાના ઉડ્યનમંત્રી મુરલીધર મોહોલજી, સંસદ સભ્ય પરષોતમભાઈ રૂપાલાજી તથા ગુજરાત રાજ્યના ઉડ્યનમંત્રી બળવંતસિંહ રાજપુતજી સમક્ષ ગઈકાલ તા.૧૨ જુલાઈના ૨૦૨૪ ના રોજ રજુઆત કરવામાં આવી હતી.

(ત્રીજા પાનાનું ચાલું)

### મૂકેશ દોશી...

પાણી, ગટર અને લાઈટને લગતી સમસ્યાઓ લઈને પણ નગરજનો કાર્યાલય ખાતે આવી રહ્યા છે.તેની અસર સંગઠનને લગતી કામગીરી પર પડી રહી છે. જે સમસ્યાનો નિવેડો વોર્ડ લેવલથી આવી જવો જોઈએ તે સમસ્યા શહેર ભાજપ પ્રમુખ સુધી પહોંચી રહી છે.જેના કારણે મુકેશભાઈ ભાજપના જ કોર્પોરેટરોથી ભારોભાર નારાજ હોવાનું મનાય રહ્યું છે . બીજી તરફ ભાજપના નગરસેવકો પણ પ્રમુખની નવી કાર્ય પ્રણાલીથી થોડા ઘણા અંશે નારાજ છે. અધિકારીઓને જન પ્રતિનિધિ તરીકે ભારપૂર્વક કહી શકતા નથી જેના કારણે તેઓ પોતાનું સ્વમાન ઘવાતું હોય તેવી લાગણી અનુભવી રહ્યા છે.કોર્પોરેટરો સામાન્ય ફરિયાદમાં પણ ધ્યાન આપતા ન હોવાની ફરિયાદો શહેરીજનો દ્વારા શહેર ભાજપ પ્રમુખ સમક્ષ કરવામાં આવી છે. ૬૮ પૈકી મોટાભાગના કોર્પોરેટરો નિષ્ક્રિય છે અથવા પોતાની મન મરજી મુજબ કામ કરતા હોવાની રાવ ઉઠી રહી છે. જેથી ભાજપની આબરૂનું સતત ધોવાણ થઈ રહ્યું છે. બીજી તરફ કોંગ્રેસ મજબૂત બની ઉભરી રહી છે.જો આજ માહોલ જળવાઈ રહેશે તો વર્ષ-૨૦૨૬માં યોજનારી મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ માટે મોટો પડકાર બની રહે તેવી પણ સંભાવના અત્યારથી જ દેખાવા લાગી છે. શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ પણ પાણી પહેલા વાળ બાંધવાનું શરૂ કરી દીધો છે.

આગામી દિવસોમાં શહેરના તમામ ૧૮ વોર્ડમાં કોર્પોરેશન દ્વારા લોક દરબાર યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકોની ફરિયાદો સ્થળ પર જ નિકાલ લાવવામાં આવશે. સામાન્ય ફરિયાદ માટે લોકોએ શહેર ભાજપ કાર્યાલયે તો ઠીક પણ નગરસેવકોને પણ આજીજી કરવી ન પડે તેવું પ્લાનિંગ હાલ ગોઠવાય રહ્યો છે.પરંતુ જે રીતે સંગઠન અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ વચ્ચે સામસામે નારાજગી છે તે ભાજપ માટે સારી નિશાની માનવામાં આવતી નથી. જો કોર્પોરેશનની આગામી ચૂંટણી સુધી ભાજપ પ્રમુખ પદે મુકેશભાઈ યથાવત રહેશે તો તેઓ ચોક્કસપણે ''નો રીપીટ'' થિયરીની અમલવારી કરાવે તેવી સંભાવના પણ હાલ નકારી શકાતી નથી. ક્ષત્રિય સમાજના ઉગ્ર આંદોલન બાદ પણ રાજકોટ લોકસભા બેઠક પર પરસોત્તમભાઈ રૂપાલાને રેકોર્ડ બ્રેક લીડ સાથે જીતાડવામાં સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. લોકસભાની ચૂંટણીના પરિણામથી પ્રદેશમાં મુકેશભાઈનું વજન વધ્યું છે પરંતુ સ્થાનિક નગરસેવકો તેઓની સંગઠાત્મક કામગીરીથી નારાજ હોવાનું ચર્ચા રહ્યું છે.એકવાત ખૂબ જ નક્કી છે કે શહેર ભાજપમાં હાલ આ બધું સમૂ સુતરૂ કરો નથી. સંગઠન અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ વચ્ચે શીત યુદ્ધ ચાલી રહ્યું છે. જે ગમે ત્યારે મોટો બ્લાસ્ટ કરશે.

### ભેળસેળિયાઓ બેફામ...

રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા સતત ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. મર્યાદિત સ્ટાફ હોવા છતાં ફૂડ વિભાગની કામગીરી ખરેખર કાબીલેદાદ છે.ગત ૧ એપ્રિલ ૨૦૨૩ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીના એક વર્ષના સમય ગાળામાં ચેકિંગ દરમિયાન ફૂડ વિભાગ દ્વારા ૩૫૯૬૫ કિલો વાસી અને અખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરવામાં આવ્યો છે. ખાણીપીણીનો ધંધો કરતા વેપારીઓ ફૂડ લાઈસન્સ લેવાની પણ તસ્દી લેતા નથી. છેલ્લા એક વર્ષમાં અલગ-અલગ કેટેગરીમાં ૨૨૧૫ વેપારીઓના ફૂડ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. ૧૧૬૪ ફૂડ લાઈસન્સ આપવામાં આવ્યા છે. એક વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવેલા ચેકિંગમાં ૩૩૨ ખાદ્ય સામગ્રીના નમુના લેવામાં આવ્યા હતા. પરીક્ષણ દરમિયાન ૨૬ સેમ્પલ ફેઈલ ગયા છે. જ્યારે એક નમૂનો અન સેફ જાહેર કરવામાં આવ્યો છે.ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ ની જોગવાઈ હેઠળ એજ્યુકિકેશનના કુલ ૨૨ કેસ કરવામાં આવ્યા હતા જેમાં રૂ.૧૯.૨૫ લાખનો દંડ કરવામાં આવ્યો છે. ૧૩૦૯ વેપારીઓને ફૂડ લાઈસન્સ મેળવી લેવા અને હાઈજેનિક કન્ડિશન જાળવી રાખવા માટે નોટિસ આપવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા ચેકીંગ દરમિયાન ૩૭૨૮ ખાદ્યચીજોના નમૂનાનું સ્થળ પર ટ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.૮૬ ફૂડ બિઝનેસ ઓપરેટરોને ફૂડ લાઈસન્સના કાયદા અંગે જાણકારી આપવામાં આવી છે. જ્યારે ૧૩૪ અવરનેશ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ચેકિંગ દરમિયાન એક વાત બહુ સ્પષ્ટ થાય છે કે શહેરમાં વેચાતી ખાણીપીણીની એક પણ ચીજ વસ્તુ સોના જેવી શુદ્ધ નથી. વધુ નફો કમાવવાની લાલચમાં વેપારીઓ જન આરોગ્યને સાથે જીવલેણ ચેડા કરી રહ્યા છે.ખાદ્ય ચીજ વસ્તુઓમાં ગમે તે પદાર્થનો ભેળસેળ કરવામાં આવે છે. આટલું જ નહીં ઉત્પાદન માટે પણ જરૂરી નિયમનું પાલન કરવામાં આવતું નથી.

(ચોથા પાનાનું ચાલું)

### બાળકોને પ્રવેશ...

સૌપ્રથમ તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ અને બાળકોને વધુને વધુ શિક્ષણ પ્રાપ્ત કરવામાં આવે તેવો ઉપસ્થિત તમામ વાલીઓને અનુરોધ કરેલ અને આવનાર સમયમાં શિક્ષણનું મૂલ્ય શું હશે તેના વિશે માહિતગાર કરેલ.

ત્યારબાદ કાર્યક્રમનો ઉદ્ઘાટક પરષોતમભાઈ રૂપાલા, સાંસદ રાજકોટએ પોતાના શિક્ષણ વિશેના અંગત અનુભવના દ્રષ્ટાંતથી વાલીઓને બાળકો પ્રત્યે સજાગતા લાવવા અને બાળકને હુંફાળુ વાતાવરણ પુરૂ પાડવા સલાહ આપેલ. તેમજ બાળકના મનમાં જે વાત દબાયેલી રહે છે તે માતા-પિતાએ બહાર લાવવી અને બાળક સાથે બાળક જેવા બની તેને જીવનમાં શિક્ષણના માર્ગે વાળવા ટકોર કરી હતી. સાથોસાથ શ્રીમદ્ ભગવત ગીતા અને ભગવાન શ્રીકૃષ્ણના દ્રષ્ટાંતથી શિક્ષણ સાથેનો નાતો સમજાવ્યો હતો. ઉપરાંત ઉપસ્થિત તમામ લોકોને પોતાની વાણીથી તરબતર કરેલ.

આ કાર્યક્રમમાં રામભાઈ મોકરીયા, સાંસદ સભ્ય, રાજ્યસભા, મોહનભાઈ કુંડારીયા, પૂર્વ સાંસદ, રાજકોટ, મુકેશભાઈ દોશી, પ્રમુખ રાજકોટ શહેર ભાજપ, ડો.દર્શીતાબેન શાહ, ધારાસભ્ય, રાજકોટ, બિનાબેન આચાર્ય, મંત્રી પ્રદેશ ભાજપ, કમલેશભાઈ મીરાણી, પૂર્વ પ્રમુખ, રાજકોટ શહેર ભાજપ, દેવાંગ દેસાઈ, આઈએએસ કમિશનર, નરેન્દ્રસિંહ જાડેજા ડે.મેયર, જયમીનભાઈ ઠાકર, સ્ટે.કમીટી ચેરમેન, લીલુબેન જાદવ, નેતા શાસક પક્ષ, મનીષભાઈ રાડીયા, દંડક શાસક પક્ષ, અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે પોતાનો અમુલ્ય અને કિંમતી સમય ફાળવી પ્રવેશ મેળવેલ બાળકોને અભિનંદન સાથે આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

તમામ શાળાઓમાં નર્સરીથી શરૂ કરી ધોરણ-૮ સુધી વિનામુલ્યે અતિઆધુનિક શિક્ષણ આપવામાં આવે છે. જેમાં દરેક વર્ગદિઠ માત્ર ૨૫(પચ્ચીસ) વિદ્યાર્થીઓને જ ડ્રો મારફત પ્રવેશ આપવામાં આવે છે. જેથી તમામ બાળકો પર અંગત ધ્યાન આપી શકાય. અંગ્રેજી માધ્યમની શાળાની શરૂઆત વર્ષ-૨૦૧૨-૧૩ થી માત્ર એક શાળા કવિશ્રી નર્મદ અંગ્રેજી માધ્યમ શાળાથી કરવામા આવેલ જેમાં વાલીઓનો અવિરત પ્રેમ અને લાગણીને ધ્યાને રાખી વર્ષ-૨૦૧૩-૧૪ દરમ્યાન અન્ય બે શાળાઓ શ્રી રવિન્દ્રનાથ ટાગોર અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા નં.-૬૪બી (વેસ્ટ ઝોન) અને ડો. હોમિ જહાંગીર ભાભા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા નં.-૭૮ (ઈસ્ટ ઝોન) ની શરૂઆત કરવામાં આવેલ અને ત્રણેય શાળાઓમાં હાલ ૨૫૫ કુમાર તથા ૨૬૦ કન્યા મળી કુલ ૫૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આ વર્ષે ત્રણ શાળાઓ વચ્ચે કુલ- ૫૨૧ ફોર્મનું વિતરણ કરવામાં આવેલ હતું. જેમાંથી ૪૬૪ ફોર્મ ભરાઈને પરત આવેલ હતા અને તમામ ચકાસણી બાદ ૨(બે) ફોર્મની અરજીઓ અમાન્ય કરેલ અને કુલ ૪૬૨ અરજીઓ માન્ય કરવામાં આવ્યા હતા.

### અધિક કલેક્ટર...

સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટના રેસિડેન્ટ કલેક્ટર ચેતન ગાંધીને અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ આ જિલ્લાઓના જનરલ મેનેજર (જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર) રીઝનલ કાઉન્સિલના મેમ્બર સેક્રેટરી તરીકે કાર્યરત છે. આ રીઝનલ કાઉન્સિલનું સંચાલન જે-તે રીઝનની જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ઓફિસ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

રીજ્યોનલ કાઉન્સિલમાં સંબંધિત ઝોન લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોની તેમની વિલંબીત ચૂકવણી માટેની અરજીઓનો ઝડપથી અને સરળતાથી નિકાલ કરવાના હેતુથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં સૌથી ઝડપી સૌરાષ્ટ્ર ઝોનનું બોર્ડ ચાલી રહ્યું છે. સૌરાષ્ટ્રના કુલ પેન્ડિંગ કેસોની સંખ્યા ૧૮૦૦ છે. જે કેસો પૂર્ણ કરવા ઝડપી કામગીરી કરવામાં આવશે. આ માટે રાજકોટ ચેમ્બરના હોદેદારો વી.પી. વૈષ્ણવ અને પાર્થ ગણાત્રાની રજૂઆતને પગલે આ કેસોનો કેમ્પ ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### સોમનાથ...

ઉત્સવોમાં ૩ લાખ જેટલા પરિવારોએ આ પૂજા નોંધાવી હતી અને આ પૂજાના પ્રસાદ સ્વરૂપે રુદ્રાક્ષ, ભસ્મ અને બિલ્વપત્ર પોસ્ટ મારફત દેશભરમાં ભક્તોએ નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા હતા.

શિવજીને ત્રણ પર્ણ વાળું બીલીપત્ર અર્પણ કરવાથી ત્રણ જન્મોના પાપો નાશ પામે છે. ત્યારે પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને માત્ર ૨૫રૂ. ની ન્યોછાવર રાશિ થી બીલીપત્ર પૂજનના પુણ્યઅર્જનની સાથે-સાથે સોમનાથ ટ્રસ્ટ ભક્તોના આપેલા એડ્રેસ પર બિલ્વપૂજાના બીલીપત્ર, રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે.

ગત શ્રાવણ માસમાં આ બિલ્વપુજા પ્રારંભ કરવામાં આવી હતી જેને ભાવિકોનો વિક્રમજનક પ્રતિસાદ મળ્યો હતો. તમામ અપેક્ષાથી ઉપર જઈને દેશ ભરમાંથી ૨.૫૦ લાખ થી વધુ ભક્તોએ આ બિલ્વપુજાઓ નોંધાવી હતી. અને શ્રી સોમનાથ ટ્રસ્ટે તમામ ભકતોની બિલવપુજાના યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી ભક્તોને લાઈવ દર્શન કરાવ્યા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભાવિકોના સરનામે મોકલવામાં આવેલ રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ મેળવીને મોટી માત્રામાં ભાવિકોએ આભાર વ્યક્ત કર્યો હતો. એટલુજ નહિ ભાવિકોને કોઈ કારણસર પ્રસાદ ન મળ્યો હોય તેમને ફરી પોસ્ટ કરીને અથવા મંદિર કાર્યાલયેથી રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ આપવામાં આવ્યા હતા. જેથી યાત્રીઓ આ પૂજા સેવાથી અતી પ્રસન્ન બન્યા હતા.

ત્યારે શ્રાવણ ૨૦૨૪ પર સોમામથ ટ્રસ્ટની આ આઈકોનિક માત્ર ૨૫₹ બિલવપુજામાં ભાગ લેવા માટે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આ અદભુત બિલ્વ પૂજાનો લાભ લેવા માટે સોમનાથ ટ્રસ્ટની અધિકારીક વેબસાઈટ https://somnath.org/BilvaPooja/ બુક થઈ શકશે.

### વિરાણી હાઈસ્કુલ...

કેટલું અગત્યનું છે અને તે કઈ રીતે જાળવી શકાય તે અંગે વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી.

મંદુરસ્તી સેમિનારમાં અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી નીલેશભાઈ શાહે ઉપસ્થિત રહી પ્રાસંગોચિત્ત ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વિરાણી શાળાના પ્રિન્સીપાલ હરેન્દ્રસિંહ ડોડીયા, મહેતા, પ્રણવ શુક્લા અને અન્ય શિક્ષકોનો સહકાર રહ્યો હતો. આ ઉપરાંત કોઈને ચિંતા, તણાવ, ડિપ્રેશન, ડર, અનિંદ્રા વગેરે જેવી કોઈ સમસ્યા હોય તો એ માટે મંદુરસ્તી દ્વારા નિઃશુલ્ક હેલ્પલાઈન નંબર પણ શરૂ કરવામાં આવેલ છે. જે માટે નં. ૭૮૬૩૮ ૩૬૨૨૬ પર સંપર્ક કરી શકાશે.

(અગીયારમા પાનાનું ચાલું)

### ન્યાય યાત્રા...

કર્યો હતો કે મેં તેમણે આક્ષેપ કર્યો હતો કે હું સાચી વાત કહેવા ઉભો થયો તો મને બોલવા દીધો ન હતો

ભોગ બનનાર પરિવારના અનિરુદ્ધસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે દોઢ મહિના પછી સરકાર ને ભોગ બનનારાઓની યાદ આવી અત્યાર સુધી બધા ક્યાં ગયા હતા? મુખ્યમંત્રીને મળવા જનારાઓને પણ આગેવાનોના ફોન આવતા હોવાનું આક્ષેપ કરી જણાવ્યું હતું કે અમે મુખ્યમંત્રી સમક્ષ અમારી ૧૨ માંગણીઓ મુજબ કાર્યવાહી અને ભોગ બનનારને ન્યાય આપવા અને આકરી સજાની માંગ કરી છે

ટી આર પી ગેમ ઝોનમાં બહેન ગુમાવનાર કમલેશભાઈએ જણાવ્યું મુખ્યમંત્રી અહીં આવ્યા ત્યારે અમને કેમ ન મળ્યા અમારે ધરણાં કરવા પડે આંદોલન કરવું પડે પત્રિકા વેચવી પડે બંધમાં જોડાવું પડે પછી સરકારની આંખો ખુલે પીડિત પરિવારના ચંદુભાઈ કાથડે અગ્નિકાંડના ૨૮ ના આંકડા સામે સવાલ ઉઠાવ્યા હતા અગાઉ આ ગેમ લોનમાં ત્રણ ચાર વાર આગ લાગી ત્યારે જો તંત્ર એલર્ટ થયું હોત તો આ દુર્ઘટના નો સર્જાત.

કોંગ્રેસ અગ્રણી ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીએ જણાવ્યું હતું કે ટીઆરપી જોન દુર્ઘટના બાદ ભોગ બનનારાઓની જે રીતે ઉપેક્ષા સેવામાં આવી હતી તે દુઃખદ છે, કોર્પોરેટર ધારાસભ્ય સંસદ સુધીના કોઈએ ખબર પૂછી ન હતી, રાહુલ ગાંધીએ સમયે સમયે વાત કરી અને પીડિતોને રૂબરૂ મળી ન્યાયની હિમાયત કરી પછી સરકાર સફાડી જાગી કોંગ્રેસ હંમેશા પીડિતોને સાથે રાખી ન્યાય અપાવવામાં ક્યારેય પાછી પાની કરતી નથી, તેમ હૈયાધારણા આપી જીગ્નેશભાઈ મેવાણી એ કરી હતી કે પેલી ઓગસ્ટથી ૧૫ મી ઓગસ્ટ સુધી રાજ્યભરમાં કોંગ્રેસ ન્યાય યાત્રા થકી રીતોને ન્યાય અપાવવા અભિયાન ચલાવશે આ યાત્રામાં રાહુલ ગાંધી પણ જોડાશે આ યાત્રા મોરબી ટંકારા રાજકોટ વિરમગામ સાણંદ ચોટીલા થી અમદાવાદ જશે ત્યાં ૧૫ મી ઓગસ્ટે મહા ધ્વજ વંદન થશે.

સેવાદળના લાલજીભાઈએ રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના ની તપાસ અને કસુર વારોને સજા આવશ્ય અપાવશે તેવી શ્રદ્ધા વ્યક્ત કર્યો હતો.

### વિમ્બલડન....

નથી. જૂનમાં તેમના જમણા ઘૂંટણનું ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું. તેને અહીં ક્વાર્ટર ફાઈનલમાં વોકઓવર મળ્યો જ્યારે તેનો પ્રતિસ્પર્ધી એલેક્સ ડી મિનોર હિપની ઈજાને કારણે ખસી ગયો. એટીપી રેન્કિંગમાં ટોચ પર પહોંચનાર અને ગ્રાસ, ક્લે અને હાર્ડ કોર્ટ પર ખિતાબ જીતનાર સૌથી યુવા ખેલાડી બનનાર અલ્કારાઝ હવે બોરિસ બેકર અને બજોર્ન બોર્ગ પછી ત્રીજો ખેલાડી બનવાથી એક જીત દૂર છે, જેણે અગાઉ બે વિમ્બલ્ડન ટાઈટલ જીત્યા હતા. ૨૨ વર્ષની ઉંમર..

અલ્કારાઝે ૨૦૨૨માં યુએસ ઓપન અને ગયા મહિને ફ્રેન્ચ ઓપન પણ જીતી હતી. અત્યાર સુધી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં તેનો રેકોર્ડ ૩-૦નો રહ્યો છે અને હવે ટાઈટલ માટે રવિવારે તેનો મુકાબલો ૨૪ વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક જોકોવિચ અને લોરેન્ઝો મુસેટ્ટી વચ્ચેની મેચના વિજેતા સાથે થશે. એક વર્ષ પહેલા, અલ્કારાઝે વિમ્બલ્ડનની સેમિફાઈનલમાં ૨૦૨૧ યુએસ ઓપન ચેમ્પિયન મેદવેદેવને સીધા સેટમાં હરાવ્યો હતો અને ફાઈનલમાં જોકોવિચને પાંચ સેટમાં હરાવીને ટાઈટલ જીત્યું હતું.

નોવાક જોકોવિચે શુક્રવારે સેન્ટર કોર્ટ પર લોરેન્ઝો મુસેટ્ટીને ૬-૪, ૭-૬, ૬-૩થી હરાવીને કાર્લોસ અલકારાઝ સાથે વિમ્બલ્ડન રિમેચ સેટ કર્યું, જે ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં માત્ર ૨૫ દિવસથી શરૂ થયું હતું તેના જમણા ઘૂંટણમાં ફાટેલા મેનિસ્કસ માટે સર્જરી કરાવી હતી છતાં પણ તેને લોરેન્સોને સીધા સેટમાં મહાત આપી ફાઈનલમાં સ્થાન સુનિશ્ચિત કર્યું હતું.

### જીનિયસ...

સમારોહ વિદ્યાર્થી નેતૃત્વ અને લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે શાળાની પ્રતિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પ્રસંગ બન્યો હતો. એક સારા નેતા કે લીડર તરીકે શાળામાં ચાલતી વિવિધ શૈક્ષણિક કે સાંસ્કૃતિક પ્રવૃતિઓને ટીમવર્કના આધારે, તમામ નિયમોને અનુસરીને સફળતાપૂર્વક પાર પાડવાના ગુણોનો વિકાસ કરવા માટે ઈન્વેસ્ટિચર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઈન્વેસ્ટિચર પ્રવૃતિનું મહત્વ સમજાવતા સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતાએ જણાવ્યું હતું કે જીનિયસ સ્કૂલ ખાતે ઈન્વેસ્ટિચર સેરેમની એ શાળાના વિદ્યાર્થીઓને લોકશાહી પ્રક્રિયાઓમાં સક્રિય સહભાગી બનવા માટે જરૂરી કૌશલ્યો અને મૂલ્યો સાથે સશક્ત બનાવવાની શાળાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. વિદ્યાર્થીઓને ચૂંટણીઓ અને નેતૃત્વની ભૂમિકાઓમાં જોડાવાનું પ્લેટફોર્મ પૂરું પાડીને, શાળા નાગરિક જોડાણ, જવાબદારી અને નેતૃત્વની સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહી છે. આ પ્રવૃતિથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વ કૌશલ્ય કેળવાશે અને વિવિધ પદ પર નિયુકત થયેલા વિદ્યાર્થી નેતાઓને શાળા સમુદાયની અંદર વિવિધ પ્રવૃત્તિઓ અને પહેલનું નેતૃત્વ કરવાની તક મળશે. આ અનુભવ તેમને નિર્ણાયક નેતૃત્વ કૌશલ્ય વિકસાવવામાં મદદ કરશે જે તેમને જીવનભર લાભદાયી રહેશે. તેમનામાં સંબંધ કેળવવાની ભાવનાનું સિંચન થશે.

ઈન્વેસ્ટિચર સમારોહ દરમિયાન, શ્રેષ્ઠ નેતૃત્વ કૌશલ્ય અને અનુકરણીય વર્તણૂક દર્શાવનારા વિદ્યાર્થીઓને સહાધ્યાયીઓ દ્વારા ચૂંટણીની પ્રક્રિયા થકી પ્રીફેક્ટસ, હાઉસ કેપ્ટન, હેડ બોય કે અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધીઓને તેમની સંબંધિત ભૂમિકાઓ અને જવાબદારીઓ સાથે બેજ અને સેશેસ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ સમારોહમાં વિદ્યાર્થીઓ દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી અને શાળાના બેન્ડ દ્વારા પરફોર્મન્સ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનાં અંતમાં સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા અને સીઈઓ ડિમ્પલબેન મહેતા એ તમામ નિમણૂંક પામેલા વિદ્યાર્થી હોદેદારોને અભિનંદન પાઠવીને ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી. તેમજ કાર્યક્રમના આયોજનમાં જહેમત ઉઠાવનાર દીપ્તિ વડુકુલ, કાજલ શુક્લ, જયશ્રી ચિનોય, દષ્ટિ ઓઝા, ભૂમિ ગઢવી અને ભારતી સિધને અભિનંદન પાઠવ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ

બેઠકમાં પણ સી.આર. દ્વારા બે હાથ જોડીને એવી આજીજી કરવામાં આવી હતી કે, મને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરો.

ભાજપ દ્વારા આગામી ૧૫મી જુલાઈથી રાષ્ટ્રવ્યાપી સંગઠ્ન મહાપર્વનો શુભારંભ થઈ રહ્યો છે. આવામાં આગામી ૨૦મી જુલાઈ સુધીમાં ભાજપ દ્વારા ગુજરાતના નવા પ્રદેશ અધ્યક્ષનું નામ જાહેર કરી દેવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. સીએમ પદે પાટીદાર સમાજમાંથી આવતા ભુપેન્દ્રભાઈ પટેલ હોય આવામાં પ્રદેશ ભાજપ અધ્યક્ષપદ ઓબીસી સમાજને આપવાની પક્ષની વ્યુહ રચના છે. હાલ ત્રણ નામો ચર્ચામાં છે. જેમાં રાજયસભાના સાંસદ મયંકભાઈ નાયક, મંત્રી જગદીશ વિશ્વકર્મા અને ધારાસભ્ય પુર્ણેશ મોદીના નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. અગાઉ વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી પ્રમુખ પદ માટે સૌથી વધુ દાવેદાર માનવામાં આવતા હતા. દરમિયાન લોકસભાની ચુંટણીમાં બનાસકાંઠા લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવારનો પરાજય થતાં શંકરભાઈનું વજન પક્ષમાં ઘટી જવા પામ્યું છે. તેઓનું નામ પ્રદેશ પ્રમુખના સંભવિતોમાંથી નીકળી ગયું છે.

થોડા સમય પહેલા રાજય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી પુર્ણેશ મોદી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહન મળતા એવી અટકળો વહેતી થઈ હતી કે, પુર્ણેશ મોદીને પ્રદેશ ભાજપ અધ્યક્ષ બનાવવામાં આવશે પરંતુ હવે આ અટકળો પહેલા જેટલી મજબૂત લાગતી નથી. મોદી-શાહની જોડી સરપ્રાઈઝ આપવા માટે જાણીતી છે. આવામાં ગુજરાત માટે કોઈ નવું નામ પણ આવી શકે છે. આવતા સપ્તાહે ભાજપ દ્વારા નવા અધ્યક્ષના નામની ઘોષણા કરી દેવામાં આવે તેવી સંભાવના જણાય છે.

### સરકારી ક્ચેરીને બદનામ કરનાર

અધિકારી બંને મને બદનામ કરવા માટેટ્વીટ કરવામાં આવ્યું હોવાથી તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર પર ફરિયાદ કરવામાં આવી હતી. જે બાદ આ બંને એકાઉન્ટ મામલે મેટાને રિપોર્ટ કરવામાં આવતા સોશિયલ મીડિયા કંપની દ્વારા આ બંને એકાઉન્ટ માટે એક જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવી માહિતી આપવામાં આવી હતી. જે બાદ તે મોબાઈલ નંબરનો સીડીઆરની માહિતી મંગાવતા આ નંબર સંજય શાંતિલાલ ધૂળ કોટીયા રહે.વિંગ-એ, ફ્લેટ નંબર ૪૦૧, પાવન પાર્ક, ૮૦ ફૂટ રોડ, સેટેલાઈટ ચોક, મોરબી રોડવાળાની ઓળખ થઈ હતી. હાલ સાયબર ક્રાઈમ પોલીસે આ શખ્સની શોધખોળ હાથ ધરી છે.

### લાઈન પ્રોજેક્ટ માટે રૂ. ૪૬૬ કરોડની ફાળવણી

મોદીના વિઝનથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આશરે ૯૨૦ ચોરસ કી.મી.નો ધોલેરા SIR ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ રિજીયન અને સ્માર્ટ સિટી છે.આગામી થોડા વર્ષોમાં ધોલેરા સર, ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવશે ત્યારે આ બ્રોડગેજ રેલ્વે લાઈન પ્રોજેક્ટ પણ તેમાં મહત્વપૂર્ણ બની રહેશે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ધોલેરા સર એ ઈન્ટરનેશલલ એરપોર્ટ, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે અને હવે આ ધોલેરા-ભીમાનાથ નવી બ્રોડગેજ રેલ્વે લાઈન સહિતની સંપૂર્ણ કનેક્ટિવીટી સાથે ડીએમઆઈસીનો નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતો અભિન્ન હિસ્સો બનશે.

### લેન્ડ ગ્રેબીંગ

છે. અન્ય ૧૬ કેસમાં સમાધાન થયેલ છે. જમીન માફીયાઓને નાથવા માટે રાજ્ય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબીંગનો કાયદો ઘડવામાં આવ્યો છે. જે ગુજરાતની જનતા માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે.

## બજરંગ ગ્રુપ દ્વારા ચકલીના માળા કુંડાનું નિઃશુલ્ક વિતરણ

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ વન વિભાગ રેંજ કચેરીના અંકિત એસ્ટેટના સંચાલક દિલીપભાઈ સોમૈયા, બીપીનભાઈ નથવાણીના આર્થિક સૌજન્યથી સ્વ. પ્રભુદાસભાઈ સૌમેયાના પાવન સ્મૃતિમાં દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ પંચમુખી હનુમાનજીના મંદિર પાસે ગરેડીયા કુવા રોડ રાજકોટ ખાને નિઃશુલ્ક ચકલીના માળ, ચણ, ફીડર રોપા અને છોડનું વિતરણ સંસ્થાના કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા સહીતના વરદ હસ્તે કરવામાં આવશે.આ સેવાકીય કાર્યોમાં પંકજભાઈ કારીઆ, સુનિલભાઈ મજેઠીયા, બટુકભાઈ રાચ્છ, ચંદ્રેશભાઈ ગણાત્રા વિ. સામાજીક યોગદાન આપેલ છે.

### સોરઠીયા રજપુત સમાજનું ગૌરવ

## જયવીર ગોહિલે સીએ ઈન્ટરમીડીઅટમાં બંને ગ્રુપ પાસ કરી મેળવી ઝળહળતી સફળતા



**અબતક, રાજકોટ**

રાજકોટનાં સોરઠીયા રજપૂત સમાજનાં અલ્પેશભાઈ બાબુભાઈ ગોહિલ અને રેખાબેન એ. ગોહીલનાં સુપુત્ર જયવિરએ સીએ ઈન્ટરમીડીઅટનાં બન્ને ગ્રુપ એકી સાથે પાસ કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સમગ્ર સોરઠીયા રજપૂત સમાજ તેમજ ગોહીલ પરિવાર અને જે.કે. શાહ કલાસીસ, કાલાવડ રોડનું ગૌરવ વધારેલ છે. આ તકે જે.કે.શાહ કલાસીસનાં મૌલીકભાઈ ટોળીયાનું શૈક્ષણિક ક્ષેત્રે સતત માર્ગદર્શન સાથે સાથે જયવિરને આવા સુંદર પરિણામ બદલ સમગ્ર જે.કે. શાહ કલાસીસ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

### ભારત-તિબ્બત સંઘ દ્વારા

## ગંભીર રોગોથી પીડાતા દર્દીઓ માટે શનિવારે નિદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજેશ જે. ભાતેલીયા, સહસંયોજક-મિડીયા-આઈ.ટી. (ગુજરાત પ્રાંત), ભારત-તિબ્બત સંઘના જણાવ્યા મુજબ ભારત-તિબ્બત સંઘ દ્વારા રાજકોટ ખાતે ગંભીર રોગોથી અપીડાતા દર્દીઓ માટે નિદાન કેમ્પનું આયોજન તા.૨૦ ના રોજ સવારે ૯:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી અને બપોરના ૨:૦૦ વાગ્યાથી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી નારાયણી ચિકિત્સાલય, ૧૧૨-૧૧૩ મારૂતિનંદન કોમ્પ્લેક્ષ, એસ.બી.આઈ. બેંકની બાજુમાં, જવાહર રોડ, નારાયણી ફાર્મસીની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

આ કેમ્પમાં માત્ર ગંભીર રોગોથી પીડાતા દર્દીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે. કેમ્પ માટે નવા દર્દી માટે તપાસણી ફી રૂા.૨૦૦/- રાખવામાં આવેલ છે. જ્યારે જુના દર્દીઓ માટે રૂા.૧૫૦/- ફી રાખવામાં આવેલ છે.

નેચરોપેથી નિષ્ણાંત અકબરભાઈ પટેલ તથા ભારત-તિબ્બત સંઘના પ્રદેશ-અધ્યક્ષ ભાવેશભાઈ જોષી (બાપજી) તથા ડો.મૃણાલીનીબેન ઠાકર તથા ડો.અર્જુન દવે વિગેરેના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કેમ્પને સફળ બનાવવા માટે ભારત-તિબ્બત સંઘના સ્થાનિક તમામ હોદ્દેદારો, સભ્યો તથા નારાયણી ફાર્મસી પરિવાર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** પારૂલબેન દિલીપભાઈ દોશી તે જીગીશાબેન અને દિગંતભાઈના માતૃશ્રીનું તા.૧૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા.૧૪ ને રવિવારે બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન સરસ્વતી શિશુ મંદિર,મારુતિ નગર એરપોર્ટ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**ગાંધીધામ :** મૂળ રાણાવાવ હાલ ગાંધીધામ કચ્છ નિવાસી દિનેશભાઈ ગોવિંદભાઈ વાજા તે મધવજીભાઈ, રમેશભાઈના નાનાભાઈ, નિલેશભાઈના મોટા ભાઈ, ગં.સ્વ.જ્યોત્સનાબેનના પતિ, અમરશીભાઈ પરમાર મેસવાણ (કેશોદ)ના જમાઈ, ધીરેન તથા હિતેનના પિતા, મિત્તલ ધિરેનભાઈ તેમજ રિતુ હિતેનભાઈના સસરા, જીતેન્દ્ર, વિમલ, દેવાંગના કાકાનું તા.૧૧.૦૭.૨૦૨૪ ગુરુવારે અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા શનિવારે ૧૩.૦૭.૨૪ ના સાંજે ૫:૦૦ થી ૬:૦૦, સાધુ વાસવાની ઈન્ટરનેશનલ સ્કૂલ, લીલાશાનગર, ગાંધીધામ કચ્છ રાખેલ છે.

**રાજકોટ :** જામનગર વડનગરા નાગર બ્રાહ્મણ સ્વ.સુરેન્દ્રભાઈ નટવરલાલ ત્રિવેદીના પત્ની તરૂલતાબેન (ઉ.વ.૮૨), તે બિમલભાઈ, બંકિમભાઈ તથા ભાર્ગવીબેનના માતુશ્રી અને રેશ્માબેન, પારૂલબેન તથા ભસ્માંગભાઈ જોષીપુરા (જુનાગઢ)ના સાસુનું તા.૧૧ને ગુરૂવારે અવસાન થયેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા.૧૩ને શનિવારે સાંજે ૫ થી ૬, ઉમા સદન, ઉમા ભવનની બાજુમાં, શ્યામલ ઈન્ફીનીટીની પાછળ, ઉમા સદન રોડ, જે. કે. ચોક, યુનીવર્સીટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભારતના કરદાતા પ્રમાણિકતાને કેમ પ્રાધાન્ય નથી આપતા ?

## અપ્રમાણિક કરદાતાના પગલે સરકારને કરની આવકમાં પહોંચે છે મોટી નુકસાની

**અબતક, નવીદિલ્હી**

પ્રામાણિકતા શ્રેષ્ઠ નીતિ હોઈ શકે છે, પરંતુ જ્યારે તે કરની વાત આવે ત્યારે નહીં. પાછલા સપ્તાહની સંપત્તિ દર્શાવે છે કે કરદાતાઓનો મોટો હિસ્સો તેમના કરનો બોજ ઘટાડવા માટે થોડા અપ્રમાણિક બનવા તૈયાર છે. તેઓ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને ટાળવા માટે નકલી બિલ સબમિટ કરવા, આવક છુપાવવી અથવા ઈન્વોઈસ વિના સ્ટૂલ ખરીદવા સહિત કેટલીક શંકાસ્પદ યુક્તિઓ અપનાવવા તૈયાર છે. ટેક્સ ડિપાર્ટમેન્ટ પણ ખૂબ ઊંડાણપૂર્વક તપાસ કરતું નથી કારણ કે વ્યક્તિગત સ્તરે ટેક્સ લિકેજ ખૂબ જ ઓછું છે. ટેક્સ લિકેજને ઠીક કરવાનો ખર્ચ કેટલીકવાર વસૂલ કરેલી રકમ કરતાં વધી જાય છે.

જ્યારે મોટી છૂટની વાત આવે છે ત્યારે ટેક્સ વિભાગ એટલું ક્ષમાશીલ નથી. ત્રણ મહિના પહેલા, વિભાગને લગભગ ૧૦,૦૦૦ વ્યક્તિઓ દ્વારા મોટી ચોરી શોધી કાઢવામાં આવી હતી જેમણે મકાન ભાડા ભથ્થા મુક્તિનો દાવો કર્યો હતો જ્યારે તેઓ ભાડા પર રહેતા ન હતા. કરદાતાઓની માહિતીને લિંક કરવા માટે કર સત્તાવાળાઓ દ્વારા ટેક્નોલોજી અને ઓટોમેશન પ્રક્રિયાઓના વધતા ઉપયોગ સાથે, કપટપૂર્ણ દાવાઓનો આશરો લેનારાઓને જોવાનું વધુ જોખમ રહેલું છે,'' કુમાર ચેતવણી આપે છે. આવા ઈરાદાપૂર્વકના ઉલ્લંઘન માટે દંડ કરચોરીની રકમના ૩૦૦% સુધી હોઈ શકે છે. જો રકમ ૨૫ લાખ રૂપિયાથી વધુ હોય તો કરદાતાને જેલ પણ થઈ શકે છે. તેથી, આવકવેરા રિટર્નમાં મુક્તિનો દાવો કરતી વખતે કરદાતાઓએ સાવચેત રહેવાની જરૂર છે.

સામાન્ય કાયદાનું પાલન કરતા નાગરિકો આ ખતરનાક રસ્તો કેમ અપનાવે છે જે તેમને કાયદાની ખોટી બાજુએ મૂકી શકે છે? કૌશિક કહે છે, ''કરદાતાઓને લાગે છે કે તેઓ જે ટેક્સ ચૂકવે છે તેના બદલામાં તેઓને કંઈ મળતું નથી. તેઓ આ ધારણાનો ઉપયોગ કરચોરી માટેના સમર્થન તરીકે કરે છે,'' કૌશિક કહે છે. અમારા સર્વેમાં ત્રણમાંથી બે ઉત્તરદાતાઓ માનતા હતા કે પ્રામાણિક લોકો વધુ કર ચૂકવે છે, જ્યારે પાંચમાંથી એક ઉત્તરદાતાનું માનવું છે કે કર અધિકારીઓ અપ્રમાણિક લોકો પ્રત્યે હળવાશ અનુભવે છે. વચગાળાના બજેટમાં કરદાતા દીઠ ₹૧ લાખ સુધીની તમામ ટેક્સ ડિમાન્ડ નોટિસને સંપૂર્ણપણે માફ કરવાની જાહેરાત દ્વારા આની પુષ્ટિ થઈ હતી.



### કરદાતાઓની પણ બેદરકારી

હાલ ભારતમાં જે કરની સિસ્ટમ છે તે પછી આવકવેરાની હોય કે જીએસટીની હોય તેમાં મહત્વનું એ પણ છે કે કરદાતાઓની બેદરકારી પણ એટલી જ કારણભૂત છે કરચોરી માટે. કારણકે હાલ જે કરચોરી થતી હોય તેનું સૌથી મોટું કારણ એ છે કે અત્યારે જે કરદાતા છે તે મહત્તમ લાભ લેવા માંગે છે અને જ્યારે કોઈ ડિમાન્ડ નોટિસ આવે અથવા તો રિકવરી થાય તે સમયે સેટલમેન્ટ કરી લેવાનો જે હાલ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે

તેનાથી લોકો એટલે કે કરદાતાઓ નીસફિકર બન્યા છે. કારણકે કરદાતાઓને ખ્યાલ છે કે અધિકારીઓ સાથે કરવામાં આવેલું સેટલમેન્ટ તેમના માટે ઉપયોગી નિવડશે જેથી પેક ચોરી કરવામાં તે સહેજ પણ અચકાતા નથી અને પરિણામ સ્વરૂપે સરકારને ખૂબ મોટી નુકસાની પણ થાય છે.

### શું બધા કરતા બેઈમાન છે ?

હાલ જે રીતે કરચોરીનું પ્રમાણ અને સેન્ટ્રલ જીએસટી હોય કે પછી આવકવેરા વિભાગ દ્વારા જે તવાઈ બોલાવવામાં આવે છે તે વાતને ધ્યાને લઈ ઘણા ખરા કરદાતાઓ બેયમાની તરફ આગળ વધ્યા છે. હાલ વિભાગ દ્વારા જે કડક પગલાં લેવામાં આવે છે તેનાથી ૧૦% લોકો જેડા છે તેનો લાભ લે છે અને ગેરરિતી આચરે છે. ત્યારે જરૂરી એ છે કે આવકવેરા વિભાગ હોય કે જીએસટી વિભાગ આ તમામે બેયમાની ઉપર કઈ રીતે અંકુશ લાદી શકાય ના પ્રકારના કરદાતાઓને કઈ રીતે દંડિત કરી શકાય તે માટેની પ્રક્રિયા હાથ ધરવી જોઈ નહીં કે કોઈ એવા પગલાં લેવામાં આવે કે જેનાથી જે પ્રામાણિક કરદાતાઓ છે તેમને કોઈ તકલીફ પડે. આ તો સ્પષ્ટ છે કે બધા કરતાં બેઈમાન હોતા નથી પરંતુ હાલની સ્થિતિને ધ્યાને લઈ કે જે રીતે કલચોરીનું પ્રમાણ સામે આવી રહ્યું છે તે જોતા એ વાત તો સ્પષ્ટ છે કે બેઈમાની તો થાય જ છે.

### શું બધા કરદાતા ચોર છે ?

હાલ દેશમાં આવકવેરા વિભાગની ચોરી હોય કે જીએસટી વિભાગની ચોરી હોય મહત્વનું તો એ છે કે શું બધા કરતા ચોર છે તો જવાબ આવે ના કારણ કે દરેક કરદાતા એવું જીતતા હોય કે તે કોઈ પણ પ્રકારના લીટીગેશનમાં ન ફસાય અને તેમના પર એક પણ પ્રકારની નોટિસો ન આવે. તું જે ભ્રષ્ટ કરદાતાઓ છે કે જે સેટિંગ કરીને જ આગળ વધે છે તેના પરિણામ સ્વરૂપે હવે જે પ્રમાણિત કરદાતાઓ છે તેને ઘણી તકલીફો વેઠવી પડે છે. બીજી તરફ ઓનલાઈન થઈ જતા જે પણ પરદાતા કર ચોરી કરતા હોય તેની સંપૂર્ણ માહિતી વિભાગ પાસે હોય છે અને તેના પરથી તે આકરા પગલાં પણ લે છે. પગલા લેવાથી પ્રામાણિક કરતાઓને પણ ઘણી તકલીફ થાય છે એટલે કહી શકાય કે સૂકા પાછળ લીલું પણ જીએસટીમાં બળે છે. પ્રમાણિક કરદાતાઓ ભારતમાં ૬૫% થી વધુ છે કે જે નિયમિત તેનો કર અથવા તો રિટર્ન ફાઈલ કરવાની પ્રક્રિયા હોય તે પરિપૂર્ણ કરે છે.

### પોલીસીમાં કયા મુદ્દે બદલાવ લાવવો જોઈએ

પોલીસીમાં પણ સરકારે બદલાવ કરવો જરૂરી છે કારણ કે હાલ જે જીએસટી અને આવકવેરા વિભાગમાં જે અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે તેઓ સહેજ પણ જવાબદારી લેવા માટે તૈયાર થતા નથી તેમના દ્વારા જે કેસ ડ્રોપઆઉટ થઈ શકતો હોય તે પ્રકારના કેસોને પણ અપીલમાં લઈ જવા માટે કરદાતાઓને આગ્રહ કરતાં હોય છે જે ખરા અર્થમાં કરદાતાઓ ને હેરાન કરવાની વૃત્તિ છે. જો અધિકારીઓની જવાબદારી ફિક્સ કરવામાં આવે તો જે બર્ડન ઉભું થઈ રહ્યું છે તે પણ ઘટશે. બીજી તરફ સ્ટેટ જીએસટી હોય સેન્ટ્રલ જીએસટી હોય કે આવકવેરા વિભાગ હોય આ તમામે કરદાતાઓને જે રીતે શોપોઝ નોટિસની બજવણી કરે છે તેનાથી ખરા અર્થમાં હેરાનગતિ કરદાતાઓએ વેચવી પડે છે અને સરકારી આવકને પણ ખાંસી એવી નુકસાની પહોંચે છે. ટેક્સ તજજ્ઞોનું માનવું છે કે હાલ આ સેન્ટ્રલ અને સ્ટેટ એજન્સીમાં જેથી કાર્યો ફરજ બજાવી રહ્યા છે તેમની પાસે પૂરતી ટ્રેનિંગ ન હોવાના કારણે જટિલ કિસ્સામાં કઈ રીતે નિર્ણય લેવો તે તેમને ખ્યાલ હોતો નથી અને એ તમામ કાર્યો અધરતાલ રહે છે.

### કરદાતાઓને પણ સતત હેરાનગતિનો કરવો પડે છે સામનો

આવકવેરા વિભાગ અને જીએસટી વિભાગ એ પણ તકેદારી રાખવાની જરૂરિયાત છે જ્યારે તેમના દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા હોય તો કરદાતાઓને જે રીતે પૂછપરછ થવી જોઈએ તે થતી નથી ઊલટું તેમની સાથેનો જે વ્યવહારો હોય તે આરોપી જેવો કરવામાં આવે છે જે ખરા અર્થમાં ખોટું છે. આવકવેરા વિભાગ હોય કે જીએસટી વિભાગ હોય તેના એક પણ મેન્યુઅલમાં એ પ્રકારની વાત નથી કે જે સર્ચ ચોપરેશન દરમિયાન કરદાતાઓને હેરાન કરવામાં આવે. સાથો સાથ અધિકારીઓ પાસે પૂરતી માહિતી ન હોવાથી પણ લોકો એનકેન પ્રકારે હેરાન થતા હોય છે. અમે ઘણા ખરા એવા કેસ ઊભા કરવામાં આવે છે કે જેનો નિકાલ તો આવવો ખાસો દૂર હોય અને સામે તેઓને ધંધામાં પણ ભારે નુકસાની વેઠવી પડતી હોય. આ તમામ મુદ્દાઓ પર ગંભીરતાથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પણ કરદાતાઓની સંખ્યા વધી શકે અને સરકારને જે આવકમાં નુકસાની થઈ રહી છે તેની પણ ભરપાઈ થાય.

# રાજ્યના ૨૪ મામલતદારોની બદલી, ૨ નાયબ મામલતદારને બઢતી

### રાજકોટ જિલ્લામાં ચૂંટણી વિભાગના મામલતદાર એમ.ડી.દવેની જસદણમાં બદલી, નાયબ મામલતદાર શામજીભાઈ ગીણોયા મામલતદારના પ્રમોશન સાથે પીઆરઓ તરીકે મુકાયા

**અબતક, રાજકોટ**

ગુજરાતના મહેસૂલ વિભાગ દ્વારા એકસાથે ૨૪ મામલતદારની બદલી કરવાનો આદેશ જાહે કર્યો છે. જે અંતર્ગત મહેસૂલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના મામલતદાર, વર્ગ-૨ સંવર્ગ (પે સ્કેલ- રૂ. ૪૪,૯૦૦-૧, ૪૨,૪૦૦, પે મેટ્રિક્સના લેવલ-૮)માં ફરજ બજાવતાં અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરી તેમના સ્થાને અન્ય અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.આ ઉપરાંત બે નાયબ મામલતદારને પ્રમોશન પણ આપવામાં આવ્યા છે.

અમદાવાદના મામલતદાર એ.એમ. પરમાર અને અશોક ગોહિલની અનુક્રમે વડોદરા મામલતદાર અને જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આવી જ રીતે અમરેલીના મામલતદાર એચ.એન. પરમારને ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડાના મામલતદાર, ભાવનગરના મામલતદાર રામભાઈ સુવાની દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરના મામલતદાર તરીકે, બોટાદના મામલતદાર રાજેશકુમાર કુંડાવાલાની બદલી મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.

જ્યારે છોટા ઉદેપુરના મામલતદાર નિલેશ પટેલની સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના મામલતદાર, ગાંધીનગરના મામલતદાર રાજેશ પટેલને અમદાવાદ, ગીર-સોમનાથના મામલતદાર રાજેશ પરમારની જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં મૂકવામાં આવ્યા છે. જ્યારે રાજકોટના મામલતદાર એમ.ડી.દવેની જસદણ મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના નાયબ મામલતદાર શામજીભાઈ ગીણોયાને મામલતદારના પ્રમોશન સાથે રાજકોટ કલેક્ટર કચેરીમાં પીઆરઓ તરીકે મુકવામાં આવ્યા છે. અગાઉ ગત વર્ષે ઑક્ટોબર મહિનામાં મહેસૂલ વિભાગ દ્વારા એકસાથે ૫૫ મામલતદારોની બદલી કરવામાં આવી હતી. આ સાથે જ ૧૬૨ નાયબ મામલતદારોને પ્રમોશન આપવામાં આવ્યું હતું.

### પર્યાવરણ સંરક્ષણના હેતુ સાથે

# જેડબલ્યુની નવી પહેલ: અમદાવાદના પ્રહલાદનગરમાં વૃક્ષો વાવવાનો સંકલ્પ

### ૧૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાશે

**અબતક, રાજકોટ**

આપણા શહેરને હરિયાળું અને આબોહવા સામેની લડાઈમાં મદદ માટેનું એક ઉમદા કાર્ય આ પહેલ કંપનીની નવી સીએસઆર શાખા જેડઅર્થ દ્વારા કરાય છે.

આ વનની અંદર વિવિધ સ્થાનિક પ્રજાતિઓ તેમજ આકારોના બે હજાર છોડનો સમાવેશ કરવામાં આવશે. ૨૦૦ વધુ મોટા વૃક્ષો હશે. જે છાયડો આપવા માટે ઉગાડવામાં આવશે. ૫૦૦ વધારે મધ્યમ કદના વૃક્ષો અને ૧૦૦૦ વધુ નાના છોડ



ઝાડીઓનું આ વન બનશે. જે ત્રણ સ્તરનું હશે. અમારૂ લક્ષ્ય ઉપલબ્ધ જમીનના ૮૦% ભાગમાં ઘટાટોપ વન, જેમાં બાળકો માટેનો વિસ્તાર, લિલી તળાવ, શહેરી ખેતી, દરિયાઈ જગ્યાઓ, મધમાખી અને પતંગીયા વગેરેથી ઘેરાયેલુ હશે. દરેક વૃક્ષને એક બાળક દ્વારા દત્તક લેવામાં આવશે. જેમાં તેના હાથની છાપ, નામ અને દત્તક લીધાની તારીખ કોતરવામાં આવશે.

જેડબ્લ્યુના એક્ઝીક્યુટીવ ડાયરેકટર શાંભવ ચૌહાણે જણાવ્યું હતું કે ''અમારો ધ્યેય સમૃધ્ધ ઈકોસિસ્ટમ બનાવવાનું છે.

તેમજ પર્યાવરણ સંરક્ષણની પ્રેરણા આપવાનું છે.''ગયા વર્ષે જેડઅર્થ દ્વારા ગાંધીનગર પાસે ત્રણ તળાવોને પુનર્જીવીત કરવાની પહેલ કરી હતી અને ભૂર્ગભ જળ રીચાર્જ કરવા અને નિરાકરણ માટે ખભાળ કૂવો બનાવ્યો હતો. જેડઅર્થ પર્યાવરણીય મુદ્દાઓ તરફ કામ કરવામાં માટે સમર્પિત છે.

# દક્ષિણ ગુજરાતમાં દે ધના ધન: સૌરાષ્ટ્રમાં મેઘરાજાની કરકસર

### નવસારીના ગણદેવીમાં સવારે ચાર કલાકમાં છ ઈંચ વરસાદથી સર્વત્ર જબંબાકાર

### સવારથી સુરત, નવસારી, નર્મદા, તાપી, ભરૂચ અને ડાંગ જીલ્લામાં મેઘાવી માહોલમાં અઢી ઈંચ સુધી વરસાદ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આજથી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૬૮ તાલુકાઓમાં વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા અનરાધાર હેત વરસાવી રહ્યા છે. અઢીં ઈંચ સુધી વરસાદ વરસી ગયો છે. સવારથી ૩૬ તાલુકાઓમાં વરસાદ પડી રહ્યા છે.

આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૬૮ તાલુકાઓમાં વરસાદ પડયો છે. સૌથી વધુ વરસાદ વલસાડમાં સવા છ ઈંચ વરસાદ પડયો છે. આ ઉપરાંત ગણદેવીમાં ૧૩૩ મીમી, ખેરગામમાં ૧૩૧ મીમી, નવસારીમાં ૧૨૯ મીમી, પારડીમા: ૧૧૫ મીમી, ચિખલીમાં ૧૧૧ મીમી, જલાલપોરમાં ૧૦૬ મીમી, વાપીમાં ૧૦૩ મીમી, ઉમરગામમાં ૯૧ મીમી, વ્યારામાં ૮૮ મીમી, ધરમપુરમાં ૭૮ મીમી, સોનગઢમાં ૭૧ મીમી, મહુવામાં ૬૯ મીમી, મોરવા હરફમાં ૬૯ મીમી, ડોલવાણમાં ૬૮ મીમી, વાળોદમાં ૬૩ મીમી, વલ્લભપુરમાં ૬૨ મીમી, બારડોલીમાં ૬૨ મીમી, કવાંટમાં, વઘઈમાં ૫૬ મીમી, ડભોઈમાં ૫૪ મીમી, કપરાડામાં ૫૩ મીમી, ઉમરપાડામાં ૫૧ મીમી, ઉમરાળામાં ૪૯ મીમી, પાલસવા ૪૮ મીમી, ગોધરામાં ૪૮ મીમી, સુબીરમાં ૪૭ મીમી, ડાંગમાં ૪૭ મીમી, ઉચ્છાળમાં ૪૩ મીમી, વાંસદામાં ૪૨ મીમી, સુત્રાપાડામાં ૪૧ મીમી, નેત્રાંગમાં ૪૧ મીમી, વિસાવદર ૪૦ મીમી, હાલોલ ૪૦ મીમી, ખેડામાં ૩૫ મીમી, વાઘોડીયામાં ૩૪ મીમી, બાબરામાં ૩૧ મીમી, કુંકાવાવ-વડીયામાં ૩૧ મીમી, શનખેડામાં ૩૧ મીમી, જાંબુખેડામાં ૩૦ મીમી, બોડેલીમાં ૨૯ મીમી અને લીમખેડામાં ૨૯ મીમી વરસાદ વરસી ગયો છે.

આજે સવારથી રાજયના ૩૬ તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું વિશેષ હેત જોવા મળી રહ્યું છે. નવસારીના ગણદેવીમાં ૫૪ મીમી, નવસારી શહેરમાં ૪૩ મીમી, ચિખલીમાં ૨૩ મીમી, સહીત અન્ય તાલુકાઓમાં હળવા ઝાપટાથીલઈ પોણો ઈંચ વરસાદ પડયો હતો.

આજથી પાંચ દિવસ રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું જોર વધુ રહેશે સૌરાષ્ટ્રમાં પણ દરિયા કાંઠા વિસ્તારમાં વરસાદની સંભાવના આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં ઉમરાળામાં બે ઈંચ, સુત્રાપાડામાં ૪૧ મીમી, વિસાવદરમાં ૪૦ મીમી, બાબરામાં ૩૨ મીમી, કુંકાવાવમાં ૩૧ મીમી, મેંદરડામાં ૨૭ મીમી, ધારીમાં ૨૭ મીમી, સિંહોરમાં ૨૬ મીમી, બોટાદના બરવાળામાં ૨૪ મીમી, લીલીયામાં ૨૩ મીમી, લીંબડીમાં ૨૩ મીમી, તાલાલામાં ૨૧ મીમી, ગારિયાધારમાં ૨૧ મીમી, ભાવનગરમાં ૨૧ મીમી, અમરેલીમાં ૨૧ મીમી વરસાદ વરસી ગયો છે.

કચ્છમાં ૩૪.૯૧ ટકા, ઉતર ગુજરાતમાં ૧૮.૪૮ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૮.૭૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૭.૫૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૧.૮૮ ટકા વરસાદ પડયો છે. રાજ્યમાં આજ સુધીમાં સીઝનનો સરેરાશ ૨૮.૧૨ ટકા જેટલો વરસાદ વરસી ગયો છે.આજે સવારે ગણદેવીને જાણે આપ આરટીઓ હોય તેમ સવારે ચાર કલાકમાં સાંભળેલા તારે છ ઈંચ વરસાદ જતા સર્વત્ર જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાય જવા પામી હતી.

### ભાદર ડેમની જળ સપાટીમાં સતત ત્રીજા દિવસે વધારો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં મેઘાનું જોર ઘટી રહ્યું છે. જેના કારણે જળાશયોમાં નવા નીરની આવકમાં ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૦ ડેમોમાં નવા નીરની આવક થવા પામી છે. ભાદર ડેમની જળ સપાટીમાં સતત ત્રીજા દિવસે વધારો નોંધાયો છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમ હસ્તકના રાજકોટ જીલ્લાના ભાદર ડેમમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૦.૩૩ ફુટ નવું પાણી આવ્યું છે. આ ઉપરાંત ફોફળમાં ૦.૬૬ ફુટ, આજી-૩ ડેમમાં ૦.૨૦ ફુટ, સુરવોમાં ૦.૬૬ ફુટ, કર્ણકીમાં ૧૦.૯૬ ફુટ, મોરબી જીલ્લાના મચ્છુ-૨ ડેમમાં ૦.૩૩ ફુટ, ડેમી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ, બ્રાહ્મણી-૨ ડેમમાં ૦.૪૯ નવા નીરની આવક થવા પામી છે.

# સ્ટેટ જીએસટીમાં બદલીનો ઘાણવો ઉતર્યો ૧૭૧ અધિકારીઓની બદલી સાથે બઢતી

### રાજકોટના ૬ અધિકારીઓને નાયબ કમિશનર તરીકે પ્રમોટ કરાયા જ્યારે ૨ અધિકારીને જોઈન્ટ તરીકે બદલી સેવા કેન્દ્રમાં કરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા હવે સેન્ટર એજન્સી એવી જીએસટી વિભાગમાં પણ બદલીની સાથે બળતીના ઓડરો કરવામાં આવ્યા છે ત્યારે હવે ગણતરીના જ દિવસો છે કે આવકવેરા વિભાગ ના અન્વેષણ ડિપાર્ટમેન્ટમાં પણ બદલીઓ હાથ ધરાશે. ત્યારે ગઈકાલે મોડી સાંજે રાજ્ય કરવેરા વિભાગના કમિશનરોની બદલી સાથે બઢતી કરવામાં આવી હતી જેમાં કુલ ગુજરાતના ૧૭૧ કમિશનરોને બદલવામાં આવ્યા છે. રાજકોટની જો વાત કરવામાં આવે તો કુલ ૮ અધિકારીઓની બદલી સાથે બળતી છે જેમાં છ ને આસિસ્ટન્ટ કમિશનર માંથી ડેપ્યુટી કમિશનર તરીકે ન્યુ કરાયા છે અને તેમના ઘટકો પણ ફેરવી દેવાયા છે.



બીજી તરફ સર્વાધિક અધિકારીઓ જે બદલાયા છે તે અમદાવાદના હોવાનું પણ માલૂમ પડ્યું છે. આ સામુહિક બદલીથી સ્ટેટ જીએસટી વિભાગમાં સન્નાટો છવાઈ ગયો છે કારણ કે આટલા મોટા પાયે સામુહિક બદલી કદાચ પ્રથમ વખત થાય હોય તો પણ નવાઈ નહીં.

રાજ્ય સરકાર દ્વારા બદલીઓનો દોર શરૂ કરી દીધો છે ત્યારે રાજ્ય વેરા કચેરી એટલે કે સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા પણ બદલીઓ તથા બઢતી કરવામાં આવી છે જેમાં કુલ રાજ્યના ૧૭૧ આસિસ્ટન્ટ કમિશનરને ડેપ્યુટી કમિશનર તરીકે પ્રમોટ કરવામાં આવ્યા છે. જેમાં સર્વાધિક ૭૦ અધિકારીઓ અમદાવાદના છે . જે અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે તેમાં વડોદરા, હિંમતનગર, દાહોદ અને ભરૂચના વેરા અધિકારીઓનો સમાવેશ થાય છે. તે સિવાય ભાવનગર, સુરેન્દ્રનગર, આણંદ, દોરાજી, વલસાડ અને મોરબીના અધિકારીઓની પણ બદલીઓ કરવામાં આવી છે.

આમ એકસાથે ૧૭૧ વેરા નિરીક્ષકોની સામૂહિક બદલીના આદેશને પગલે અધિકારીઓમાં સન્નાટો છવાઈ ગયો છે. રાજ્ય કરવેરા વિભાગમાં જે બદલ્યો થઈ તેમાં સર્વાધિક અમદાવાદમાં ૭૦ અધિકારીઓને બદલાવવામાં આવ્યા છે તો બીજી તરફ રાજકોટની વાત કરવામાં આવે તો છ લોકોને નાયબ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જ્યારે બાકી બે ને જોઈન્ટ કમિશનર તરીકે પદભાર સોંપવામાં આવ્યો છે. રાજકોટ શહેરની તો વાત કરવામાં આવે તો ગિરીશભાઈ ગોહિલ, ભગવાનજીભાઈ કુંભારવાડીયા, નયનાબેન ઘાડીયા, ચીમનભાઈ ગમારા, આરતીબેન ભેસડદિયા, મેઘાબેન વડુકીયા, મહેન્દ્રભાઈ ચૌહાણ તથા હસમુખભાઈ ધંધુક્યિાના ઓર્ડર નીકળ્યા છે.

# વૈશાલીનગરમાં જશ પ્રેમ ધીર સંકુલ ખાતે ગુણીજી મ.સ.નો કાલે ચાતુર્માસ પ્રવેશ

### પુનામાં દોઢીવાલા જૈન ભવનમાં વિમળાજી મહાસતીજીનો મંગલ પ્રવેશ

**અબતક, રાજકોટ**

પૂ. ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ. વિમળાજી મ.સ., પૂ. પદ્માજી મ.સ. પૂ. જિજ્ઞાજી મ.સ.નો તા.૧૨ ના પુના દોઢીવાલા જૈન ભવનમાં મંગલ પ્રવેશ યોજાયેલ. આ પ્રસંગે સુભાષભાઈ પટેલ, મુકેશ પટેલ, સતીશ પટેલ, માલતીબેન આશરા વગેરે ઉપસ્થિત રહેલ. સંઘ પ્રમુખ શૈલેશ ઉદાણી વગેરે ચાતુર્માસને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહેલ છે.

રાજકોટ વૈશાલીનગરમાં જન-પ્રેમ ધીર સંકુલ ખાતે તા.૧૪ને રવિવારે સવારે ૮ કલાકે પૂ. ગુણીજી મ.સા., પૂ. ગુણીજી મ.સ, પૂ. લીનાજી મ.સ. નો ચાર્તુમાસ પ્રવેશ યોજાયેલ છે.

જયારે વિમલનાથ ઉપાશ્રયે (ગોપાલ ચોક) તપસ્વી પૂ. કિરણબાઈ મ.સ.નો રવિવારે સવારે ૮.૪૫ કલાકે ચાતુર્માસ પ્રવેશ રાખેલ છે.

પૂ. સુશીલાબાઈ મ.સ. ઠાણા-૪ રામકૃષ્ણનગર અને પૂ. હસુતાજી મ.સ. જંકશન પ્લોટ, પૂ. ઉષા-વીણાજી મ.સ., કામદાર ધર્માલય પૂ. નીલમબાઈ મ.સ. પ્રહલાદ પ્લોટ, કોઠારી ઉપાશ્રય ચાતુર્માસ પધાર્યા છે.

### શબિલ માટે દુધ કોલ્ડ્રીંક્સ કે શરબત બનાવવામાં પુરી કાળજી રાખવા ડો.અબ્દુલ બેલીમની અપીલ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના મુસ્લીમ આગેવાન તથા સામાજીક કાર્યકર ડો.અબ્દુલ બેલીમ દ્વારા શહેર તથા જીલ્લાના તમામ મુસ્લીમોને મોહરમના શબિલ માટે બનાવવામાં આવતું શરબત તથા દુધ કોલ્ડ્રીંક્સ બનાવતા પહેલા દુધને કાળજીપુર્વક ઉકાળવા તથા કલર આઈ.એસ.આઈ. માર્કાવાળો અને બનાવટની તારીખ જોઈ, તપાસ્યા બાદ જ ઉપયોગમાં લેવાની તેમજ માવાની ચીજનો ઉપયોગ ન કરવા ખાસ અપીલ કરવામાં આવે છે.

હાલના સંજોગો (એટમોસ્ફીયર) વાતાવરણ સારૂ ન હોવાથી છુટો કે બનાવટી કલર વાપરવાથી ઝાડા-ઉલ્ટીથી અને શરદી-ઉધરસનો ભયંકર વાયરસ હોય થઈ જવાની શક્યતા હોય દરેક શબિલોએ કાળજીપુર્વક અમલ કરવો. તેમ ડો.અબ્દુલ બેલીમએ અપીલ કરી છે.

# રાજકોટમાં મોદી એસ્ટેટ પર સ્ટેટ જીએસટીનું સર્ચ ઓપરેશન

## જીએસટી કર ન ભર્યા હોવાની વાત આવી સામે: હજુ પણ સર્ચ ઓપરેશન યથાવત રહે તેવા એંધાણ

### મોદી એસ્ટેટની સાથે તેની સંલગ્ન પેઢીમાં પણ સ્ટેટ જીએસટી વિભાગ ત્રાટક્યું

**અબતક, રાજકોટ**

રાજય કરવેરા દ્વારા ગઈકાલે એક સાથે જ કમિશનરોની સામૂહિક બદલી કરવામાં આવી ત્યારે બીજી તરફ રાજકોટના રિયલ એસ્ટેટ સાથે જોડાયેલી મોદી એસ્ટેટ પર સ્ટેટ જીએસટી દ્વારા નરોડા પાડવામાં આવ્યા છે અને જે રીતે વિગતો સામે આવી રહી છે કે આ પેઢી દ્વારા સતત રોકડ વ્યવહાર જ કરવામાં આવ્યા હોય અને જીએસટી ન ભર્યો હોય તેવી વિગત મળતા જ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જીએસટી વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મોદી એસ્ટેટ સાથે બાલાજી હાર્ડવેર કે જે ટ્રેડિંગ પેઢી છે તેમાં પણ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હોવાની વાત સામે આવી છે. વિભાગના સૂત્રોનું માનવું છે કે આસર ઓપરેશનમાં ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી થઈ હોવાનું




સામે આવી શકે છે ત્યારે રિયલ એસ્ટેટ સાથે એનકેન પ્રકારે જોડાયેલા પેઢીદારો પર જીએસટી વિભાગ તવાઈ બોલાવે તો નવાઈ નહીં.

મળતી માહિતી મુજબ મોદી એસ્ટેટ જમીન મકાનની લે વેચ કરતા હોવાની વાત સામે આવી છે ત્યારે તેમના દ્વારા વ્યવહાર રોકડમાં કરતા હોવાનું જીએસટી વિભાગને માલુમ પડ્યું હતું જે બાદ રાજકોટના ૯૩ ઘટક દ્વારા આ અંગે રેકી કરવામાં આવી હતી અને માહિતી સાચી લાગતા જ સર્ચ ઓપરેશન કર્યું હતું. ત્યારે આ અસર ઓપરેશન આગામી કેટલા દિવસ ચાલશે તેનો કોઈ અંદાજ નથી પરંતુ એ વાત નક્કી છે કે જો ટેક્સ ચોરી સામે આવશે તો આવકવેરા વિભાગ પણ તપાસમાં ઝંપલાવે તો નવાઈ નહીં.

હાલ સરકાર કરની આવક વધારવા માટે અનેક પ્રયત્નો કરી રહ્યું છે તેમાં દરેક સેન્ટ્રલ એજન્સીને એ વાતની પણ સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે તેમના અધિકાર ક્ષેત્રમાં એ તમામ ક્ષેત્રની વિગતો એકત્રિત કરવામાં આવે કે જેમાંથી એ વાતનો ખ્યાલ આવે કે કોના દ્વારા કરચોરી કરવામાં આવી રહી છે અને એ વાત પુરવાર થતાં જ તે જે તે પેઢી ઉપર સર્ચ ઓપરેશન હાથ ધરાય અને બેનામી આવક હોય કે પછી કરચોરી હોય એને સામે લાવવામાં આવે. જેથી જે તે પેઢી ધારક ઉપર કાયદાકીય અને શિક્ષાત્મક પગલાં લઈ શકાય. માધાપર ચોકડી પાસે આવેલા શેઠ નગર વિસ્તારમાં જે મોદી એસ્ટેટ પેઢી છે તેની જેમ અનેક આ પ્રકારની પેઢીઓ રાજકોટમાં કાર્યરત છે કે જે જમીન મકાનના લે વેચ કરતી હોય અને રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલી હોય. ત્યારે તેમના દ્વારા પણ શું આ પ્રકારની જ ગેરરીતી આચરવામાં આવી છે કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવે તેવું હાલ મનાઈ રહ્યું છે.

ભવિષ્યમાં પણ સ્ટેટ જીએસટી વિભાગ રિયલ એસ્ટેટ ગ્રુપ ઉપર તવાઈ બોલાવે તો નવાઈ નહીં. કારણ કે હાલ જે વાત સામે આવી છે તે એ છે કે આ પ્રથમ એવું સરચ ઓપરેશન છે કે જેમાં જીએસટી વિભાગ એ સર્વિસ ઈન્ડસ્ટ્રીને ટાર્ગેટ કરી હોય એટલે આ અસર ઓપરેશનથી એ વાત તો પુરવાર થઈ જાય છે કે હવે સર્વિસ ઈન્ડસ્ટ્રીમાં જે પણ પેઢી ધારકો દ્વારા એનકેન પ્રકારે કરચોરી કરવામાં આવતી હોય અથવા તો જીએસટીમાં ગેરરીતિ કરાઈ હોય તે તમામ ઉપર તવાઈ બોલાવવામાં આવશે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે મોદી એસ્ટેટ પર જેસર ચોપરેશન સ્ટેટ જીએસટી દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે તેમાંથી કેટલી કરચોરી બહાર આવે છે.

# રાજ્યના પ્રાથમિક શિક્ષકોને સ્થાવર-જંગમ મિલકતો જાહેર કરવા આદેશ

**અબતક, અમદાવાદ**

રાજ્યમાં આવેલી સરકારી પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકો અને મુખ્ય શિક્ષકોએ હવે પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલકતો સરકાર સમક્ષ જાહેર કરવી પડશે. શિક્ષણ વિભાગ હસ્તકના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા સરકારી પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને જંગમ અને સ્થાવર મિલકત સંબંધી ડિક્લેરેશન ફોર્મ ભરવા માટે આદેશ કર્યો છે. આ માટે પરિપત્ર કરી જિલ્લા કક્ષાએથી તમામ શિક્ષકોના ફોર્મ ભરાય તે જોવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. ગુજરાત પંચાયત સેવા વર્તણુંક નિયમોમાં જંગમ અને સ્થાવર મિલકત સંબંધિત જોગવાઈ કરવામાં આવેલી છે, તેને ધ્યાને રાખીને શિક્ષકોએ ડિક્લેરેશન ફોર્મ ભરવાના રહેશે. આમ, હવે રાજ્યના અન્ય કર્મચારીઓની જેમ શિક્ષકોએ પણ પોતાની મિલકતો સરકાર સમક્ષ જાહેર કરવી પડશે.રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીઓને પરિપત્ર કરી પ્રાથમિક શિક્ષકો દ્વારા જંગમ, સ્થાવર મિલકત સંબંધિ ડિક્લેરેશન ફોર્મ ભરવામાં આવે તે માટે કાર્યવાહી કરવા આદેશ કરાયો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી સુચના અનુસાર રાજય સ્તરે પંચાયત સેવા વર્તણૂક નિયમોમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ પંચાયતના દરેક કર્મચારી/ પ્રાથમિક શિક્ષક દ્વારા જંગમ, સ્થાવર મિલકત સંબંધી ડિકલેરેશન ફોર્મ ભરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવાયું છે. જેના પગલે હવે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોના શિક્ષકો અને આચાર્યોને મિલકતો જાહેર કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે.



# આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વિરૂધ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાતા ખળભળાટ

## ટીડીપીના ધારાસભ્યનું અપહરણ કરી માર માર્યાના કેસમાં પૂર્વ મુખ્યમંત્રી ઉપરાંત બે આઈપીએસ સહિતના પણ સામેલ હોવાના આક્ષેપ

**અબતક, નવી દિલ્હી**

આંધ્રપ્રદેશ પોલીસે ટીડીપી ધારાસભ્યની ફરિયાદ બાદ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડી, બે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ અને બે નિવૃત્ત અધિકારીઓ સામે ''હત્યાના પ્રયાસ''નો કેસ નોંધ્યો છે. આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે.

શાસક પક્ષના ઉંડીના ધારાસભ્ય કે રઘુરામ કૃષ્ણ રાજુએ આ ફરિયાદ નોંધાવી છે. જગન મોહન રેડ્ડી ઉપરાંત, પોલીસે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ પીવી સુનીલ કુમાર અને પી એસ આર સીતારમંજનાયુલુ, નિવૃત્ત પોલીસ અધિકારી આર વિજય પૌલ અને ગુંટુર સરકારી જનરલ હોસ્પિટલના ભૂતપૂર્વ અધિક્ષક જી પ્રભાવતી સામે પણ કેસ નોંધ્યો છે, અધિકારીએ જણાવ્યું હતું. વિજય પોલ અને પ્રભાવતી નિવૃત્ત થયા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, ''રાજુએ એક મહિના પહેલા મેઈલ દ્વારા પોલીસને તેની ફરિયાદ મોકલી હતી અને કાયદાકીય સલાહ લીધા પછી, મેં ગુરુવારે સાંજે ૭ વાગ્યે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો.'' અધિકારીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેને ''કસ્ટડીમાં ત્રાસ આપવામાં આવ્યો હતો''.

પોલીસે પાંચ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦બી, ૧૬૬, ૧૬૭, ૧૯૭, ૩૦૭, ૩૨૬, ૪૬૫ અને ૫૦૬ હેઠળ કલમ ૩૪ હેઠળ કેસ નોંધ્યો છે. આ મામલો ત્રણ વર્ષ જૂનો હોવાથી પોલીસે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ કેસ નોંધ્યો છે. ગુંટુરના નાગરમપાલમ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આંધ્રપ્રદેશમાં ૨૦૨૧માં ટીડીપી નેતા રાજુની ધરપકડનો મુદ્દો ત્યારે સામે આવ્યો જ્યારે તેણે ૧૧ જૂને રેડ્ડી અને કેટલાક અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી.

તેણે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અધિકારીઓ પર તેમની વિરુદ્ધ ગુનાહિત ''ષડયંત્ર'' રચવાનો આરોપ મૂક્યો છે. ૬૨ વર્ષીય રાજુએ તેમની ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ સુનીલ કુમાર અને સીતારામંજનાયુલુ, પોલીસ અધિકારી વિજયા પોલ અને સરકારી ડોક્ટર જી પ્રભાવતી ''ષડયંત્ર''નો ભાગ હતા.

રાજુએ ફરિયાદમાં આરોપ મૂક્યો છે કે, ''આંધ્ર પ્રદેશ સરકારની સીબીસીઆઈડીએ મારી વિરુદ્ધ ખોટો કેસ દાખલ કર્યો છે. ૧૪ મે, ૨૦૨૧ના રોજ, મને કોઈપણ યોગ્ય પ્રક્રિયા વિના ધરપકડ કરવામાં આવી હતી, મને ધમકી આપવામાં આવી હતી, પોલીસ વાહનમાં ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. અંદર ખેંચીને બળજબરીથી લઈ જવામાં આવ્યો હતો.

# અમેરિકાથી મોકલેલા ત્રણ ભાડુતી આતંકીઓનું એન્કાઉન્ટર કરતી પોલીસ

## ત્રણેય ગેંગસ્ટર સામે ૨૯ કેસ નોંધાયેલ હતા, પોલીસે ત્રણેય ઉપર ઈનામ પણ કર્યું હતું જાહેર

**અબતક, નવી દિલ્હી**

હરિયાણાના સોનીપતમાં ગત રાત્રે પોલીસે અમેરિકાના કુખ્યાત શખ્સના ભાડુઆતી ત્રણ ગેંગસ્ટરનું એન્કાઉન્ટર કર્યું છે. યુએસ સ્થિત કુખ્યાત ગેંગસ્ટર ખંડણીખોર હિમાંશુભાઈ ગેંગના ૩ કુખ્યાત શાર્પ શૂટરોના એન્કાઉન્ટર વેળાએ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સ્પેક્ટર અરુણને પણ ગોળી વાગી હતી.



પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ગેંગસ્ટરની ઓળખ હિસારના રહેવાસી આશિષ ઉર્ફે લાલુ, હિસારના ખરાર ગામનો રહેવાસી સની ખરાર અને સોનીપતના ગોહાનાના રિંધાના ગામના રહેવાસી વિકી તરીકે થઈ છે. તે હિસારમાં વેપારીઓ પાસેથી ખંડણી સહિતની અનેક હત્યાઓ અને અન્ય ઘટનાઓમાં સામેલ છે. પોલીસે તેની ધરપકડ પર લાખો રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. હરિયાણા અને દિલ્હીમાં લૂંટ, હત્યા, ખંડણી જેવા લગભગ ૨૯ કેસ નોંધાયેલા છે. પોલીસ તેમને લાંબા સમયથી શોધી રહી હતી.

મળતી માહિતી મુજબ, સોનીપતના ખરખોડા ગામમાં ચિન્નૌલી બાયપાસ પર સોનીપત એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ) અને નવી દિલ્હી રેન્જ પોલીસ દ્વારા આ સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે આ બદમાશો પાસેથી ૫ ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે.

શુક્રવારે રાત્રે લગભગ ૯ વાગ્યે એસટીએફ સોનીપતના પ્રભારી યોગેન્દ્ર દહિયાના નેતૃત્વમાં ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. નવી દિલ્હી રેન્જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ ખારઘોડા વિસ્તારમાં હતી. દરમિયાન ટીમને બાતમી મળી હતી કે ભાઉ ગેંગના ૩ બદમાશો ચિન્નૌલી રોડથી આવવાના છે. તેની પાસે હથિયાર હોવાની માહિતી પોલીસ પાસે હતી. આ દરમિયાન પોલીસે રોહતક બાયપાસ પાસે નાકાબંધી કરી હતી.

થોડી વાર પછી પોલીસે સફેદ રંગની કિયા કાર આવતી જોઈ. જ્યારે પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો તો કારમાં સવાર બદમાશોએ ભાગવાનો પ્રયાસ કર્યો. જ્યારે પોલીસે તેમને ચેતવણી આપી તો તેઓએ પોલીસ પર ગોળીબાર કર્યો. પોલીસે જવાબી કાર્યવાહી કરી હતી. જે બાદ બંને તરફથી અનેક રાઉન્ડ ફાયરિંગ થયું હતું. જેમાં ૩ શાર્પશૂટરોને ગોળી વાગી હતી. પોલીસ તેને હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યા હતા.

# ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ: પ્રોવિઝનલ મેરીટમાં ૧૮૭૩૩ વિદ્યાર્થીઓનો સમાવેશ

## મોક રાઉન્ડ માટે ૨૧મી જુલાઈ સુધી ચોઈસ ફિલિંગ અને ૨૩મી જુલાઈએ મોકરાઉન્ડનું પરિણામ જાહેર કરાશે

**અબતક, અમદાવાદ**

ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે ચાલતી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રોવિઝનલ મેરિટયાદી જાહેર કરી દેવામાં આવી છે. આ યાદીની સાથે મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. પ્રોવિઝનલ મેરિટયાદીમાં ૧૮૭૭૩ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોક રાઉન્ડ માટે આગામી ૨૧મી જુલાઈ સુધી ચોઈસ ફિલિંગ અને ૨૩મી જુલાઈએ મોકરાઉન્ડનું પરિણામ જાહેર કરાશે.ફાર્મસીમાં પ્રવેશ માટે ચાલુવર્ષે કુલ ૨૦૯૦૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ. ગુજસેટ અને ધો.૧૨ના બોર્ડના આધારે તૈયાર કરવામાં આવેલી મેરિટયાદીમાં ૧૮૭૭૩ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં ૮૬૮૬ વિદ્યાર્થીઓ અને ૧૦૦૮૭ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ એ કે, નીટ અને જેઈઈ આપી હોય તેવા વિદ્યાર્થીઓનું મેરિટ પ્રથમ રાઉન્ડ પછી જાહેર કરાશે. હાલમાં આ બન્ને કોર્સના આધારે પ્રવેશ આપવાનો થાય તેવી કુલ ૫૨ બેઠકો ઉપલબ્ધ છે. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની ૯૫ ટકા બેઠકો અને સ્વનિર્ભર કોલેજોની ૫૦ ટકા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં બી.ફાર્મ અને ડી.ફાર્મની કુલ ૧૨૧ સંસ્થાઓની ૧૦૮૭૯ બેઠકો પૈકી ૬૭૨૫ બેઠકો સરકારી અને ૪૧૫૪ બેઠકો મેનેજમેન્ટ કવોટાની ઉપલબ્ધ છે. મોક રાઉન્ડમાં ૧૨૧ કોલેજોની ૬૭૨૫ બેઠકો માટે ફાળવણી કરાશે. સ્વનિર્ભર કોલેજની ૪૧૫૪ બેઠકો કોલેજો પોતાની રીતે ભરી શકશે.

### ગ્રામીણ લોકોને સસ્તો અને ઝડપી ન્યાય ક્યારે?

# ગ્રામીણ વિસ્તારમાં ૬ હજાર કોર્ટના લક્ષ્યાંક સામે ૪૮૧ જ સ્થપાય

## નીચલી અદાલતોમાં પડતર કેસોની ૪.૫ કરોડથી વધુ ફાઈલો ધૂળ ખાઈ રહી છે ન્યાયતંત્રનું કામ સરળ બનાવવા ગ્રામીણ કોર્ટની સંખ્યા વધારવાની તાતી જરૂર

**અબતક, નવી દિલ્હી**

ગ્રામીણ વિસ્તારમાં ૬ હજાર કોર્ટના લક્ષ્યાંક સામે ૪૮૧ જ સ્થપાઈ છે. જેથી ગ્રામીણ લોકોને સસ્તો અને ઝડપી ન્યાય ક્યારે મળશે ? તેવો સો મણનો સવાલ ઉભો થઈ રહ્યો છે. નીચલી અદાલતોમાં પડતર કેસોની ૪.૫ કરોડથી વધુ ફાઈલો ધૂળ ખાઈ રહી છે ત્યારે ન્યાયતંત્રનું કામ સરળ બનાવવા ગ્રામીણ કોર્ટની સંખ્યા વધારવાની તાતી જરૂર જણાઈ રહી છે.

ભારતીય અદાલતો પર કરોડો પેન્ડિંગ કેસોનો બોજ છે. લોકોને ઝડપી ન્યાય આપવા અને ન્યાયતંત્રને પડતર કેસોના બોજમાંથી મુક્ત કરવાના નામે અંગ્રેજોએ બનાવેલા વર્ષો જૂના કાયદાઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આનાથી કેટલું પરિવર્તન આવશે તેનો જવાબ જાણવા માટે તંત્રને થોડો સમય લાગશે. આ સિવાય જો સુધારાવાદી કવાયત માટે લેવાયેલા નિર્ણયનો અમલ થયો હોત તો કદાચ આજે ન્યાયતંત્રનો ચહેરો જુદો હોત.



એવું કહેવાય છે કે 'જો ન્યાયમાં વિલંબ થાય તો તે ન્યાય નથી. તેનાથી બચવા માટે દોઢ દાયકા પહેલા નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત એવું માનવામાં આવતું હતું કે ટ્રાયલ કોર્ટનો બોજ અમુક અંશે ઓછો થઈ શકે છે. લોકોને તેમના ઘરની નજીક ન્યાય આપવા માટે કેન્દ્ર સરકારે ૨૦૦૮માં ગ્રામ ન્યાયાલય અધિનિયમ પસાર કર્યો હતો. એક અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટને તેના પરિણામોની માહિતી આપવામાં આવી છે.

ગ્રામીણ લોકોને તેમના ઘરઆંગણે સાચો ન્યાય મળે તેવું સપનું અધૂરું રહી જાય છે. નીચલી અદાલતોમાં પડતર ૪.૫ કરોડથી વધુ કેસો પણ કોર્ટની ફાઈલોમાં ધૂળ જામી રહી છે. કારણ કે રાજ્ય સરકારોએ પણ આ વિષય પર બહુ ધ્યાન આપ્યું નથી. ગ્રામીણ અદાલતોની સ્થાપના માટે સંસદે કાયદો બનાવ્યો હતો. પરંતુ ૧૬ વર્ષ પછી પણ પરિસ્થિતિ બદલાઈ નથી. એટલે કે પરિણામ એ જ રહ્યું.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં તમામ કેન્દ્ર અને રાજ્ય સરકારોને ગ્રામ્ય અદાલતોની સ્થાપના માટે પગલાં લેવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર હાઈકોર્ટની સલાહથી ગ્રામ ન્યાયાલય માટે ન્યાયિક અધિકારીની નિમણૂક કરશે તેમ જણાવાયું હતું. અહેવાલ અનુસાર, એનજીઓ 'નેશનલ ફેડરેશન ઑફ સોસાયટીઝ ફોર ફાસ્ટ જસ્ટિસ' તરફથી હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણે સુપ્રીમ કોર્ટને પરિસ્થિતિ વિશે જાણ કરી અને જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેંચને જાણ કરી કે કાયદો પસાર થયા પછી તો, ૬૦૦૦ ગ્રામ ન્યાયાલયોની સ્થાપના કરવી જોઈતી હતી. પરંતુ સ્થાપિત ૪૮૧માંથી માત્ર ૩૦૯ જ સક્રિય છે.

### ગ્રામ ન્યાયાલય ટ્રાયલ કોર્ટનો બોજ ઘટાડી શકે છે: સુપ્રીમ

ખંડપીઠે એવું પણ અનુભવ્યું હતું કે ટ્રાયલ કોર્ટ કે જેમાં અંદાજે ૨૩,૦૦૦ ન્યાયિક અધિકારીઓ છે જે છેલ્લા પાંચ વર્ષથી ૪ કરોડથી વધુ પડતર કેસોની વણઉકેલાયેલી સમસ્યા સાથે ઝઝૂમી રહ્યા છે, ગ્રામ પંચાયત કોર્ટ દ્વારા બોજ ઘટાડવા અને સરળ અને સસ્તું પ્રદાન કરવા માટે તેમની રચના કરવાની જરૂર છે. ટ્રાયલ કોર્ટમાં પ્રવેશ સક્રિય કરી શકાય છે. એએસજી ઐશ્વર્યા ભાટીએ સુપ્રિમને માહિતી આપી હતી કે કેન્દ્ર સરકાર હાલની યોજના મુજબ આ સંબંધમાં રાજ્યોને નાણાકીય સહાય આપવા તૈયાર છે, જેથી ગ્રામજનોને તેમના ઘરઆંગણે ઝડપી ન્યાય મળી શકે.

### મુખ્ય સચિવો અને હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને છ અઠવાડિયાની અંદર એફિડેવિટ આપવા નિર્દેશ

સુપ્રીમે કહ્યું– 'તમામ રાજ્ય સરકારોના મુખ્ય સચિવો અને હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને છ અઠવાડિયાની અંદર ગ્રામ ન્યાયાલયની સ્થાપના અને કામગીરી અંગે એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટની સ્થાપના માટે ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ એફિડેવિટમાં ઉલ્લેખ કરવો જોઈએ. એફિડેવિટ દાખલ કરતા પહેલા રાજ્ય સરકારના મુખ્ય સચિવ અને હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલને મળીને ગ્રામ ન્યાયાલયની સ્થાપના માટે બનાવેલ યોજના અંગે ચર્ચા કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં આ કેસની આગામી સુનાવણી ૧૧ સપ્ટેમ્બરે થશે.

# ૩૦ મીટરના ટેલિસ્કોપથી બ્રહ્માંડના અનેક રહસ્યો થશે ઉજાગર

## થર્ટી મીટર ટેલિસ્કોપ અત્યાર સુધીનું સૌથી અદ્યતન ટેલિસ્કોપ હશે : ભારત, અમેરિકા, ચીન, કેનેડા અમે જાપાન મળીને ટેલિસ્કોપ બનાવી રહ્યા છે

અબતક, નવી દિલ્હી : અવકાશ સંબંધિત અનેક રહસ્યો પરથી પડદો ઉઠશે. આ માટે વૈજ્ઞાનિકો ટેલિસ્કોપ બનાવવા જઈ રહ્યા છે. આ કોઈ સામાન્ય ટેલિસ્કોપ નથી. આ ખાસ થર્ટી મીટર ટેલિસ્કોપ છે. જે અત્યાર સુધીનું સૌથી અદ્યતન અને શક્તિશાળી ટેલિસ્કોપ છે. તેની ડિઝાઇન અને ક્ષમતાઓ કોસ્મિક વસ્તુઓને વધુ સારી રીતે જોવા અને સમજવામાં ઉપયોગી છે. આ પ્રોજેક્ટમાં ભારતીય વૈજ્ઞાનિકોનું મોટું યોગદાન છે. આ ટેલિસ્કોપ ભારત, અમેરિકા, ચીન, કેનેડા અમે જાપાન મળીને બનાવી રહ્યા છે.

થર્ટી મીટર ટેલિસ્કોપ પ્રોજેક્ટ આંતરરાષ્ટ્રીય સહયોગથી પૂર્ણ થશે. જેમાં ભારત, અમેરિકા, કેનેડા, ચીન અને જાપાન જેવા દેશોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટની મદદથી આપણે બ્રહ્માંડ વિશે વધુ જાણી શકીશું. આ ટેલિસ્કોપને એવી રીતે ડિઝાઇન કરવામાં આવશે કે તે નાનામાં નાની વસ્તુઓને પણ પકડી શકે. તેમાં 30 મીટરનો મોટો પ્રાઈમરી મિરર, એડવાન્સ ઓપ્ટિક સિસ્ટમ અને અનેક વૈજ્ઞાનિક સાધનો લગાવવામાં આવશે. આ ટેલિસ્કોપ હવાઈમાં લગાવવામાં આવશે.

થર્ટી મીટર ટેલિસ્કોપનો હેતુ જગ્યા સંબંધિત ઘણા પ્રશ્નો ઉકેલવાનો છે. ઉપરાંત, આવી માહિતી મેળવવાની રહેશે જે વિવિધ કારણોસર અગાઉ મેળવી શકાઈ ન હતી. આમાં બ્રહ્માંડનું સંશોધન અને બિગ બેંગ પછી પ્રથમ તારાવિશ્વો અને તારાઓની રચના, સુપરમાસીવ બ્લેક હોલ વિશેની માહિતી એકઠી કરવી, તારાઓ અને ગ્રહોની રચના કેવી રીતે થાય છે તે શોધવા અને એક્સોપ્લેનેટ વિશેની આપણી સમજણને આગળ વધારવાનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટમાં ભારતે મોટી ભૂમિકા ભજવી છે. બેંગલુરુમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ, પુણેમાં ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ અને નૈનીતાલમાં આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઓબ્ઝર્વેશનલ સાયન્સ જેવી સંસ્થાઓ દ્વારા મુખ્ય યોગદાન આપવામાં આવ્યું છે. તેણે હાર્ડવેર, ઈન્સ્ટ્રુમેન્ટેશન, સોફ્ટવેર અને ૨૦૦ મિલિયન ડોલરના ભંડોળમાં મદદ કરી છે.

### થર્ટી મીટર ટેલિસ્કોપની વિશેષતાઓ

- પહેલો મિરર : પ્રાથમિક અરીસો 30 મીટરનો વ્યાસ ધરાવે છે અને તે ૪૯૨ ષટ્કોણ વિભાગોથી બનેલો છે.
- સેકન્ડરી મિરરઃ સેકન્ડરી મિરરમાં ૧૧૮ નાના હેક્સાગોનલ સેગમેન્ટ્સ છે.
- ત્રીજો મિરર : તૃતીય અરીસો ૩.૫ મીટર - ૨.૫ મીટરનો છે અને તે પ્રાથમિક અરીસાની વચ્ચે સ્થિત છે.



# લંકામાં આજથી ભારત-પાકના ટકરાવ સાથે વુમન્સ એશિયા કપનો પ્રારંભ



**વુમન્સ એશિયા કપમાં ૨ સેમિફાઈનલ અને ફાઈનલ સહિત કુલ ૧૫ મેચો રમાશે**

**અબતક, નવીદિલ્હી**

શ્રીલંકા ક્રિકેટે શુક્રવારે જાહેરાત કરી હતી કે ભારત ૧૯ જુલાઈ આવતીકાલથી મહિલા ટી૨૦ એશિયા કપના પ્રથમ દિવસે કટ્ટર હરીફ પાકિસ્તાનનો સામનો કરશે, જ્યારે યજમાન શ્રીલંકા તેની પ્રથમ મેચ બાંગ્લાદેશ સામે એક દિવસ પછી રમશે.

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા ઉપરાંત, જે ચાર ટીમો અંતિમ-ચાર તબક્કામાં સ્થાન મેળવવાની આશા રાખે છે, અન્ય ચાર ટીમો થાઈલેન્ડ, યુએઈ, નેપાળ અને મલેશિયા છે.

ભારતને પાકિસ્તાન, યું.એ.ઈ અને નેપાળની સાથે ગ્રુપ અમાં રાખવામાં આવ્યું છે, જ્યારે ગ્રુપ ઈમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, મલેશિયા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે. બે સેમી ફાઈનલ અને ફાઈનલ સહિત કુલ ૧૫ મેચો રમાશે. તમામ રમતોનું આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે અને સ્ટેડિયમ લોકો માટે મફતમાં રમતો જોવા માટે ખુલ્લું રહેશે, મીડિયા રિલીઝમાં જણાવાયું છે.

શ્રીલંકા ક્રિકેટ અને એશિયન ક્રિકેટ કાઉન્સિલની કાર્યકારી સમિતિએ સંયુક્ત રીતે રવિન વિક્રમરત્નેને ટુર્નામેન્ટ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. શ્રીલંકા ક્રિકેટ, એશિયન ક્રિકેટ કાઉન્સિલના સમર્થન સાથે, અત્યંત સફળ ટુર્નામેન્ટનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યું છે, કારણ કે આ ટુર્નામેન્ટનું સફળ પરિણામ વૈશ્વિક સ્તરે મહિલા ક્રિકેટને આગળ વધારવામાં મદદ કરશે,'' વિક્રમરત્નેએ જણાવ્યું હતું, જેઓ શ્રીના ડિરેક્ટર છે. લંકા ક્રિકેટના ઉપપ્રમુખ પણ છે.

# ‘‘લિજન્ડ’’ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં આજે ફાઈનલમાં પાક સામે ભારત ટકરાશે

## સેમિ ફાઇનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૮૬ રને આપી મ્હાત જ્યારે પાકિસ્તાને વેસ્ટ ઇન્ડિઝને ૨૦ રને હરાવ્યું

**અબતક, નવીદિલ્હી**

વર્લ્ડ કપ વિજેતા યુવરાજ સિંહની આગેવાની હેઠળની ભારતીય ટીમે શુક્રવારે નોર્થમ્પટનમાં રમાયેલી બીજી સેમીફાઈનલમાં ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને ૮૬ રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ૨૫૫ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા બ્રેટ લીની આગેવાની હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ ૨૦ ઓવરમાં માત્ર ૧૬૮ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. બીજી તરફ સેમીફાઈનલમાં પાકિસ્તાને નોર્થમ્પટનમાં વેસ્ટ ઈન્ડિઝને ૨૦ રને હરાવ્યું હતું. યુનિસ ખાનની આગેવાની હેઠળની ટીમે કેરેબિયન ટીમને ૧૯૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો, પરંતુ કેરેબિયન ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૭૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે ફાઈનલ મેચ ૧૩ જુલાઈએ ઈંગ્લેન્ડના બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર રમાશે. ડબલ્યુ.સી.એલ લીગ સ્ટેજની મેચમાં ભારતને પાકિસ્તાન સામે ૬૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો અને યુવરાજ સિંહની ટીમ પાકિસ્તાન પાસેથી એ હારનો બદલો લેવા બેતાબ છે. પ્રથમ બેટિંગ કરતા ઈન્ડિયા ચેમ્પિયન્સે તેના ચાર બેટ્સમેનોની તોફાની અડધી સદીના કારણે ૬ વિકેટે ૨૫૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ટીમ માટે રોબિન ઉથપ્પા, કેપ્ટન યુવરાજ સિંહ, યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણે અર્ધસદી ફટકારી હતી.

યુવરાજે ૨૮ બોલમાં ચાર ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૫૯ રન, ઉથપ્પાએ ૩૫ બોલમાં છ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૬૫ રન બનાવ્યા હતા, જ્યારે યુસુફે ૨૩ બોલમાં ચાર ચોગ્ગાની મદદથી અણનમ ૫૧ રન બનાવ્યા હતા. એટલી જ સિક્સર અને ઈરફાને માત્ર ૧૯ બોલમાં ત્રણ ચોગ્ગા અને પાંચ આકાશી છગ્ગાની મદદથી ૫૦ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ભારતના આ વિશાળ લક્ષ્યના જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૭ વિકેટે ૧૬૮ રન જ બનાવી શકી હતી. ટીમ માટે ટિમ પેને સૌથી વધુ અણનમ ૪૦ રન બનાવ્યા હતા. તેના સિવાય નાથન કુલ્ટર નાઈલે ૩૦ રનનું યોગદાન આપ્યું હતું. ઈન્ડિયા ચેમ્પિયન્સ તરફથી ધવલ કુલકર્ણી અને પવન નેગીએ બે-બે વિકેટ લીધી હતી.



---

## ટીઆરપી ગેમ ઝોન સહિત કરૂણાંતિકાઓના પીડિતોને ન્યાય અપાવવા જનજાગૃતિ માટે

# ૧ ઓગસ્ટથી કોંગ્રેસની ન્યાય યાત્રાઃરાહુલ ગાંધી પણ જોડાશે

## રાહુલ ગાંધી પીડીતો ને મળ્યા પછી સરકાર જાગી પીડીતોને ન્યાય આપવાની લડત પરિણામ સુધી ચાલુ રખાશેઃ લાલજીભાઈ દેસાઈ

**અબતક-રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને રાજ્યભરમાં હાહા કાર મચાવનાર રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ ના પીડિત પરિવારોને ત્વરિત ન્યાયની માંગ સાથે કોંગ્રેસે એક ઓગસ્ટથી ૧૫ મી ઓગસ્ટ સુધી રાજ્યમાં ન્યાય યાત્રા ની જાહેરાત કરી છે આ યાત્રામાં સંભવિત રીતે રાહુલ ગાંધી જોડાય તેવી શક્યતા સાથે આજે રાજકોટના સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી અને સેવાદળના લાલજીભાઈ સાથે ગાયત્રીબાજાડેજા, રણજીતભાઈ મુંધવા, ગજેન્દ્રસિંહ ઝાલા, અતુલભાઈ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, પાલભાઈ આંબલીયા, જશવંતસિંહ ભટ્ટી સંજયભાઈ અજુદીયા રાજદીપસિંહ જાડેજા ડીપી મકવાણા સુરેશભાઈ બથવાર રોહિત સિંહ રાજપુત સહિતના આગેવાનો ની હાજરીમાં યોજાયેલી પત્રકાર પરિષદ માં પીડિત પરિવારો ના મુખ્યમંત્રી સાથેની બેઠક અંગે થયેલ અનુભવ ની ચર્ચા કરવામાં આવી હતી

ટીઆરપી ગેમ ઝોન ના પીડિત પરિવારના તુષારભાઈ ધારેચા એ જણાવ્યું હતું કે આ દુર્ઘટના પછી કોર્પોરેટર ધારાસભ્ય સાંસદ કોઈ ખબર પૂછવા આવ્યું ન હતું રાહુલ ગાંધી મળ્યા પછી મુખ્યમંત્રીએ બોલાવ્યા અમે ૧૨ મુદ્દા ની માંગ કરી છે જેમાં તટસ્થ અધિકારીઓ દ્વારા તપાસ ની માંગ અને યોગ્ય વળતર ની માંગ મૂકી છે તેમણે સીટની કાર્યવાહી સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ હાઈકોર્ટના નિવૃત્ત જ દ્વારા તપાસ સમિતિની માંગ કરી છે તપાસની અધિકારીઓ પર ભરોસો ન હોવાનું જણાવી કહ્યું હતું કે ત્રણ કરોડનો ફ્રોડ થયાનો અધિકારી પર આક્ષેપ થાય છે તેમની પર ભરોસો કેમ કરવો તેમણે આક્ષેપ

(અનુ. આઠમા પાને)



તસવીરઃ શૈલેષ વાડોલિયા

# વિમ્બલડનના દિલધડક સેમિફાઈનલમાં પૂર્વ ચેમ્પિયન કાર્લોસે ડેનિલને હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો


## લોરેન્ઝોને હરાવી જોકોવીચ આવતીકાલે કાર્લોસ સામે ફાઈનલ જંગ ખેલશે

**અબતક, નવીદિલ્હી**

સ્પેનના કાર્લોસ અલ્કારાઝે રશિયાના ડેનિલ મેદવેદેવને હરાવી વિમ્બલ્ડનની ફાઈનલમાં પ્રવેશ કર્યો જ્યાં તેનો સામનો નોવાક જોકોવિચ સાથે થશે. જો અલ્કારાઝ, તેણીનો ૨૧મો જન્મદિવસ ઉજવવાના થોડા મહિના દૂર છે, તો તે તેણીનો સતત બીજો વિમ્બલ્ડન અને ચોથો ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ હશે. તેણે મેદવેદેવને ૬-૭, ૬-૩, ૬-૪, ૬-૪ થી હરાવ્યો હતો.

જીત બાદ તેણે કહ્યું, એવું લાગે છે કે હું હવે નવો નથી. હું જાણું છું કે ફાઈનલમાં રહેવું કેવું લાગે છે. હું પહેલા પણ રમ્યો છું અને તે જ પ્રદર્શનનું પુનરાવર્તન કરીશ. ગત વખતે પણ તેણે ફાઈનલમાં જોકોવિચનો સામનો કર્યો હતો. જોકોવિચે ૨૦૧૪ અને ૨૦૧૫માં રોજર ફેડરરને હરાવ્યા બાદ સળંગ બે ફાઈનલ પ્રથમ વખત એક જ વિરોધીઓ વચ્ચે રમાશે. જોકોવિચ આ સિઝનમાં કોઈપણ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી શક્યો

(અનુ. આઠમા પાને)



# જીનિયસના વિદ્યાર્થીઓને સ્માર્ટ ઈન્વેસ્ટ માટે અપાયું માર્ગદર્શન

## ધોરણ ૯ થી૧૨ ના વિદ્યાર્થીઓ ખુબ ઉત્સાહ સાથે જોડાયા

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી જીનિયસ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, ટીમવર્કની મહત્વતાની સમ અને જવાબદાર નાગરિક તરીકે સમાજમાં પ્રસ્થાપિત થવાના ગુણોનો વિકાસ થાય તેવા ઉદ્દેશથી ઈન્વેસ્ટિચર સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ ૦૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ ખુબ ઉત્સાહ સાથે જોડાયા હતા. આ

(અનુ. આઠમા પાને)



# અંબાણી પરિવારના લગ્નમાં શાહી ઠાઠ





## અનંત અને રાધિકા લગ્નના તાંતણે બંધાયા

### કાશીની થીમ પર લગ્ન પરિસર સજાવાયુ : આજે’ શુભ આશિર્વાદ’ કાર્યક્રમમાં ખાસ મહેમાનોનું ડિનર હશે કાલે’ મંગળ ઉત્સવ’માં ટોચની હસ્તીઓની હાજરીમાં રિસેપ્શાન







રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અને ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ ના દિગગજ વિરેન મર્ચન્ટ ના પુત્રી રાધિકા ૧૨ જુલાઈએ લગ્નના તાંતણે બંધાયા આ લગ્નમાં અંબાણી પરિવારે કોઈ કસર બાકી રાખી નહોતી. લગ્નમાં અંબાણી પરિવારનો ઠાઠ ને વટ જોવા મળ્યો હતો. દુલ્હન રાધિકાની વાત કરીએ તો તે રાજકુમારી કરતાં સહેજેય ઓછી લાગતી નથી. ડેકોરેશનની થીમ ’એન ઑડ ટુ વારાણસી’ રાખવામાં આવી હતી. લગ્નના ડેકોરેશનમાં મિની કાશી જોવા મળ્યું હતું. જિયો વર્લ્ડ સેન્ટરમાં વરઘોડો, વરમાળા બાદ અનંત-રાધિકાએ સાત ફેરા ફર્યાં હતાં. જાન ૧૨ જુલાઈએ બપોરે સાડાચાર વાગ્યે એન્ટિલિયાથી નીકળીને જિયો વર્લ્ડ સેન્ટરમાં આવી હતી. લગ્નમાં દેશ-વિદેશના મહેમાનો ઉપરાંત બોલિવૂડના અનેક સેલેબ્સ સામેલ થયા હતા. જાનમાં ખુશી કપૂર, સારા અલી ખાન, અનન્યા પાંડે, રજનીકાંત, શાહરુખ-સલમાન, વરુણ ધવન, અર્જુન કપૂર સહિત અનેક સ્ટાર્સ નાચ્યાં હતાં.





રાધિકાએ અંગ્રેજીમાં તો અનંતે હિંદીમાં વચન આપ્યાં રાધિકાએ અંગ્રેજીમાં અનંતને વચન આપતાં કહ્યું હતું, ’આપણા ઘરમાં પ્રેમ ને સુખ-શાંતિનો વાસ હશે. આપણે ગમે ત્યાં હોઈશું હંમેશાં સાથે જ રહીશું.’ અનંતે હિંદીમાં વચન આપતાં કહ્યું, ’રાધિકા, શ્રીકૃષ્ણના આશીર્વાદ, હું પ્રતિજ્ઞા કરુ છું કે આપણે સાથે મળીને આપણા સપનાનું ઘર બનાવીશું. આપણું ઘર માત્ર મકાન નહીં હોય, પરંતુ પ્રેમ ને સાથનો અહેસાસ હશે. આપણે ભલે ગમે ત્યાં રહીએ... જય શ્રીકૃષ્ણ....’

---

### અગાઉ અધિકારીઓએ થોડા દિવસ કાર્યવાહીનું નાટક કર્યું, હવે ફરી પરિસ્થિતિ જૈસે થે

### ઐતિહાસીક ગ્રાઉન્ડની જાળવણીમાં કોઈને રસ નહિ

# શાસ્ત્રી મેદાનની ફરી અવદશા

**કોઈ સિક્યુરિટી ગાર્ડ નહિ, એન્ટ્રી ગેઈટ પણ તોડી નખાયો: મેદાનની અંદર ફરી બસોના પાર્કિંગ શરૂ, કાટમાળના ઢગલા પણ ખડકાવા લાગ્યા**

## ગ્રાઉન્ડમાં કચરાના પણ ગંજ: અંદર રહેઠાણ પણ શરૂ થઈ ગયું, ચૂલા ચાલે છે કપડા ધોવાઈ છે અને સુકવાઈ પણ છે




**અબતક, રાજકોટ**

શહેરની અનેક મોટી ઈવેન્ટનું સાક્ષી એવું ઐતિહાસિક શાસ્ત્રી મેદાન અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યું છે. પણ કમનસીબે કલેકટર તંત્ર દ્વારા તેના ઉપર કોઈ પણ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું ન હોય હાલ શાસ્ત્રી મેદાનની અવદશા ચાલી રહી છે.

અગાઉના એક જિલ્લા કલેકટરે શાસ્ત્રી મેદાનમાં ફલાણી અને ઢીકણી સુવિધા ઉભી કરવાની અનેક આંબા આંબલી બતાવી હતી. તેઓએ આ અંગે પોતાની ખુરશી ઉપરથી અનેકવાર સતાવાર જાહેરાતો પણ કરી હતી. ઉપરાંત અનેક મિટિંગો પણ ભરી હતી. જો કે આ જાહેરાતો હવામાં ઓગળી ગઈ. છેલ્લે માત્ર શાસ્ત્રી મેદાનમાં ફરતે બાજુ દીવાલો અને ગેઈટ નાખીને સંતોષ માની લેવામાં આવ્યો છે.

ઉપરાંત તાનમાં આવી





તાજેતરમાં કલેકટર તંત્ર દ્વારા સિક્યુરિટી ગાર્ડને ડ્યુટી સોંપી શાસ્ત્રી મેદાનનું ધ્યાન રાખવામાં આવતું હોવાનો દેખાવ કર્યો હતો. આ સાથે અંદર બસો પાર્ક કરવાની મનાઈ ફરમાવી દેવામાં આવી હતી. ઉપરાંત ગેઈટને બંધ જ રાખી અંદર કોઈ કાટમાળના ઢગલા ખડકાઈ નહિ તેની તકેદારી રાખવાનું એલાન પણ કર્યું હતું.

પણ આ બધું એકાદ અઠવાડિયા માટે માંડ ટક્યું હતું. હવે તો આ ગ્રાઉન્ડ શહેરની મધ્યમાં ન્યુસન્સ પોઈન્ટ, કબાડ ખાનું અને પાર્કિંગની ગરજ સારે છે. અત્યારે આ ગ્રાઉન્ડમાં કાર અને બસ પાર્કિંગ, ઠેક ઠેકાણે કાટમાળના ખડકલા, કચરાના ગંજ જોવા મળે છે. આ ઉપરાંત ભંગાર થઈ ગયેલી લારીઓ પણ અહી મુકવામાં આવી છે. આ ઉપરાંત ગ્રાઉન્ડનો રહેઠાણ તરીકે પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમુક ફૂટપાથ ઉપર રહેતા પરિવારો અહીં અંદર રહેવા આવી ગયા છે તે મોજથી અહીં ચૂલા સળગાવે છે , કપડા સુકવે છે. અહીં મેઈન ગેઈટ તોડી નાખવામાં આવ્યો હોય રાત્રીના સમયે ગેરકાનૂની પ્રવૃત્તિ કરતા તત્વોના અડ્ડા પણ બની જાય છે.

ઉલ્લેખનીય છે કે આ ગ્રાઉન્ડનું સંચાલન જિલ્લા કલેકટર તંત્ર હસ્તક છે.



તસવીર: શૈલેષ વાડોલિયા



ગ્રાઉન્ડની યોગ્ય જાળવણીમાં કલેકટર તંત્ર ઉણું ઉતર્યું છે. હજુ જો કલેકટર તંત્ર આ ગ્રાઉન્ડની સુરક્ષામાં ધ્યાન કેન્દ્રિત નહિ કરે આવનારા દિવસોમાં ગ્રાઉન્ડની હાલત બદતર થઈ જશે.



**કલેકટર તંત્રની નિરસતાએ શાસ્ત્રી મેદાનને મલ્ટી પર્પઝ બનાવી દીધું: શહેરની મધ્યમાં આવેલ આ ગ્રાઉન્ડ ન્યૂસન્સ પોઈન્ટ, કબાડખાનું, પાર્કિંગની ગરજ સારે છે**

# વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતિથિએ ૨૯મીએ જેતપુરમાં મેગા સર્વરોગ-નિદાન કેમ્પ

## સિટી કાઉન્સીલ, ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ એશો, સિનર્જી હોસ્પિટલના સહયોગથી યોજાનારા સેવાયજ્ઞનો લાભ લેવા જનતા જર્નાદનને પૂર્વ મંત્રી જયેશભાઈ રાદડીયાની હાંકલ





**અબતક, કરણ બારોટ, જેતપુર**

સમગ્ર સૌરાષ્ટ્ર પંથકના ખેડૂતો અને ગરીબ લોકોના ઉત્કર્ષ માટે આજીવન સેવાના ભેખધારી લોકનેતા અને પૂર્વ સાંસદ વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિંમિતે શહેરની સેવાકીય સંસ્થા સીટી કાઉન્સીલ ઓફ જેતપુર તથા જેતપુર ડાંઈગ એન્ડ પ્રિન્ટીંગ એશોસીએશન દ્વારા તેમજ સિનર્જી હોસ્પીટલ, રાજકોટના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી તા.૨૯-૦૭-૨૦૨૪, સોમવારના રોજ સવારે ૦૯/૦૦ કલાકે થી બપોરે ૦૧/૦૦ કલાક સુધી લેઉવા પટેલ સમાજ, ધોરાજી રોડ, જેતપુર મુકામે રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના શુભ હસ્તે મેગા સર્વરોગ નિદાન કેમ્પનો શુભારંભ કરવામાં આવશે.

મેગા સર્વરોગ નિદાન કેમ્પમાં સિનર્જી હોસ્પીટલના નિષ્ણાત ડોકટરો જેવા ડો. કપિલભાઈ રાઠોડ – બીપી, ડાયાબીટીસ તથા ગંભીર રોગો માટે અને ડો. દિક્ષીત સવજીયાણી – હાડકા અને સાંધાના દર્દો માટે અને ડો. અરનબ ચટોપાધ્યાય – પેટ તથા આંતરડા ને લગતા રોગો માટે પોતાની દાક્તરી સેવાઓ આપશે. તેમજ ડો.શ્રુતિ ચોવટીયા – ગાયનેકોલોજીસ્ટ અને ડો. કેતન પરમાર – સ્ત્રી રોગ તથા આઈવીએફ નિષ્ણાત અને ડો. સુમીત ગાજીપરા – બાળ રોગ નિષ્ણાત તરીકે સંલગ્ન ક્ષત્રેમાં પોતાની દાક્તરી સેવાઓ આપશે. ડો. કેવીન અજુડીયા – જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જન તરીકેના નિષ્ણાત ડોકટર તરીકે સેવા આપશે, જયારે ડો.જીસન વાઘેલા (રેડિયોલોજીસ્ટ) દ્વારા જરૂરીયાતવાળા દર્દીને એક્સ રે અને સોનોગ્રાફી કરી આપવામાં આવશે. ડો.ભાવેશભાઈ સોલંકી – આંખના સર્જન દ્વારા આંખોના વિવિધ રોગના નિદાન કરી આપશે. તેમજ ગોંડલની ખ્યાતનામ આંખની હોસ્પીટલ શ્રીમતિ શારદા જહાકીયા હોસ્પીટલ દ્વારા વિના મુલ્યે આંખોના ઓપરેશન કરી આપવામાં આવશે તથા ખુશી ઓપ્ટીકલ દ્વારા આંખના નંબર તપાસીને જરૂરિયાતવાળા લોકને વિના મુલ્યે ચશ્મા આપવામાં આવશે. સદર મેગા સર્વ રોગ નિદાન કેમ્પમાં બીપી, ડાયાબીટીસ, SPO2, ECG, BMI જેવા રિપોર્ટ વિનામુલ્યે કરી આપવામાં આવશે તેમજ દરેક દર્દીઓને જરૂરી દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવશે.સીટી કાઉન્સીલ ઓફ જેતપુરના પ્રમુખ ચંદ્રેશભાઈ ધડુક, સેક્રેટરી વિનુભાઈ સિધ્ધપરા, પ્રોજેક્ટ ચેરમેન હેમતભાઈ ઢોલરીયા તેમજ જેતપુર ડાંઈગ એન્ડ પ્રિન્ટીંગ એશોસીએશનના પ્રમુખ જયંતીભાઈ રામોલિયા, ઉપપ્રમુખ સંજયભાઈ વેકરીયા, પ્રોજેક્ટ ચેરમેન મહેશભાઈ ગજેરા, સેક્રેટરી ચેતનભાઈ જોગી દ્વારા જેતપુર શહેર તથા ગ્રામ્ય વિસ્તારની જાહેર જનતાને મેગા સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે. આવા લોકસેવાના ઉમદા કર્યો થકી વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતિથિ નિમિતે સ્વર્ગસ્થ જે સમગ્ર પંથકના જન-જનમાં હદયસ્થ છે એવા મહાન આત્માને શ્રધ્ધાંજલી આપવાનો સૌનો સહીયારો નમ્ર પ્રયાસ છે. અને જેતપુર પંથક માં સેવાકીય કાર્યો કરતી દરેક સંસ્થાને હર હંમેશા સદાય તત્પર એવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાનું માર્ગદર્શન અને હૂંફ હંમેશા પ્રાપ્ત થાય છે.

# ‘આપ’ નગર રાજ બીલ લાવશે, સોસાયટીઓ ઈચ્છે તે પ્રમાણે બજેટ ફાળવાશેઃ ઈશુદાન ગઢવી

## ગુજરાતમાંથી ભાજપ સરકારને રવાના કરવાનો ‘આપ’નો ઈરાદો, મિશન વિસ્તારક કાર્યક્રમ પુરજોશમાં ચાલુઃ ઈશુદાન ગઢવી



તસ્વીરઃ નીશીત ગઢીયા

**અબતક, રાજકોટ**

આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતના તમામ ૫૫૦૦૦ બુથોના સંગઠન નિર્માણ માટે મિશન વિસ્તાર કાર્યક્રમની શરૂઆત કરી છે. આજે મિશન વિસ્તાર કાર્યક્રમ હેઠળ જુનાગઢ અને રાજકોટમાં બેઠક યોજવામાં આવી હતી.

આજની બંને મિટિંગમાં જૂનાગઢ અને રાજકોટ કોર્પોરેશનની આગામી ચૂંટણીને અનુલક્ષીને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ મિટિંગ બાદ પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીએ મીડિયાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પ્રદેશની તમામ ટીમો મિશન વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં જઈ રહી છે. આ મિશન વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત અમે જુનાગઢ અને રાજકોટની મુલાકાત લીધી. આગામી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સહિત તમામ ચૂંટણીઓની રણનીતિ અને જે પણ લોકો ચૂંટણી લડવા માંગતા હોય તે મુદ્દે આજે ચર્ચા કરવામાં આવી. આવનારા સમયમાં મહાનગરપાલિકાઓમાં અમે નગર રાજ બીલ રજૂ કરવાના છીએ તેના વિશે પણ ચર્ચા કરવામાં આવી. આ નગર રાજ બીલ અનુસાર જે પણ સોસાયટી ઈચ્છે તે પ્રમાણે બજેટ ફાળવવામાં આવશે તે પ્રકારની જોગવાઈ રજૂ કરવામાં આવશે.

જુનાગઢમાં ખૂબ જ સમસ્યાઓ વકરી ગઈ છે. કોર્પોરેશનની લગભગ તમામ સીટો ભાજપને આપ્યા બાદ આજે જનતા પસ્તાઈ રહી છે. ગટરની સમસ્યા છે, રોડ રસ્તાઓ નથી, પાણીની સમસ્યા છે, ગંદકીની સમસ્યા ખૂબ જ છે. સ્થાનિક વિસ્તારોમાં સારી હોસ્પિટલો અને સારી સ્કૂલો નથી. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આવનારા સમયમાં અમારી ટીમો સ્થાનિક કક્ષાએ કાર્યક્રમ કરશે. અમારો ઉદ્દેશ્ય ભાજપને સત્તાથી દૂર કરવાનો છે. જે રીતે ભગવાન રામ અને તેમની પ્રજાએ અયોધ્યામાં ભાજપને હરાવી તે જ રીતે ગુજરાતમાં પણ ભાજપને સત્તામાંથી દૂર કરવાનો અમારો ઉદ્દેશ છે. આગામી સમયમાં વાવ અને વિસાવદર વિધાનસભાની ચૂંટણી પણ આવશે એના માટે પણ અમે લાંબા સમયથી મજબૂત તૈયારીઓ કરી છે. આજે અરવિંદ કેજરીવાલજીને સુપ્રીમ કોર્ટ તરફથી જામીન મળ્યા છે. આ સત્યની જીત થઈ છે. કેજરીવાલજી અને સમગ્ર આમ આદમી પાર્ટીને ખતમ કરી નાખવા માટે નરેન્દ્ર મોદી અને અમિત શાહે પ્લાન બનાવ્યો હતો. પરંતુ કહેવત છે તે પ્રમાણે સત્ય પરેશાન થઈ શકે છે પરાજીત નહીં, તે વાત આજે આપણને સાચી થતી જોવા મળી. જ્યારે ઈડીના કેસમાં અરવિંદ કેજરીવાલજીને દિલ્હી કોર્ટ તરફથી જામીન મળ્યા ત્યારે તેઓ સુપ્રીમ કોર્ટમાં જઈને તે જામીન પર સ્ટે લઈ આવ્યા અને ત્યારબાદ ભબશ એ પણ તેમની ધરપકડ કરી. આના પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ ગમે તે ભોગે અરવિંદ કેજરીવાલજીને જેલમાં રાખવા માંગે છે. આની સાથે સાથે ભાજપે આમ આદમી પાર્ટીને તોડવાની ખૂબ જ કોશિશ કરી. એક બે ધારાસભ્યોને બાદ કરતા વધુ કોઈ ધારાસભ્યો તૂટ્યા નથી. અમને પૂરો વિશ્વાસ છે કે આજે જેમ ઈડીના કેસમાં અરવિંદ કેજરીવાલજીને જામીન મળ્યા છે તેમ ભબશ ના કેસમાં પણ જામીન મળશે.

# રાજ્યની તમામ યુનિવર્સીટી-કોલેજોમાં ઓફલાઈન પ્રવેશ આપવાનું શરૂ

## GCAS પોર્ટલ થકી જ રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓમાં અને સંલગ્ન કોલેજોમાં ફરજિયાત એડમિશન આપવાનો નિર્ણય નિષ્ફળ જતા હવે સીધો પ્રવેશ મેળવી શકાશે

**અબતક, રાજકોટ**

છેલ્લા કેટલાક સમયથી રાજ્યભરમાં GCASપોર્ટલ થકી જ રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓમાં અને સંલગ્ન કોલેજોમાં ફરજિયાત એડમિશન આપવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આ પ્રોજેક્ટ નિષ્ફળ જતા હવે કોલેજો અને યુનિવર્સિટીઓને ઓફલાઈન પ્રવેશ આપવાની રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે છૂટ આપી દીધી છે. હવે મેરિટ બનાવવા કે વેઈટિંગ રાખવાની કોલેજોએ મહેનત કરવી નહીં પડે પરંતુ જે કોલેજમાં કે યુનિવર્સિટીના ભવનમાં સીટ ખાલી હશે તેમાં સીધો જ ઓફલાઈન પ્રવેશ આપી દેવાશે. યુનિવર્સિટીએ હવે સત્તાવાર પરિપત્ર કરી દેવાતા કોલેજો અને ભવનોમાં ઓફલાઈન પ્રવેશ આપવાના શરૂ કરી દેવાયા છે. ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવ્યું, રૂ.૩૦૦-૩૦૦ લેખે રજિસ્ટ્રેશન ફી ભરી અને હવે સરકારે ઓનલાઈનને બદલે ઓફલાઈન પ્રવેશ આપવાની છૂટ આપી દેતા દળી દળીને ઢાંકણીમાં હોવાની સ્થિતિ સર્જાઈ છે. વિદ્યાર્થીઓ હવે પોતાને જે કોલેજમાં પ્રવેશ લેવો હશે તે કોલેજમાં જો સીટ ખાલી હશે તો ઓફલાઈન પ્રવેશ લઈ શકશે. કોલેજો પણ જે વિદ્યાર્થીઓને ઓફલાઈન એડમિશન આપે તેનો ડેટા GCAS પોર્ટલ પર મુકવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ઓફલાઈન પ્રવેશની પણ રૂ.૩૦૦ વિદ્યાર્થી પાસેથી ફી લેવા સૂચના આપવામાં આવી છે અને તે ફી યુનિવર્સિટીમાં અથવા GCAS પોર્ટલમાં જ જમા કરાવવામાં આવશે. છેલ્લા કેટલાક દિવસોથી વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ પર વિગતો અને ફી ભરવાને લઈને હેરાન થઈ રહ્યા હતા, કેટલાક વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં પણ પૈસા ખર્ચીને રજીસ્ટ્રેશન કરાવ્યું હતું પરંતુ હવે કોલેજોમાં અને યુનિવર્સિટીમાં ઓફલાઈન પ્રવેશ આપવાની છૂટ આપી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તાજેતરમાં જ પરિપત્ર કરીને કોલેજોને ઓફલાઈન પ્રવેશ આપવાની છૂટ આપી છે.

# ગ્રાન્ટ ઈન એડ કોલેજોમાં બી.એ. અને બી.કોમ.માં પ્રવેશ અવ્યવસ્થા

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સીટીમાં પ્રવેશ પ્રક્રિયા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ (જીસીએએસ)ની જોરશોર થી શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પૂરતા આયોજનના અભાવે સમગ્ર પ્રવેશ પ્રક્રિયામાં અવ્યવસ્થા ઉભી થઈ, વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મોટા પાયે અટવાયા, પ્રવેશ પ્રક્રિયા અંગે માહિતીનો અભાવ, પુરતી માહિતી અને માર્ગદર્શન માટે સ્થાનિક હેલ્પ સેન્ટરનો અભાવના પરિણામે અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મજબુરી થી ખાનગી યુનિવર્સીટીમાં ઉંચી ફી ભરીને પ્રવેશ લેવા માટે ફરજ પડી જે ઘણી જ ગંભીર બાબત છે. રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સીટીમાં અનામત વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશમાં તકલીફ પડી સાથો સાથ બિન અનામતના વિદ્યાર્થીઓને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો તે હકીકત છે.શિક્ષણ વિભાગના અણઘડ આયોજન, પુરતી માહિતી માટે હેલ્પ સેન્ટરોનો અભાવ, જીસીએએસ પોર્ટલ પર પણ પુરતી માહિતીનો અભાવ, ફીના ધોરણો, બેઠકોની સંખ્યા, વિષયોની માહિતી જેવી મૂળભૂત બાબતો પણ ઉપલબ્ધ કરવામાં આવી નહોતી. જેનાથી ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ભારે અસમંજસની સ્થિતિમાં અટવાઈ પડ્યા અને મોટા ભાગની યુનિવર્સીટીઓએ શરૂઆતમાં જ જીસીએએસમાંથી બહાર નીકળીને જાતે પ્રવેશ પ્રક્રિયા આરંભી દીધી હતી. શૈક્ષણિક સત્ર શરુ થવામાં વિલંબ થયો છે. પ્રવેશ પ્રક્રિયા કેટલો વખત ચાલશે તે ખુદ સત્તાધીશો જાણતા નથી અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પ્રવેશ માટે એક કોલેજ થી બીજી કોલેજ અટવાઈ રહ્યા છે.

# જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન પનાહ પ્રોજેક્ટ અંતર્ગત ગૌ માતાને ઘાસચારો અર્પણ

## ૩૫૦ ગૌમાતાને ઘાસચારો અને મેડિકલ સહાય પૂરી પાડવામાં આવી

**અબતક, રાજકોટ**

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનનાં પનાહ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટનાં મોરબી રોડ ઉપર આવેલ રતનપર ગામે શ્રીરામ મંદિર સામે કચ્છમાં દુષ્કાળ જેવી પરિસ્થિતી સર્જાતા ત્યાંથી ગૌપાલકો તેમની આશરે ૩૫૦ જેટલી ગાયો નિભાવવા રાજકોટ તરફ હીજરત કરીને અહીં આવેલ હતા. આ ગૌમાતાને જરૂરી ઘાસચારો તેમજ મેડીકલ સહાય પુરી પાડવાની સંપૂર્ણ જવાદારી પ્રોજેકટ પનાહનાં ચેરમેન અને જીવદયા કાર્યમાં સદાય અગ્રેસર એવા અંબાઆશ્રીત પરિવારનાં નિલેશભાઈ ભાલાણી (ભીમભાઈ) એ ઉપાડેલ હતી. રાજકોટથી ૧૭ કીલોમીટર દુર આ કેમ્પમાં અમીષભાઈ દોશી અને ચિરાગભાઈ દોશી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહયા હતા. જ્યારે કેમ્પનું ઉદ્દ્ઘાટન વાઈસ પ્રેસીડન્ટ જેએસજીઆઈએફ – મનીષભાઈ દોશીનાં વરદ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ આ કેમ્પમાં રહેલ આશરે ૩૫૦ થી વધારે ગૌમાતાને દાતાઓનાં સહયોગ થકી સતત ૪૦ દિવસ સુધી ઘાસચારો તેમજ મેડીકલ સહાય પુરી પાડવામાં આવેલ હતી. ગત તા.૨૮-૫-૨૦૨૪ મંગળવારથી આ જીવદયાનાં ઉત્તમ કાર્યનો પ્રારંભ કરવામાં આવેલ. જેમાં સૌપ્રથમ હિજરત કરીને આવેલ ગૌમાતાને મેડીકલ ટ્રીટમેન્ટની તાતી જરૂર હોવાથી તેમને તબીબીની ટીમ દ્વારા સારવાર આપવામાં આવેલ, નિલેશભાઈ ભાલાણીને આ જીવદયાનાં કાર્યમાં રાજકોટ તેમજ આસપાસનાં વિસ્તારમાં દાતાઓ દ્વારા અપ્રતિમ સહકાર મળેલ. જેમાં અંબાઆશ્રિત પરિવારનાં - નિલેશભાઈ ભાલાણી, શ્રી પંચવટી શ્વે.મુર્તિપૂજક જૈન સંઘ, ચિ.જીશા સમીપભાઈ કોઠારી, ભાવનાબેન હસમુખભાઈ શાહ પરિવાર, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મેઈન, એક ગુરુભકત પરિવાર, એક જીવદયા પ્રેમી, માતુશ્રી કંચનબેન શાંતિલાલ દામાણી પરિવાર – મેહુલભાઈ દામાણી, શ્રીમતી પારૂલબેન ધીરેનકુમાર કિશોરભાઈ શેઠ : લંડન – રાજેનભાઈ દોશી, , સાહિલ કામદારનાં જન્મ દિન નિમિતે – ચેતનભાઈ કામદાર, એક ગુરુભકત પરિવાર, પ્રશાંતભાઈ સંઘવી, રાજેનભાઈ દોશી, મેહુલભાઈ શાહ, વૈભવભાઈ સંઘવી, ભાવિનભાઈ ઉદાણી, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ સંગીની મીડટાઉન, નિરંજનાબેન કાંતિલાલ વસા તથા રાકેશભાઈ અનિલભાઈ ઉદાણી, રૂજુતા પાર્થ વાઘરનાં જન્મ દિન નિમિતે બિનાબેન અનીષભાઈ વાઘર, માતુશ્રી વસંતબેન હસમુખભાઈ વસા, અક્ષત હિરેનભાઈ પરીખ-સુરેન્દ્રનગર, પ્રશાંતભાઈ સંઘવી-ભાવિકભાઈ શાહ, પરેશભાઈ એમ. કોઠારી જૈન સોશ્યલ ગ્રુપ મેઈન, ભુપેન્દ્રભાઈ અવલાણી – જૈન સોશ્યલ ગ્રુપ મેઈન, પ્રીતીબેન શાહ જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ યુવા, જીવદયા ગોલ્ડન ગ્રુપ, ઉમેશભાઈ આર. ગાઠાણી, શૈલેષભાઈ પી. કામદાર, હરેશભાઈ એન. દોશી, મેહુલભાઈ દામાણી આ જીવદયા કેમ્પને સફળ બનાવવા કાર્યરત બનેલ હતા.

# કારની નુકશાનીનું વળતર મેળવવા કરેલી ફરીયાદ રદ

## અકસ્માત બાદ કારમાં ખામી જણાતા માલીક દ્વારા કંપની, ડિલર અને વિમા કંપની સામે દાદ માંગી તી

**અબતક, રાજકોટ**


લખનઉ આગરા હાઈવે પર થયેલા અકસ્માતમાં કારનું નુકસાની નું વળતર મેળવવા કાર માલિક દ્વારા મોરબી ખાતે ઈક્વિટી મોટર્સ અને હુનડાઇ કંપની સામે કરેલી ફરિયાદ મોરબી ગ્રાહક તકરાર કમિશને ફરિયાદ રદ કરતો મહત્વનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ મોરબી ખાતે આવેલા ઈક્વિટી મોટર્સ શોરૂમમાંથી અખિલેશ શર્મા શર૦ તાજ્ઞર્તિં કાર તારીખ ૨૪/ ૫ / ૨૦૧૯ ના રોજ રૂપિયા ૬.૬૪ લાખમાં ખરીદી કરી હતી બાદ અખિલેશ શર્મા આગરા લખનઉ હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. બાદ કાર માલિક દ્વારા લખનો ખાતેના કંપનીના શોરૂમમા રીપેર કરાવવા માટે આપી હતી પરંતુ કાર રીપેર કર્યા બાદ પણ કારમાં ખામી જણાતા કાર ટોટલ લોસ ,વળતર ચૂકવવા અથવા વાહન બદલી આપવા માટે કારના માલિકે ઈક્વિટી મોટર્સ , હુનડાઇ કંપની અને વાહનની વીમા કંપની સામે ગ્રાહક તકરાર કમિશન મોરબી સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી.

હુન્ડાઈ કંપની મદ્રાસ વતી સોની ધારાશાસ્ત્રી પી.આર.દેસાઈએ દલીલ કરેલીકે, હુન્ડાઈ કંપનીએ પોતાના ડીલરને કાર વેચેલી છે, અમે ડીલર સાથે એગ્રીમેન્ટ કરેલ છે, બન્ને કંપની વચ્ચે ‘‘માલીક ટુ માલીક‘‘ જેવો સબંધ છે. વિશેષમાં હુન્ડાઈની સ્પોર્ટસ કારમા ઉત્પાદનમા કોઈખામી હોય, તેવુ ફરીયાદી સાબીત કરી શક્યા નથી, અને ફરીયાદીની કારને લખનૌના કંપનીના શોરૂમમાપુરતી સર્વીસ આપી છે, વિશેષમા ફરીયાદીએ આઈ-૨૦ સ્પોર્ટસ કારમા કોઈ ખામી હોવાના નિષ્ણાંત ઓટોમોબાઈલ એન્જીનીયર કે અન્ય કોઈ એન્જીનીયરનો પુરાવો રજુ કરેલો નથી. ઉપરોકત હકીકતને ફરીયાદીએ ખરીદેલી કારમા મેન્યુફેકચર ડીફેકટ હોવાનુ ફરીયાદી સાબીત કરી શકેલા નથી, ફરીયાદી તથા ડીલર વચ્ચે ‘‘પ્રીન્સીપલ ટુ પ્રીન્સીપલ‘‘ રીલેશનશીપ હોય, ઉપરોકત હકીકત જોતા ગ્રાહક સુરક્ષા કમીશને ફરીયાદીની ફરીયાદ રદ કરી છે. કાર ઉત્પાદન કરતી ‘‘હુન્ડાઈ‘‘ કંપની વતી ધારાશાસ્ત્રી પી.આર.દેસાઈ અને તેઓની મદદમા એડવોકેટ કિરીટ વોરા, સુનીલભાઈ વાઢેર તથા સંજય નાયક રોકાયેલ હતા.

એક કદમ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય તરફ

# કરણસિંહજી હાઈસ્કુલના વિદ્યાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓથી કરાયા અવગત

## પ્રાદેશિક માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે ‘‘કારકિર્દી ઘડર વિષયક’’ સેમિનાર યોજાયો



**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીકાળમાં શિક્ષણનું મહત્વ અમૂલ્ય છે. એવામાં શિક્ષણ સાથે સરકારનો સહયોગ મળે તો જાણે સોનામાં સુગંધ ભળે. ત્યારે વિદ્યાર્થીઓનું ભાવિ સુવર્ણ બનાવવાના હેતુસર રાજકોટ શહેરમાં આવેલી કરણસિંહજી હાઈસ્કુલ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે ‘‘કારકિર્દી ઘડતર વિષયક’’ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમારે વિદ્યાર્થીઓએ વિનમ્રતા, શ્રેષ્ઠ શ્રોતા અને ઊંડાણપૂર્વક અભ્યાસના ગુણો કેળવવાની પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓના લાભો અને સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે ગુજરાત સરકારના વિવિધ પ્રકાશનો મહત્વના સાબિત થાય છે. જે વિદ્યાર્થીઓને શિક્ષણ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન જેવા દરેક ક્ષેત્રની કલ્યાણકારી યોજનાઓની માહિતી તો આપે છે. સાથોસાથ ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, લોકોત્સવો, મેળાઓ, નૃત્યો જેવી ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરે છે. આ ઉપરાંત, રોજગાર કચેરીના અધિકારી રાજેશભાઈએ વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કચેરીની વેબસાઈટ, ભરતી મેળાઓ, વિદેશ અભ્યાસ ઉપરાંત આર્મી, નેવી, અગ્નિવીરની ભરતીઓ જેવી રોજગાર સંબધી જાણકારીથી અવગત કર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગાર મેળવવા માટે સરકારના એમ્પ્લોયમેન્ટ કાર્ડ કઢાવી લેવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દીમાં ઉપયોગી સ્પર્ધાત્મક પરીક્ષાઓના સાહિત્ય અને રોજગાર વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને સરકારની સહાયથી શ્રેષ્ઠ કારકિર્દી ઘડીને પોતાના સપનાઓને સાકાર કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેમજ શિક્ષકોને કલ્યાણકારી યોજનાઓની પુસ્તિકાઓ ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રોજગાર સમાચારનું વાર્ષિક લવાજમ રૂ. ૩૦ અને ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦ છે. ત્યારે નજીવા દરે લવાજમ ભરવા ઈચ્છુકો પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ, જયુબિલી બાગ ખાતે સંપર્ક સાધી શકે છે.

આ કાર્યક્રમમાં રોજગાર કચેરીના ઓવરસીસ કાઉન્સિલર અમિતભાઈ ચૌહાણ, શાળાના આચાર્ય ટી. ટી. ચોવટીયા, શાળા સલાહકાર ભાવનાબેન ભોજાણી, માહિતી મદદનીશ રિધ્ધિબેન ત્રિવેદી, શિક્ષકો એમ. આર. ચાવડા, વી. કે. હુંબલ, એમ. એમ. મુછડીયા, જલ્પાબેન તન્ના, એ.ડી.વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મીલપરાના યુવકને ચેક પરત ફરવામાં ૧ વર્ષની સજા

## બિમાર માતાની સારવાર માટે લીધેલી રકમ પરત કરવા આપેલો ચેક બાઉન્સ

**અબતક, રાજકોટ**

શહેરમાં કલ્યાણ પાર્ક માં રહેતા યુવાને મિત્રતાના દાવે મિત્રને બીમાર માતાની સારવાર માટે આપેલી રકમ પરત કરવા આપેલો ચેક પરત ફરવાના ગુનામાં મિત્રને એક વર્ષની સજા ને ચેક ની રકમ મુજબ ૧.૫૦લાખનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કલ્યાણ પાર્ક શેરી નંબર ૧માં રહેતા પાર્થભાઈ નલીનભાઈ વ્યાસે મિલપરાશ શેરી નંબર ૬ માં રહેતા મિત્ર તેજસ કનુભાઈ ભગદેવના બીમાર માતાની સારવાર માટે દોઢ લાખ રૂપિયા ની આર્થિક મદદ કરી હતી. જે રકમ પરત કરવા તેજસભાઈએ ચેક આપેલો જે ચેક બેંકમાંથી પરત ફરતા જે અંગે કાયદાકીય જોગવાઈ પ્રમાણે વકીલ મારફતે નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ કરી હતી. જે કેસ ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ અને દસ્તાવેજી પુરાવા તેમજ સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે તેજસ કનુભાઈને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને વળતર પેટે ૧.૫૦ લાખ એક માસમાં ચૂકવી આપવા હુકમ કર્યો છે. જો સમય મર્યાદામાં રકમ ન ચૂકવે તો વધુ ૨ માસની સજા નો આદેશ કર્યો છે.આ કામમાં ફરિયાદી પાર્થભાઈ વ્યાસ તરફે યુવા ધારાશાસ્ત્રી રશ્મિબેન જોશી રોકાયા હતા.

# આવતા સપ્તાહે પ્રદેશ ભાજપ અધ્યક્ષના નામની ઘોષણા કરાય તેવી સંભાવના

## મુખ્યમંત્રી પદે પાટીદાર હોય પ્રદેશ અધ્યક્ષ તરીકે ઓબીસી ચહેરાને મુકવાની ભાજપની વ્યુહરચના

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના વર્તમાન અધ્યક્ષ સી.આર. પાટીલને કેન્દ્ર સરકારમાં જળ શકિત મંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓ પોતે હવે પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથ મુકત કરવા માટે આજીજી કરી રહ્યા છે. ભાજપ દ્વારા આગામી ૧૫મીથી સંગઠન મહાપર્વની ઉજવણીનો આરંભ થઈ રહ્યો છે. ત્યારે આવતા સપ્તાહે ગમે ત્યારે હાઈકમાન્ડ દ્વારા નવા અધ્યક્ષના નામની ઘોષણા કરી દેવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે. મુખ્યમંત્રી પદે પાટીદાર હોય પ્રદેશ પ્રમુખ તરીકે ઓબીસી ચહેરાને મુકવાની ભાજપ દ્વારા વ્યુહ રચના ઘડવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ ઓબીસી સમાજના ત્રણેક નેતાના નામ પ્રદેશ અધ્યક્ષની રેસમાં સમાંતર ચાલી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની મુદત ગત જુલાઈ-૨૦૨૩માં જ પૂર્ણ થઈ જવા પામી છે.દરમિયાન લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ભાજપ હાઈકમાન્ડ દ્વારા તેઓને યથાવત રાખવામાં આવ્યા હતા. લોકસભાની ચુંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ સરકારને બહુમતિ મળતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન પદે સત્તારૂઢ થયા છે. નવી સરકારમાં નવસારીના સાંસદ સી.આર. પાટીલને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓને જળ શકિત મંત્રાલયનો હવાલો સોંપવામાં આવ્યો છે. ભાજપમાં એક વ્યકિત એક હોદાનો નિયમ છે આ નિયમ અનુસાર પોતાને પ્રદેશ ભાજપ પ્રમુખની જવાબદારીમાંથી મુકત કરવા સી.આર.પાટીલે હાઈકમાન્ડ સમક્ષ માંગણી કરી છે. તાજેતરમાં સાળંગપુર ખાતે મળેલી ભાજપની કારોબારી

(અનુ. આઠમા પાને)

‘રાજકોટ આરટીઓમાં બેફામ ભ્રસ્ટાચાર થાય છે’

# ટ્વીટ કરીને સરકારી કચેરીને બદનામ કરનાર સંજય ધૂળકોટીયા વિરૂદ્ધ સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ

## અલગ-અલગ બે એક્સ એકાઉન્ટ પરથી કરાયા હતા અનેક ટ્વીટ

**અબતક, રાજકોટ**

‘રાજકોટ આરટીઓ કચેરીમાં બેફામ ભ્રસ્ટાચાર થાય છે, તમામ સરકારી કામો માટે પૈસા લેવામાં આવે છે અને કચેરીમાં પ્રજાના ડેટા સુરક્ષિત નથી’ તેવું ટ્વીટ કરીને સરકારી કચેરીને બદનામ કરવા મામલે સામાકાંઠા વિસ્તારમાં રહેતા સંજય ધૂળ કોટીયા નામના શખ્સ વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઈન્ચાર્જ આરટીઓ અધિકારી કેતન ખપેડએ જાતે ફરિયાદી બની સાયબર ક્રાઈમ પોલીસમાં કરેલી ફરિયાદ અનુસાર તેમને ગત તા. ૧ જૂનના રોજ એક ટ્વીટ ધ્યાનમાં આવ્યું હતું જેમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ’બિપિન જોશી’ નામના એક્સ એકાઉન્ટ પરથી કરવામાં આવેલ ટ્વીટમાં એવુ લખવામાં આવ્યું હતું કે, રાજકોટ આરટી મો કચેરી ખાતે થતાં તમામ સરકારી કામ માટે અલગ અલગ રૂપિયા લેવામાં આવતા હોય તથા કચેરીમાં ભ્રસ્ટાચાર થાય છે. જે બાદ અન્ય એક એક્સ એકાઉન્ટ ’ચિરાગ પરમાર’ પરથી આરટીઓ અધિકારી કેતન ખપેડ નામનો ઉલ્લેખ કરીને લખવામાં આવ્યું હતું કે, આરટીઓ રાજકોટ ખાતે તમામ કામ માટે પૈસા લેવામાં આવે છે તેમજ આરટીઓ કચેરીમાં પબ્લિકનો ડેટા સેફ નથી તથા આરટીઓ અધિકારી કે એમ ખપેડ ગરીબોના મોતના સોદાગર છે તેમજ અલગ અલગ કામ માટેમાં ભ્રસ્ટાચાર દ્વારા લેવામાં આવે છે. ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, આ બંને એકાઉન્ટમાંથી જે ટ્વીટ કરવામાં આવ્યું હોય તેમાં કોઈ જ તથ્ય ન હોય પણ આ બંને એકાઉન્ટ મારફત આરટીઓ કચેરી અને

(અનુ. આઠમા પાને)

# ધોલેરા-ભીમાનાથ નવી બ્રોડગેજ રેલવે લાઇન પ્રોજેક્ટ માટે રૂ. ૪૬૬ કરોડની ફાળવણી

## પ્રોજેક્ટ પૂર્ણ થતા ધોલેરા સર સંપૂર્ણ કનેક્ટીવિટી ઈકોસિસ્ટમ સાથે ડીએમઆઈસીનું અભિન્ન અંગ બનશે

**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ (લોજિસ્ટીક હબ) નવી બ્રોડગેજ રેલ્વે લાઈન પ્રોજેક્ટ માટે રૂ. ૪૬૬ કરોડ મંજૂર કર્યા છે, તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો અભાર વ્યક્ત કર્યો છે.

ધોલેરા ભીમાનાથ વચ્ચે ૨૩.૩૩ કિલોમીટરની આ નવી બ્રોડગેજ રેલ્વે લાઈનના પરિણામે ધોલેરાને સીધી રેલ્વે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

એટલું જ નહીં દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેટ કોરિડોર સાથે ધોઈલેરાને કનેક્ટિવિટી સુલભ થશે. આ રેલ્વે પ્રોજેક્ટ પૂર્ણ થતા ભવિષ્યમાં ધોલેરા સરના ઉદ્યોગો માટે ફિનિશ્ડ પ્રોડક્ટ્સ અને રો-મટિરિયલના આવાગમન માટે પણ ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ

(અનુ. આઠમા પાને)




# લેન્ડ ગ્રેબીંગના ૪૭ કેસ પૈકી ૧૬માં સમાધાનઃ ત્રણમાં એફઆઈઆર

## ૨૮ કેસને ડ્રોપ કરવા

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને સમયાંતરે લેન્ડ ગ્રેબીંગની બેઠક મળે છે. જેમાં આવેલા કેસ અંગે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવે છે ગઈકાલે મળેલી લેન્ડ ગ્રેબીંગની બેઠકમાં ૪૭ કેસ પૈકી ૧૬ કેસમાં સમાધાન કરવામાં ૧૬ કેસમાં સમાધાન કરાયા હતા. જ્યારે ૩ માં એફઆઈઆર દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે.

કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક યોજાઈ હતી.જેમાં લેન્ડ ગ્રેબિંગને અનુલક્ષીને ૪૭ કેસો પર કમિટી મેમ્બર્સ દ્વારા કેસ સ્ટડી બાદ ૩ કેસમાં એફ.આઈ.આર. નોંધવા નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે ૨૮ જેટલા કેસ ડ્રોપ કરવામાં આવેલા

(અનુ. આઠમા પાને)

